**आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ---ऋग्वेद १.८९.०१**
શ્રીમદ્ ભગવદ્ ગીતા
(મૂળપ્રતનું ગુજરાતી ભાષાંતર)
અંગ્રેજી મૂળપ્રત
શ્રી રામાનન્દ પ્રસાદ, પી.એચ.ડી.
ગુજરાતી અનુવાદ

કલાવતી પટેલ અને પ્રફુલ્લ સેલત

**Contacts:**
babukalapatel@yahoo.com, prafullashelat@juno.com,

આન્તર્રાષ્ટ્રીય ગીતા સોસાયટી, અમેરિકા
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સમીક્ષકોની દૃષ્ટિએ . . .
(અંગ્રેજીની ત્રણ આવૃતીઓની સમીક્ષાના કેટલાક અંશોનો ગુજરાતી અનુવાદ)

'..... એકદમ સુંદર, સરળ અને સુઘડ . વિવેચન કરવામાં આવેલા સાર્વભૌમિક સિદ્ધાન્ત કાવ્ય સૌન્દર્ય અને શૈલીથી પરીપૂર્ણ છે. દરેક અધ્યાયના અંતમાં જ્ઞાનથી ભરપુર, મધુર વિવેચન હૃદયમાં શાંતિનો અનુભવ કરાવે છે.....'

-- સ્વામી સત્યાનન્દ, દેવી મંદિર, કેલિફોર્નિયા

'....પ્રસાદજીની કુશળતાપૂર્ણ રજૂઆત, એકદમ સરળ, સહજ, બુદ્ધિગમ્ય અને નિરર્થક તીપ્પણીઓથી રહીત છે. એક ભવ્ય રચના, જેનું દરેક ગીતાનો અધ્યયન કરનાર સ્વાગત કરશે....'

-- હીન્દૂઈઝમ ટૂડે

'.... આ ભાષાંતરમાં નિષ્કામ સેવાના સિદ્ધાન્તો અને દર્શનની વ્યાખ્યા એકદમ સુંદરતાથી રજૂ થઈ છે....'

-- પ્રોફેસર શ્રીનિવાસ તિલક, કોન્કાર્ડિયા યૂનિવર્સિટી, કેનેડા

'.... ગીતાના આ ભાષાંતરમાં સંસ્કૃતનો વિવેકપૂર્ણ ઉપયોગ વાચકોને ગીતાનું અલૌકિક સૌન્દર્યનું દર્શન કરાવે છે. આ સહજતા, સૌષ્ઠવ, સ્પષ્ટતા અને કૃત્રિમતાના અભાવને કારણે વિશેષ છે, અને કોઇપણ સમ્પ્રદાયીક તરફેણથી રહીત હોવાથી વિશેષ સુન્દર છે....'

-- વેદાંત કેસરી, મદ્રાસ

'.... ગીતાના કોઈપણ ગંભીર વાચક માટે ગીતાનું આ ભાષાંતર લાભદાયી અને ઉપયોગી છે ....'

- પ્રબુદ્ધ ભારત, કલકત્તા

**Visit us on: http://www.gita-society.com/language/gujarati-verses.pdf**

॥ શ્રી ગણેશાય નમઃ ॥

અધ્યાય ૧ –અર્જુન વિષાદયોગ

ધૃતરાષ્ટ્ર બોલ્યા – હે સંજય, ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં ભેગા થયેલા યુદ્ધની ઈચ્છાવાળા મારા અને પાડુંના પુત્રોએ શું કર્યું ॥૧॥ સંજય બોલ્યા – પાડંવોની સેનાની વ્યૂહરચના જોઈ રાજા દુર્યોધને ગુરુ દ્રોણાચાર્ય પાસે જઈને કહ્યું ॥૨॥ હે આચાર્ય, આપના બુદ્ધિમાન શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન દ્વારા વ્યૂહરચનામાં ગોઠવાયેલી પાડુંના પુત્રોની આ મોટી સેનાને જુઓ ॥૩॥ આ યુદ્ધમાં ભીમ અને અર્જુન જેવા શૂરવીર મહાધનુર્ધારીઓ, મહારથી યુયુધાન, વિરાટ, દ્રુપદ,પરાક્રમી ધૃષ્ટકેતુ, ચેકીતાન, કાશીરાજ, પુરુષશ્રેષ્ઠ પુરુજિત, કુંતિભોજ, શૈબ્ય, મહાપરાક્રમી યુધામન્યુ, વીર્યવાન ઉત્તમૌજા, સુભદ્રાપુત્રો અને દ્રૌપદીના પુત્રો વગેરે મહારથીઓ ઊભા છે. ॥૪॥ ॥૫॥ ॥૬॥

## સેના નાયકોનો પરિચય

હે દ્વિજોત્તમ ! હવે આપણા પણ જે શ્રેષ્ઠ યોદ્ધાઓ છે તેઓ વિષે સાંભળો. આપણા સૈન્યના જે નાયકો છે તેમને હું તમારી જાણ માટે કહું છું. આપ સ્વયં તથા ભીષ્મપિતામહ, કર્ણ તથા યુદ્ધમાં જય પામનાર કૃપાચાર્ય, મહારથી અશ્વત્થામા, વિકર્ણ, સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા તથા જયદ્રથ અને બીજા ઘણા શૂરવીરો મારા માટે આ યુદ્ધભૂમિમાં જીવન સમર્પણ કરનારા છે, તેઓ બધા અનેક પ્રકારનાં શસ્ત્રો તથા હથિયારોવાળા અને નિપુણ છે. ॥૭॥ ॥૮॥ ॥૯॥ ભીષ્મપિતામહ વડે રક્ષાયેલું આપણું તે સૈન્ય સર્વ પ્રકારે અસીમ – અખૂટ છે, અને ભીમ વડે રક્ષાયેલં એમનું આ સૈન્ય તો સીમિત – મર્યાદિત છે. ॥૧૦॥ હવે અત્યારે બનાવેલા વ્યૂહના સર્વ પ્રવેશમાર્ગોમાં વિભાગ પ્રમાણે ઊભા રહી તમે બધાય ભીષ્મપિતામહનું જ સર્વ તરફ થી રક્ષણ કરવા તત્પર રહો ॥૧૧॥ દુર્યોધનના વચન સાંભળીને કૌરવોમાં વૃદ્ધ અને મહાપ્રતાપી ભીષ્મપિતામહે દુર્યોધનને હર્ષ ઉપજાવવા મોટી સિંહગર્જના કરીને પોતાના દિવ્ય શંખનો પ્રચંડ ઘોષ કર્યો ॥૧૨॥ તે સાથે જ શંખો, મૃદંગ, ઢોલ તથા રણશિંગાં એકસાથે વાગવા લાગ્યા આથી ત્યાં ઘણો મોટો અવાજ થયો ॥૧૩॥ ત્યાર પછી શ્વેત ઘોડા જોડેલા ઉત્તમ મોટા રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુને પણ પોતાના દિવ્ય શંખો વગાડવા માંડયા ॥૧૪॥ શ્રીકૃષ્ણે પોતાનો દિવ્ય પાંચજન્ય શંખ, અર્જુને દેવદત્ત શંખ અને ઉગ્ર કર્મ કરનાર ભીમે પૌંડ્ર શંખ વગાડ્યો ॥૧૫॥ કુંતીપુત્ર મહારાજ યુધિષ્ઠિરે અનંતવિજય શંખ, નકુળે સુઘોષ શંખ તથા સહદેવે મણિપુષ્પક નામનો શંખ વગાડ્યો ॥૧૬॥ તેમ હે રાજન્! મોટા ધનુષવાળા કાશીરાજ, મહારથી શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ તથા સાત્યકિ અને હે પૃથ્વીપતિ ! દ્રુપદ તથા દ્રૌપદીના પુત્રો અને મહાબાહુ અભિમન્યુએ પોતપોતાના જુદા જુદા શંખો વગાડ્યા ॥૧૭॥ ॥૧૮॥ આકાશ અને પૃથ્વીને ગજવતા તે ભયાનક કોલાહલે કૌરવોનાં હ્રદયોને ભયથી ચીરી નાખ્યા ॥૧૯॥

## અર્જુન દ્વારા યુદ્ધની ઇચ્છાવાળા યોદ્ધાઓને નિરીક્ષણ કરવાની ઇચ્છા

અર્જુન કહે : હે અચ્યુત ! મારા રથને બન્ને સેનાઓની વચ્ચે ઊભો રાખો. એટલે યુદ્ધ કરવા ઈચ્છતા સામે પક્ષે ઊભેલા યોદ્ધાઓને હું બરાબર જોઈ લઉં કે, આ રણભૂમિમાં મારે કોની કોની સાથે લડવાનું છે ! દુર્બુદ્ધિ દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય કરવા ઈચ્છતા જેઓ અહી આવ્યા છે, તે યોદ્ધાઓને હું સારી રીતે જોઈ લઉં ॥૨૪॥ ॥૨૫॥ અર્જૂને તે બંને સેનાઓમાં ઊભેલા પોતાના વડીલો, પિતામહો, આચાર્યો, મામા, ભાઈઓ, પુત્રો, પૌત્રો, મિત્રો, સસરા તથા સ્વજનોને જોયા. ત્યાં ઊભેલા તે સર્વ બાંધવોને સારી રીતે જોઈ અર્જુનના મનમાં ખેદ ઉત્પન્ન થયો. અર્જુન અત્યંત કરુણાથી બોલ્યોઃ ॥૨૬॥ ॥૨૭॥

## અર્જુનનો શોક

અર્જુન કહેઃ હે શ્રીકૃષ્ણ ! યુદ્ધ કરવા ઈચ્છતા આ સ્વજનોને સામે ઊભેલા જોઈ મારાં ગાત્રો ઢીલાં થતાં જાય છે, મુખ સુકાઈ રહ્યું છે, શરીરમાં કંપ થાય છે. ॥૨૮॥ ॥૨૯॥ મારા હાથમાંથી ગાંડીવ સરી પડે છે, મારો દેહ બળે છે. હું ઊભો રહી શકતો નથી ને મારું મન જાણે ભમે છે. ॥૩૦॥ વળી હે કેશવ ! મને વિપરીત ચિહ્નો દેખાય છે. યુદ્ધમાં સ્વજનોને મારીને હું કોઈ કલ્યાણ જોતો નથી. ॥૩૧॥ હે શ્રીકૃષ્ણ ! આ રીતે વિજય, રાજ્ય અને સુખોને હું ઈચ્છતો નથી. હે ગોવિંદ ! અમારે રાજ્યનો શો અર્થ ? આવા ભોગો કે જીવનથી પણ શું પ્રયોજન ? ॥૩૨॥ જેઓ માટે અમારે રાજ્ય અને સુખો ઈચ્છનીય છે, તેઓ તો પોતાના પ્રાણ તથા ધનનો મોહ ત્યજીને યુદ્ધ માટે ઊભા છે. ॥૩૩॥ અહી આચાર્યો, વડીલો, પુત્રો, પિતામહો, મામા, સસરા, પૌત્રો, સાળા અને બીજા સંબંધીઓ પણ છે. ॥૩૪॥ તેઓ મને મારી નાખે તોપણ અથવા ત્રણે લોકના રાજ્ય માટે પણ હું એમને મારવા ઈચ્છતો નથી; તો હે મધુસુદન ! પૃથ્વી માટે તેમને શા માટે મારું? ॥૩૫॥

હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને અમને શો આનંદ મળે? આ આતતાયીઓને મારવાથી અમને પાપ જ લાગશે ॥૩૬॥ માટે હે માધવ ! પોતાના ભાઈઓ - ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવા યોગ્ય નથી; કેમ કે અમે સ્વજનોને મારી સુખી કેવી રીતે રહેવાના? ॥૩૭॥ લોભથી વશ જેમનું જ્ઞાન નાશ પામ્યું છે તેવા આ કૌરવકુળના નાશથી થનારા દોષને અને મિત્રદ્રોહના પાપ વિષે વિચારતા નથી. ॥૩૮॥ પણ હે જનાર્દન ! કુળના નાશથી થનારા દોષને જોતાં અમારે આ પાપ શા માટે આચરવું જોઈએ? ॥૩૯॥

## અર્જુન દ્વારા યુદ્ધ વિરુદ્ધ દોષોનું વર્ણન

કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નાશ પામે છે અને કુળધર્મો નાશ પામતાં આખું કુળ અધર્મમાં દબાઈ જાય છે. ॥૪૦॥ હે કૃષ્ણ ! અર્ઘમના લીધે કુળની સ્ત્રીઓ દૂષીત થાય છે અને હે વાર્ષ્ણેય ! સ્ત્રીઓ દૂષિત થાય ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. ॥૪૧॥ વર્ણસંકર પ્રજા કુળનો ઘાત કરે છે અને આથી કુળ નરકમાં જાય છે; કેમ કે જેઓની પિંડ અને તર્પણક્રિયા નાશ પામી હોય, તેઓના પિતૃઓ નરકમાં જ પડે છે. ॥૪૨॥

કુળઘાતીઓના આ વર્ણસંકર થવાના દોષોથી સનાતન જાતિધર્મો તથા કુળધર્મો નાશ પામે છે. ।।૪૩।। હે જનાર્દન ! જેમના કુળધર્મ નાશ પામ્યા હોય એવા મનુષ્યોનો અનિશ્ચિત સમય સુધી નરકમાં વાસ થાય છે, એમ અમે સાંભળતા આવ્યા છીએ. ।।૪૪।।

## વિપરીત સમયમાં સશક્ત પણ ભ્રમિત થાય છે

અહો ! કેટલા ખેદની વાત છે કે અમે આવું મોટું પાપ કરવા તૈયાર થયા છીએ ! કારણકે રાજ્યસુખના લોભથી અમે સ્વજનોને મારવા તૈયાર થયા છીએ. ।।૪૫।। એના કરતાં ભલે શસ્ત્રરહિત અને સામનો નહિ કરતા મને શસ્ત્રધારી કૌરવ રણમાં મારો વધ કરે. તેમાં તો મારું વધુ કલ્યાણ થશે. ।।૪૬।। સંજય કહે : એમ કહી રણભૂમીમાં શોકથી વ્યાકુળ બનેલા મનવાળો અર્જુન બાણ સહિત ધનુષ ત્યજી દઈ રથની પાછલી બેઠક ઉપર બેસી ગયો. ।।૪૭।।

ૐ તત્સદિતિ પ્રથમોડધ્યાયઃ ।।૧।।

## દ્વિતીયોડધ્યાય-સાંખ્યયોગ

સંજયબોલ્યો-આ રીતે કરુણાથી ઘેરાયેલા,આંસુ ભરેલા,વ્યાકુળ નેત્રોવાળા, શોક કરતાં અર્જુનને ભગવાન કૃષ્ણએ કહ્યું. (૨.૦૧) શ્રીભગવાન બોલ્યા-હે અર્જુન, આ વિષમ અવસર પર તને આ કાયરતા કેવી રીતે પ્રાપ્ત થઈ? આ શ્રેષ્ઠ મનુષ્યોના આચરણથી વિરુદધ છે તથા આ ન તો સ્વર્ગ પ્રાપ્ત કરવાનું સાધન છે અને ન કીર્તિ આપનાર છે.(૨.૦૨) આથી હે અર્જુન, તું કાયર ન બન, આ તને શોભતું નથી. હે શત્રુઓને મારનાર અર્જુન, તું તારા મનની આ દુર્બળતા ત્યજીને યુદ્ધ કર.(૨.૦૩)

## અર્જુન દ્વારા યુદ્ધ-વિરોધી તર્કોને સાચવી રાખવા

અર્જુન બોલ્યો-હે મધુસુદન, હું આ રણભૂમિમાં ભીષ્મ અને દ્રોણની વિરુદ્ધ બાણોથી કેમ યુદ્ધ કરું? હે અરિસૂદન, તેઓ બન્ને પૂજનીય છે. (૨.૦૪) આ મહાનુભાવ ગુરુજનોને મારવા કરતાં આ લોકમાં ભિક્ષાનુ અન્ન ખાવું સારું, કારણ કે ગુરુજનોને મારીને આ લોકમાં એમના લોહીથી ખરડાયેલા અર્થ અને કામરૂપી ભોગોને જ ભોગવીશ. (૨.૦૫) અને અમે એ પણ નથી જાણતાં કે અમારે માટે (યુદ્ધ કરવું કે ન કરવું એ બંનેમાં) કયું કામ સારુ છે, અને એ પણ નથી જાણતાં કે અમે જીતીશું કે તેઓ જીતશે.જેને મારીને અમે જીવવા પણ નથી ઈચ્છતા, તે જ ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સામે ઊભા છે.(૨.૦૬)

એટલે કરુણાપૂર્ણ અને કર્તવ્યના માર્ગથી ભ્રમિત, હું તમને પૂછું છું કે મારે માટે જે નિશ્ચય જ કલ્યાણકારી છે તેને તમો કૃપા કરીને કહો. હું આપનો શિષ્ય છું. શરણમાં આવેલો મને તમો શિક્ષા (ઉપદેશ) આપો. (૨.૦૭) પૃથ્વી પર નિષ્કંટક સમૃદ્ધ રાજય અને દેવતાઓનું સ્વામિત્વ મળે તો પણ હું એવું કંઈ નથી જોતો, જેથી અમારી ઈન્દ્રિયોને સૂકવનારા શોકને ટાળી શકે. (૨.૦૮) સંજય બોલ્યો- હે રાજન નિદ્રાને જીતનાર, અર્જુન, અંતર્યામી શ્રી કૃષ્ણ ભગવાનને, હું યુદ્ધ નહીં કરૂં,- કહીને ચૂપ થઈ ગયો. (૨.૦૯) હે ભરતવંશી(ધૃતરાષ્ટ્ર) બંને સેનાઓની વચમાં શોક કરતાં અર્જુનને અન્તર્યામી શ્રી કૃષ્ણ હસતાં હસતાં આ વચન બોલ્યા. (૨.૧૦)

## આત્મા અને શરીરના સાચા જ્ઞાન માટે ગીતાનો ઉપદેશનો પ્રારંભ

શ્રી ભગવાન બોલ્યા-હે અર્જુન, તું જ્ઞાનિઓની જેમ વાત કરે છે, પરંતુ જેને માટે શોક નહીં કરવો જોઈએ, તેમને માટે શોક કરે છે. જ્ઞાની મરેલાં કે જીવતાં કોઈના માટે પણ શોક નથી કરતા. (૨.૧૧) એવું નથી કે હું કોઈપણ સમયે ન હતો, અથવા તું ન હતો કે આ રાજાઓ ન હતા અને એવું પણ નથી કે હવે પછી આપણે બધા નહીં હોઈએ. (૨.૦૧૨) જેમ આ જીવનમાં જીવાત્મા બાલ્ય, યૌવન અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે, તેમજ જીવાત્મા મૃત્યું પછી બીજુ શરીર પ્રાપ્ત કરે છે. આથી ધીર મનુષ્યે મૃત્યુથી ગભરાવું ન જોઈએ.(૧૫.૦૮ પણ જોવો) (૨.૧૩) હે અર્જુન, ઈન્દ્રિયોના વિષયોના સંયોગને કારણથી થતી ઠંડી-ગરમી અને સુખ-દુઃખ ક્ષણભંગુર અને અનિત્ય છે. માટે હે અર્જુન તું તેઓને સહન કર. (૨.૧૪) હે પુરુષશ્રેષ્ટ, દુઃખ અને સુખમાં સમાન ભાવથી રહેવાવાળા જે ધીર મનુષ્યને ઈન્દ્રિયોના વિષય વ્યાકુળ નથી કરી શકતાં, તે મોક્ષનો અધિકારી થાય છે. (૨.૧૫)

## આત્મા નિત્ય છે, શરીર અનિત્ય છે

અસત્ વસ્તુનો ભાવ (વાસ્તવિકતા) નથી અને સત્‌નો અભાવ નથી. તત્ત્વદર્શી મનુષ્ય (અસત્ અને સત્) બંનેને તત્ત્વથી જાણે છે. (૨.૧૬) એ અવિનાશી તત્ત્વને જાણો, જેના થકી આ સારુ જગત વ્યાપ્ત છે. આ અવિનાશીનો નાશ કરવા કોઈ પણ સમર્થ નથી. (૨.૧૭) આ અવિનાશી, અસીમ અને નિત્ય જીવાત્માના આ બધા શરીર નાશવાન કહેવાયાં છે. માટે હે ભરતવંશી અર્જુન, તું યુદ્ધ કર. (૨.૧૮) જે આ આત્માને મારનાર અથવા મરાયેલા માને છે, તેઓ બંને નથી સમજતા, કેમ કે આત્મા ન કોઈને મારે છે અને ન કોઈથી મરાય છે.(કઠો.ઉ.૨.૧૯માં એક સમાન્તર સ્લોક છે) (૨.૧૯) આત્મા કદી જન્મતો નથી અને મરતો નથી. આત્માનું હોવું

અથવા ન હોવું એવું નથી હોતું. આત્મા અજન્મા, નિત્ય શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવાથી એનો નાશ નથી થતો.(ક.ઠો.ઉ.૨.૧૮ પણ જોવ) (૨.૨૦) હે પાર્થ, જે મનુષ્ય આત્માને અવિનાશી, નિત્ય, અજન્મા અને અવ્યય જાણે છે તે કેવી રીતે કોને મરાવશે અને કેવી રીતે કોઈને મારશે (૨.૨૧)

## મૃત્યુ અને આત્માનો પુનર્જન્મની વ્યાખ્યા

જેમ મનુષ્ય પોતાના જૂનાં વસ્ત્રોને ઉતારી બીજા નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમજ જીવ મૃત્યુ પછી પોતાના જૂના શરીરનો ત્યાગ કરી નવું શરીર પ્રાપ્ત કરે છે. (૨.૨૨) શસ્ત્ર આ આત્માને કાપી નથી શકતો, અગ્નિ આને બાળી નથી શકતો, પાણી આને ભીંજવી નથી શકતુ અને પવન એને સૂકવી નથી શકતો, કારણ કે આત્માને છેદવો અશકય, બાળવો અશકય, ભીંજવવો અશકય અને સૂકવવો અશકય છે. આત્મા નિત્ય, સર્વગત, સ્થિર, અચળ અને સનાતન છે. (૨.૨૩-૨૪) આ આત્મા અવ્યકત, અચિંત્ય અને નિર્વિકાર કહેવાય છે માટે આત્માને એવો જાણીને તારે શોક ન કરવો જોઈએ. (૨.૨૫) હે મહાબાહો,જો તું શરીરમાં રહેવાવાળો જીવાત્માને નિત્ય જન્મનારો અને મરનારો પણ માને, તો પણ તારે શોક ન કરવો જોઈએ; કારણ કે જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચિત છે. અને મરનારનો જન્મ નિશ્ચિત છે. અથવા જે અટલ છે, તેના વિષયમાં તારે શોક ન કરવો જોઈએ. (૨.૨૬-૨૭) હે અર્જુન, બધા પ્રાણી જન્મ પહેલાં અપ્રકટ હોય છે અને મૃત્યુ પછી પણ અપ્રકટ થઈ જશે,કેવળ (જન્મ અને મૃત્યુની) વચમાં પ્રકટ દેખાય છે; પછી એમાં શોક કરવાની શું આવશ્યકતા છે.(૨.૨૮) કોઈ આ આત્માને આશ્ચર્યની જેમ જૂએ છે, કોઈ એનું આશ્ચર્યની જેમ વર્ણન કરે છે, કોઈ એને આશ્ચર્યની જેમ સાંભળે છે અને કોઈ એની બાબતમાં સાંભળીને પણ નથી સમજતા.(ક.ઠો.ઉ.૨.૦૭ પણજુઓ) (૨.૨૯) હે અર્જુન, બધાના શરીરમાં રહેવાવાળો આ આત્મા અવધ્ય છે, તેથી કોઈ પણ પ્રાણી માટે તારે શોક ન કરવો જોઈએ.(૨.૩૦)

## શ્રી કૃષ્ણ દ્વારા અર્જુનને ક્ષત્રિયના કર્તવ્યોનો આભાસ કરાવવો

તારા સ્વધર્મની દ્રષ્ટિએ પણ તારે તારા કર્તવ્યથી વિચલિત ન થવું જોઈએ, કારણ કે ક્ષત્રિય માટે ધર્મયુધ્ધથી મોટું બીજું કોઈ કલ્યાણકારી કામ નથી.(૨.૩૧) હે પૃથાનંદન, આમ પોતાને મેળે પ્રાપ્ત થયેલું યુધ્ધ સ્વર્ગના ખુલ્લા દ્વાર જેવું છે, જે સૌભાગ્યશાળી ક્ષત્રિયોંને જ પ્રાપ્ત થાય છે. (૨.૩૨) છતાં જો તું આ ધર્મયુદ્ધ નહિં કરે, તો પોતાનો સ્વધર્મ અને કીર્તિને ખોઈ પાપને પામીશ. (૨.૩૨) તથા બધા લોકો બહુજ દિવસો સુધી તારી અપકીર્તિની ચર્ચા કરશે. સન્માનિત વ્યકિતને માટે અપમાન મૃત્યુથી પણ અધિક છે.(૨.૩૪) મહારથી લોકો તને યુદ્ધથી ડરીને ભાગી ગયેલો માનશે અને જેને માટે તું બહુજ માનનીય છે તેની દૃષ્ટિએ તું નીચો પડી જશે.(૨.૩૫) તારા શત્રુઓ તારી સામર્થ્યની નિંદા કરતાં તારી ઘણીજ બુરાઈ કરશે. તારા માટે આના કરતા વધારે દુઃખદાયી શું હોય શકે? (૨.૩૬) યુદ્ધમાં મરવાથી તું સ્વર્ગ જશે અથવા વિજય થઈ પૃથ્વીનું રાજય ભોગવીશ; એટલે હે કોન્તેય, તું યુદ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થા. (૨.૩૭) સુખ-દુઃખ, લાભ-હાનિ અને જીત-હારની ચિંતા ન કરી મનુષ્યને પોતાની શકિતની અનુસાર કર્તવ્ય-કર્મ કરવું જોઈએ. એવા ભાવથી કર્મ કરવાથી મનુષ્યને પાપ (એટલે કર્મ બંધન) નહિં લાગે.(૨.૩૮)

## કર્મયોગ, અથવા નિષ્કામ સેવાનું મહત્વ

હે પાર્થ, મેં સાંખ્યમતનું આ જ્ઞાન તને કહયું, હવે કર્મયોગના વિષે સાંભળ, જે જ્ઞાનથી યુકત થઈ તું કર્મબંધનથી મુકત થશે. (૨.૩૯) કર્મયોગનો આરંભ અથવા બીજનો નાશ જ નહિ થાય તથા વિરૂધ્ધ ફળ પણ નહિ મળે, આ નિષ્કામ કર્મયોગરુપી ધર્મનો થોડો જ અભ્યાસ પણ (જન્મ-મરણરુપી) મહાન ભયથી રક્ષા કરે છે. (૨.૪૦) હે અર્જુન, કર્મયોગી કેવળ ઈશ્વર પ્રાપ્તિનો જ દ્રઢ નિશ્ચય કરે છે; પરંતુ સકામ મનુષ્યોંની ઈચ્છાઓ
અનેક અને અનંત હોય છે.(૨.૪૧)

## વેદોંના વિષય ભૌતિક અને આધ્યાત્મિક જીવનની બે બાજુઓ છે

હે પ્રાર્થ, સકામી અવિવેકીજન, જેને વેદના મધુર સંગીતમયી વાણીમાં પ્રેમ છે, (વેદને યથાર્થ રુપથી નહીં સમજવાને કારણ) એવું સમજે છે કે વેદમાં ભોગો સિવાય બીજું કઇ છે જ નહિં.(૨.૪૨) તે કામનાઓથી યુકત, સ્વર્ગને જ શ્રેષ્ઠ માનનાવાળા, ભોગ અને ધનને પ્રાપ્ત કરવા વાળા અનેક ધાર્મિક સંસ્કારો ને બતાવે છે, જે પુનર્જન્મરુપી કર્મ ફળ ને દેનારી હોય છે. (કઠો.ઉ.૨.૦૫,ઈશ.ઉ.૦.૦૬ પણ જુઓ) (૨.૪૩) ભોગ અને ઐશ્વર્યએ જેના ચિત્ત હરી લીધા છે, એવી વ્યકિતના અંતઃકરણમાં ભગવત્ પ્રાપ્તિના દ્રઢ નિશ્ચય નથી હોતા અને તે પરમાત્માનું ધ્યાન નથી કરી શકતા. (૨.૪૪) હે અર્જુન, વેદો (ના કર્મકાંડ) ના વિષય પ્રકૃતિના ત્રણ ગુણોથી સંબંધિત છે, તું ત્રિગુણાતીત, નિર્દ્વન્દ્વ, પરમાત્મામાં સ્થિત, યોગક્ષેમ ન માનનાર તથા આત્મપરાયણ બન. (૨.૪૫) બ્રહ્મને તત્વથી જાણવાવાળાને માટે વેદોની એટલી જ આવશ્યકતા રહે છે, જેટલી મહાન સરોવરને પ્રાપ્ત કર્યા પછી એક નાના જળાશયની. (૨.૪૬)

## કર્મયોગના સિદ્ધાંત અને વ્યવહાર

ફક્ત કર્મ કરવાનું જ મનુષ્યના વશમાં છે, કર્મફળમાં નથી. એટલા માટે તું કર્મફળની આસક્તિમાં ન ફસાઇશ તથા પોતાના કર્મનો ત્યાગ પણ ન કર. (૨.૪૭) હે ધનંનજય, પરમાત્માનું ધ્યાન અને ચિંતનમાં સ્થિર થઇ, બધા પ્રકારની આસક્તિયોંનો ત્યાગ કર, તથા સફળતા અને અસફળતામાં સમાન થઇ, પોતાના કર્તવ્યકર્મોનું ભલીભાંતિ પાલન કર. મનના સમત્વ ભાવમાં રહેવું જ યોગ કહેવાય છે. (૨.૪૮) કર્મયોગથી સકામ કર્મ અત્યંત તુચ્છ છે; એટલે હે અર્જુન, તું કર્મયોગી બન, કારણ કે ફળની ઈચ્છા રાખવાવાળાને (અસફળતાનો ભય તથા) દુઃખ થાય છે. (૨.૪૯) કર્મ ફળની આસક્તિ ત્યાગ કરીને કર્મ કરવાવાળા નિષ્કામ કર્મયોગી આ જીવનમાં પાપ અને પુણ્યથી મુક્ત થઇ જાય છે, એટલે તું નિષ્કામ કર્મયોગી બન. (ફળની આસક્તિમાં અસફળતાનો ભય હોય છે. એટલા માટે કર્મ સારી રીતે થતા નથી.) નિષ્કામ કર્મયોગને જ કુશળતા પૂર્વક કર્મ કર્યું કહેવાય છે. (૨.૫૦) જ્ઞાની કર્મફળની આસક્તિને ત્યાગવાને કારણ જન્મ-મરણના બંધનથી મુક્ત થઇ જાય છે તથા પરમ શાંતિને પ્રાપ્ત કરે છે. (૨.૫૧) જ્યારે તારી બુધ્ધિ મોહરુપી મેલને પાર કરી જશે તે વખતે તું શાસ્ત્રમાંથી સાંભળેલા તથા સાંભળવા યોગ્ય વસ્તુઓથી પણ વૈરાગ્ય પ્રાપ્ત કરીશ. (૨.૫૨) જ્યારે અનેક પ્રકારના પ્રવચનોને સાંભળવાથી વિચલિત થયેલી તારી બુધ્ધિ પરમાત્માના સ્વરૂપમાં નિશ્ચળ રૂપે સ્થિર થઇ જશે, તે વખતે તું સમાધિમાં પરમાત્મા સાથે યુક્ત થઇ જશે. (૨.૫૩) અર્જુન બોલ્યો- હે કેશવ, સમાધિ પ્રાપ્ત, સ્થિર બુધ્ધિવાળા અથવા સ્થિતપ્રજ્ઞ મનુષ્યના કેવા લક્ષણ છે? સ્થિર બુધ્ધિવાળા મનુષ્ય કેવી રીતે બોલે છે, કેવી રીતે બેસે છે અને કેવી રીતે ચાલે છે. (૨.૫૪)

## આત્મજ્ઞાનીના લક્ષણ

શ્રી ભગવાન બોલ્યા- હે પાર્થ, જે વખતે સાધક પોતાના મનની સંપૂર્ણ કામનાઓનો પૂર્ણ રુપે ત્યાગ કરે છે અને આત્મામાં જ આત્માનંદથી સંતુષ્ટ રહે છે તે વખતે તેં સ્થિતપ્રજ્ઞ કહેવાય છ. (૨.૫૫) દુખમાં જેનું મન ઉદ્વિગ્ન ન થાય, સુખની જેને આકાંક્ષા ન થાય તથા જેના મનમાં રાગ, ભય અને ક્રોધ નષ્ટ થઇ ગયા હોય, એવા મુનિ સ્થિતપજ્ઞ કહેવાય છે. (૨.૫૬) જેને કોઈ પણ વસ્તુમાં આસક્તિ ન હોય, શુભને પ્રાપ્ત કરીને પ્રસન્ન ન થાય અને અશુભથી દ્વેષ ન કરે, તેની બુધ્ધિ સ્થિર છે. (૨.૫૭) જ્યારે સાધક બધી બાજુથી પોતાની ઈન્દ્રિયોંને વિષયોથી આવી રીતે સમેટી લે જેમ કે કાચબો (વિપત્તિના વખતે પોતાની રક્ષા માટે) પોતાના અંગોને સમેટી લે છે, ત્યારે તેની બુધ્ધિ સ્થિર સમજવી જોઇએ. (૨.૫૮) ઈન્દ્રિયોંને વિષયોમાંથી હટાવવાવાળા મનુષ્યોથી વિષયોની ઈચ્છા તો દૂર થઇ જાય છે, પરંતુ વિષયોની આસક્તિ દૂર નથી થતી. પરમાત્માના સ્વરુપને (તારતમ્ય વિદ્યા દ્વારા) ભલીભાંતિ સમજી સ્થિતપજ્ઞ મનુષ્ય (વિષયોંની) આસક્તિથી પણ દૂર થઇ જાય છે. (૨.૫૯)

## અનિયન્ત્રિત ઈન્દ્રિયોના દુઃષ્પરિણામ

હે કુંતીનંદન, સંયમનો પ્રયત્ન કરતાં જ્ઞાની મનુષ્યના મનને પણ ચંચળ ઈન્દ્રિયોં બળ પૂર્વક હરી લે છે. (૨.૬૦) એટલા માટે સાધક પોતાની સંપૂર્ણ ઈન્દ્રિયોંને વશમાં રાખીને મારામાં શ્રદ્ધાપૂર્વક ધ્યાનમાં બેસે; કારણ કે જેની ઈન્દ્રિયોં વશમાં હોય છે, તેની બુધ્ધિ સ્થિર હોય છે. (૨.૬૧) વિષયોનું ચિંતન કરવાથી વિષયોંમાં આસક્તિ થાય છે, આસક્તિથી (વિષયોને સેવન કરવાથી) ઈચ્છા ઉત્પન્ન થાય છે અને ઈચ્છા (પૂરી ન થવાથી) થી ક્રોધ ઉત્પન્ન થાય છે. (૨.૬૨) ક્રોધથી સંમોહ એટલે અવિવેક ઉત્પન્ન થાય છે. સંમોહથી મન ભ્રષ્ટ થાય છે. મન ભ્રષ્ટ થવાથી બુધ્ધિ નાશ થાય છે અને બુધ્ધિનો નાશ થવાથી મનુષ્યનું પતન થાય છે. (૨.૬૩) રાગદ્વેષથી રહિત સંયમી સાધક પોતાની વશમાં રાખેલી ઈન્દ્રિયોં દ્વારા વિષયોંને ભોગવવા છતાં શાંતિ પ્રાપ્ત કરે છે. (૨.૬૪) શાંતિથી બધા દુઃખોનો અંત આવે છે અને શાંતચિત્ત મનુષ્યની બુધ્ધિ શીઘ્ર (તરત) જ સ્થિર થઇ પરમાત્મામાં યુક્ત થઇ જાય છે. (૨.૬૫) (ઈશ્વરથી) અયુક્ત મનુષ્યના અંતઃકરણમાં ન ઈશ્વરનું જ્ઞાન થાય, ન ઈશ્વરની ભાવના થાય, ભાવનાહીન મનુષ્યને શાંતિ નથી મળતી અને અશાંત મનુષ્યને સુખ ક્યાંથી? (૨.૬૬) જેમ પાણીમાં તરતી નાવને તોફાન એના લક્ષ્યથી દૂર ધકેલે છે તેવી રીતે ઈંદ્રિયસુખ મનુષ્યની બુધ્ધિને ખોટા માર્ગે લઈ જાય છે. (૨.૬૭) માટે હે અર્જુન જેની ઈંદ્રિયો હંમેશા વિષયોના વશમાં નથી હોતી તેની બુધ્ધિ સ્થિર રહે છે. (૨.૬૮) બધા પ્રાણીઓ માટે જે રાત્રિ છે તેમાં સંયમી મનુષ્ય જાગતો રહે છે અને જ્યારે સાધારણ મનુષ્ય જાગે છે ત્યારે તત્ત્વદર્શી મુનિને માટે એ રાત્રિ સમાન હોય છે. (૨.૬૯) જેમ બધી નદીઓનાં પાણી સમુદ્રને વિચલિત ન કરતા પરિપૂર્ણ સમુદ્રમાં સમાઇ જાય છે, તેવી રીતે બધા ભોગ જે સંયમી મનુષ્યમાં વિકાર ઉત્પન્ન કર્યા વગર સમાઇ જાય છે, તે મનુષ્ય શાંતિ પ્રાપ્ત કરે છે, નહિ કે ભોગોંની કામના કરવાવાળા.(૨.૭૦) જે મનુષ્ય સર્વ કામનાઓને ત્યજી ઈચ્છારહિત, મમતારહિત તથા અહંકારરહિત બની વિચરણ કરે છે, તે શાંતિ પ્રાપ્ત કરે છે. (૨.૭૧) હે પાર્થ આ બ્રાહ્મી સ્થિતિ છે, જેને પ્રાપ્ત કરીને પછી મનુષ્ય મોહિત નથી થતો. અંત સમયમાં પણ

આ નિષ્ઠામાં સ્થિત થઇ મનુષ્ય બ્રહ્મનિવાર્ણ પ્રાપ્ત કરે છે.(૨.૭૨)

ૐ તત્સદિતિ દ્વિતીયોડધ્યાય. ॥૨॥
અધ્યાય ૩ કર્મ યોગ

અર્જુન કહે : હે જનાર્દન ! નિષ્કામ કર્મ કરતાં જ્ઞાનને જો તમે વધારે ઉત્તમ માનતા હો તો હે કેશવ ! તમે મને આવા ઘોર કર્મમાં કેમ જોડો છો? ॥૧॥ આપ આવા અટપટાં વાક્યોથી મારી બુદ્ધિને મુંઝવણમાં નાખી દો છો તેવું મને લાગે છે. તો બેમાંથી એક વસ્તુ નિશ્ચિત કરીને કહો કે જેથી હું શ્રેય ને પ્રાપ્ત થાઉં. ॥૨॥ શ્રી ભગવાન બોલ્યા : હે નિષ્પાપ ! આ લોકમાં જ્ઞાનયોગ વડે જ્ઞાનીઓની અને કર્મયોગ વડે યોગીઓની, એમ બે પ્રકારની કર્તવ્ય તત્પરતા મેં પહેલા કહી છે. ॥૩॥ મનુષ્ય કેવળ કર્મો ન કરવાથી નિષ્કામ ભાવ ને પામતો નથી; તેમજ કેવળ કર્મોના ત્યાગથી સિદ્ધિને પણ પામતો નથી. ॥૪॥ ખરેખર કોઈપણ મનુષ્ય એક ક્ષણ પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી; કારણકે પ્રકૃતિના ગુણોથી પરવશ સર્વ પ્રાણીઓને કર્મ તો કરવા જ પડે છે. ॥૫॥ જે મૂઢપુરુષ કર્મેંદ્રિયોને રોકીને મન વડે ઇંદ્રિયોના વિષયોનું ચિંતન કરતો રહે છે, તે ઢોંગી કહેવાય છે. ॥૬॥

## અન્યની સેવા શા માટે ?

ખરેખર હે અર્જુન ! મન વડે ઈંદ્રિયોને નિયમમાં કરી ફળમાં આસક્તિ રાખ્યા વગર જે કર્મેંદ્રિયો વડે નિષ્કામ કર્મયોગનો આરંભ કરે છે, તે અતિ શ્રેષ્ઠ બને છે. ॥૭॥ તું ઈંદ્રિયોને નિયમમાં રાખી નિયત કર્મ કર; કેમકે કર્મ ન કરવા કરતાં નિષ્કામ કર્મ કરવા વધારે શ્રેષ્ઠ છે; અને કર્મ નહિ કરવાથી તારો શરીરનિર્વાહ પણ સિદ્ધ નહિ થશે. ॥૮॥ હે કૌંતેય ! યજ્ઞ માટેના કર્મ સિવાય ફક્ત પોતાના માટે કર્મ કરવાથી મનુષ્ય કર્મબંધનમાં બંધાય જાય છે; માટે ફલાસક્તિ ત્યજીને તું યજ્ઞ માટે કર્મ કર ॥૯॥

## પરસ્પર સહયોગ એ વિધાતાનો પ્રથમ સંકેત

કલ્પના અતંમાં યજ્ઞ સહિત પ્રજાઓનું સર્જન કરીને બ્રહ્માએ કહ્યું હતુંઃ 'આ યજ્ઞ વડે તમે વૃદ્ધિ પામો. એ તમારી ઈચ્છિત કામનાઓ આપનાર થાઓ'. ॥૧૦॥ 'આ યજ્ઞ વડે તમે દેવોને સંતુષ્ઠ કરો અને તે દેવો તમને સંતુષ્ઠ કરશે. એકબીજા ને સંતુષ્ઠ કરતા તમે પરમ કલ્યાણ પામશો'. ॥૧૧॥ 'કેમકે યજ્ઞ વડે પૂજાયેલા દેવો તમને ઈચ્છિત ભોગો આપશે. તેમણે આપેલા ભોગો તેમને સમર્પિત નહિ કરીને જે પોતે જ ભોગવે છે, તે ચોર જ છે.'॥૧૨॥ 'યજ્ઞથી વધેલું ભોજન લેનારા સત્પુરુષો સર્વ પાપોથી મુક્ત થાય છે; પરંતુ જે પાપીઓ પોતાના માટે જ રાંધે છે, તેઓ પાપ જ ખાય છે એમ સમજવું ॥૧૩॥ અન્નથી પ્રાણીઓ પોષાય છે, વરસાદથી અન્ન ઉત્પન્ન થાય છે, યજ્ઞથી વરસાદ થાય છે અને યજ્ઞ કર્મથી ઉત્પન્ન થાય છે. ॥૧૪॥ કર્મને વેદથી ઊપજેલું તું જાણ. શ્વેટ પરમાત્માથી ઉત્પન્ન થયા છે; માટે સર્વવ્યાપક પરમાત્મા જ યજ્ઞમાં સ્થિત રહેલા છે એમ તું સારી રીતે સમજી લે. ॥૧૫॥ હે પાર્થ ! એમ આ લોકમાં ચાલી રહેલા ચક્રને જે અનુસરતો નથી, તે પાપી જીવનવાળો તથા ઈંદ્રિયોમાં રમમાણ રહેનારો વ્યર્થ જ પોતાનું જીવન જીવે છે. ॥૧૬॥ પરંતુ જે મનુષ્ય આત્મામાં જ પ્રિતિવાળો, આત્મામાં જ તૃપ્ત તથા આત્મામાં જ સંતોષી રહે છે, તેને કશું કરવાનું રહેતું નથી. ॥૧૭॥ તે બ્રહ્મવેદને આ સંસારમાં કરેલાં કે નહિ કરેલાં કર્મથી કોઈ સ્વાર્થ કે સ્પૃહા હોતાં નથી; તેમ જ તેનો સર્વ પ્રાણીઓમાં કોઈની પણ સાથે સ્વાર્થ સબંધ હોતો નથી ॥૧૮॥ માટે કર્મ આસક્ત થયા વિના તું નિરંતર તારે યોગ્ય કર્મોનું સારી રીતે આચરણ કર; કેમકે આસક્તિરહિત થઈ કર્મ કરતો પુરુષ અવશ્ય પરમપદ ને પામે છે. ॥૧૯॥

## નેતાએ પોતે ઉદાહરણ બનવું જરુરી

કેમકે જનક વગેરે મહાત્મા કર્મ વડે જ પરમ સિદ્ધિ ને પામ્યા છે; વળી લોકસંગ્રહ માટે પણ તારે કર્મ કરવા જ જોઈએ. ॥૨૦॥ કેમકે શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ લોકો કરે છે. તે જેને પ્રમાણ બનાવે છે, તે અનુસાર લોકો પોતાનુ વર્તન કરે છે અને તેને અનુસરે છે. ॥૨૧॥ હે પાર્થ ! મારે ત્રણે લોકમાં કોઈ પણ કર્મ કરવાનું નથી કે કશું મેળવવાનું નથી; છતાં હું સતત કર્મ કરતો રહું છું ॥૨૨॥ હે પાર્થ ! કેમકે જો હું સાવધાન થઈ કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો મનુષ્યો સર્વ પ્રકારે મારા માર્ગને અનુસરે. ॥૨૩॥ એથી જો હું કર્મ ન કરું તો લોકો પણ અકર્મી બને. આથી આ લોકો નાશ પામે અને હું વર્ણસંકરનો કર્તા થાઉં. વળી આ પ્રજાઓનો પણ નાશ થાય. ॥૨૪॥ હે ભારત ! કર્મમાં આસક્ત અજ્ઞાનીઓ જેમ કર્મ કરે છે, તેમ આ લોકોને ટકાવવા ઈચ્છતા વિદ્વાન પુરુષે પણ અનાસક્ત થઈ કર્મ કરવું આવશ્યક છે. ॥૨૫॥ વિદ્વાન પુરુષે કર્મમાં આસક્તિવાળા અવિવેકીઓની બુદ્ધિમાં ભેદ ન ઉત્પન્ન ન કરવો, પણ પોતે જ્ઞાનયુક્ત છતાં સારી રીતે અજ્ઞાનીઓ પાસે સર્વ કર્મો કરાવવાં. ॥૨૬॥

## બદાંજ કર્મો પ્રકૃતિ કરે છે

સર્વ પ્રકારે કર્મો પ્રકૃતિના ગુણો વડે કરાય છે. છતાં અહંકારથી મૂઢ થયેલા અંતઃકરણવાળો મનુષ્ય 'હું કર્તા છું' એમ માને છે. ॥૨૭॥ હે મહાબાહો ! ગુણસ્વભાવને અને કર્મવિભાગના તત્ત્વને જાણનારો પુરુષ તો 'સર્વ ગુણો, ગુણોમાં વર્તે છે' એમ માની તેમાં જરાય આસક્ત થતો નથી. ॥૨૮॥ પ્રકૃતિના ગુણો વડે મોહ પામેલા મનુષ્યો દેહાદિ ગુણ તથા કર્મમાં આસક્ત થાય છે; પૂર્ણ વસ્તુ નહિ જાણનારા તે અજ્ઞાનીઓને પૂર્ણજ્ઞાની પુરુષે ચલિત ન કરવા જોઈએ. ॥૨૯॥ વિવેકી ચિત્ત વડે સર્વ કર્મો મારામાં અર્પણ કરી ફળની ઈચ્છા રાખ્યા વિના, મમતા વિના તથા શોકરહિત થઈ તું યુદ્ધ કર. ॥૩૦॥ જે મનુષ્યો મારા આ નિત્ય મતને દ્વેષબુદ્ધિથી રહિત થઈને પૂર્ણ શ્રદ્ધાથી આચરે છે, તેઓ પણ કર્મના બંધનથી અવશ્ય મુક્ત થાય છે. ॥૩૧॥ પરતું જેઓ અસુયા કરનારા મારા આ મત પ્રમાણે વર્તતા નથી, તે મૂર્ખાઓને તો તું બધા જ્ઞાનમાં મૂઢ અને નષ્ટ થયેલા સમજ. ॥૩૨॥ જ્ઞાની પણ પોતાના સ્વભાવ અનુસાર કર્મો કરે છે. બધાં પ્રાણીઓ સ્વભાવને અનુસરે છે; એમાં
પ્રકૃતિનો સ્વભાવિક ક્રિયાઓનો નિગ્રહ શું કરી શકે? ॥૩૩।

## પૂર્ણતાના માર્ગમાં બે અડચણો

પ્રત્યેક ઈન્દ્રિયને તેના વિષયમાં રાગ-દ્વેષ અવશ્ય રહેલા છે. તે રાગ-દ્વેષને કદી વશ ન થવું,કારણ કે તે રાગ-દ્વેષ જ મનુષ્યના વિવેકમાર્ગમા વિધ્ન કરનારા મહાશત્રુઓ છે. ॥૩૪॥ બીજાનો ધર્મ આચરવો સરળ હોય અને પોતાનો ધર્મ ગુણ વગરનો હોય તોપણ પોતાનો ધર્મ જ વધુ કલ્યાણકારક છે. પોતાના ધર્મમાં રહેતા મરણ આવે તે પણ કલ્યાણકારક છે, પરુંત બીજાનો ધર્મ તો ભયપ્રદ છે. માટે સ્વધર્મ જ આચરવો. ॥૩૫॥

## કામ પાપનું મૂલ છે

અર્જુન કહે : તો પછી હે કેશવ ! મનુષ્ય પોતે ન ઈચ્છતો હોવા છતાં પણ બળપૂર્વક કોઈ કામમા જોડવામાં આવ્યો હોય તેમ કોનાથી પ્રેરાઈને પાપનું આચરણ કરે છે ? ॥૩૬॥ શ્રીભગવાન બોલ્યાઃ રજોગુણથી ઉત્પન્ન થનારો આ કામ જ ક્રોધ છે. એ ઘણુ ખાનારો અને ભોગોથી કદી ન તૃપ્ત થનારો મહાપાપી છે. આ સંસારમાં આને તું મહાશત્રુ જાણ. ॥૩૭॥ જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાયેલો રહે છે, મેલથી આરસી ઢંકાઈ જાય છે અને ઓરથી ગર્ભ ઢંકાયેલો રહે છે, તેમ આ મહાશત્રુ કામ વડે મનુષ્યનું જ્ઞાન ઢંકાયેલુ રહે છે. ॥૩૮॥ હે કૌન્તેય ! કદી તૃપ્ત ન કરી શકાય એવો આ કામરૂપ અગ્નિ મનુષ્યનો નિત્યનો વેરી છે. જ્ઞાનીનું વિવેકજ્ઞાન એનાથી જ ઢંકાઈ જાય છે. ॥૩૯॥ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન અને બુદ્ધિ આનાં આશ્રયસ્થાન કહેવાય છે. આ કામરૂપી મહાશત્રુ જ્ઞાનને ઢાંકી દઈ શરીરધારીઓને મોહિત બનાવે છે. ॥૪૦॥ હે ભરતશ્રેષ્ઠ ! તેથી તું પ્રથમ ઈન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર આ પાપી કામનો તરત જ ત્યાગ કર. ॥૪૧॥

## કામ ઉપર વિજય કેવીરીતે મળે

શરીરથી આ ઈન્દ્રિયોને પર કહે છે, ઈન્દ્રિયોથી પર આપણું મન છે, મનથી પર બુદ્ધિ છે અને બુદ્ધિથી જે પર અને મહાન છે તે આત્મા છે. ॥૪૨॥ હે મહાબાહો ! એમ આત્માને બુદ્ધિથી પર જાણી, બુદ્ધિ વડે મનને વશ કરી અર્થાત્ આત્માને આત્મા વડે નિયમમાં કરી એ કામરૂપી દુર્જય શત્રુનો તું તરત જ નાશ કર. ॥૪૩॥

ૐ તત્સદિતિ તૃતીયઽધ્યાયઃ ॥૩॥

### અધ્યાય ૪ – જ્ઞાનકર્મસંન્યાસયોગ

## કર્મયોગ પુરાતન વિસ્મૃત સિદ્ધાન્ત છે

શ્રીભગવાન બોલ્યા : આ અવિનાશી જ્ઞાનયોગ મેં પૂર્વે સૂર્યને કહ્યો હતો, સૂર્યે મનુને કહ્યો હતો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો. ॥૪-૧॥ એમ પરંપરાથી પ્રાપ્ત થયેલા આ યોગને જનક વગેરે રાજર્ષિઓ જાણતા હતા. હે પરંતપ ! પરંતુ તે આત્મોદ્ધારક યોગ લાંબા કાળે આ લોકમાં નાશ પામ્યો છે. ॥૪-૨॥ તે જ આ પુરાતન યોગ આજે મેં તને કહ્યો છે, કેમકે આ પરમ ગતિ આપનારું ઊત્તમ રહસ્ય છેં. વળી તું મારો પ્રિય ભક્ત અને મિત્ર છે. ॥૪-૩॥ અર્જુન કહે : આપનો જન્મ હમણાંનો છે, અને સૂર્યનો જન્મ પુરાતન પહેલાંનો છે; તો આપે આ યોગ પૂર્વે સૂર્યને કહ્યો એમ હું શી રીતે સમજું? ॥૪-૪॥

## પ્રભુના અવતારનો ઉદ્દેશ

શ્રીભગવાન બોલ્યા : હે અર્જુન ! મારા અને તારા આ સિવાય ઘણા જન્મો થઈ ગયા છેં. તે બધા હું જાણું છું. હે પરંતપ ! તું નથી જાણતો.॥૪-૫॥ હું જન્મ રહિત, નિર્વિકારસ્વરૂપ અને સર્વ ભૂતોનો ઈશ્વર છું; છતાં પોતાની પ્રકૃત્તિનો આશ્રય કરી પોતાની માયા વડે આ લોકમાં જન્મ ધારણ કરું છું. ॥૪-૬॥ હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને અધર્મનું જોર વધી જાય છે, ત્યારે હું પૃથ્વી પર અવતાર ધારણ કરું છું. ॥૪-૭॥ સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રકટ થાઉં છું. ॥૪-૭॥ હે અર્જુન ! આમ મારા અલૌકિક જન્મ તથા દિવ્ય કર્મને જે તત્ત્વથી સમજે છે, તે દેહ ત્યજીને પુનર્જન્મ પામતો નથી, પણ મને પ્રાપ્ત કરે છે. ॥૪-૯॥ રાગ, ભય તથા ક્રોધ રહિત, મારામાં લીન બનેલા, મારો આશ્રય કરનારા અને જ્ઞાનરૂપ તપ વડે પવિત્ર થયેલા ઘણા લોકો મારું સ્વરૂપ પામ્યા છે. ॥૪-૧૦॥

## પ્રાર્થના અને ભક્તિનો માર્ગ

જેઓ જે પ્રકારે મારા શરણે આવી, મને ભજે છે, તેમને તે જ પ્રકારે હું ભજું છું અર્થાત્ મારામાં સ્થિત કરું છું. હે પાર્થ ! મનુષ્યો સર્વ પ્રકારે મારા જ માર્ગને અનુસરે છે. ॥૪-૧૧॥ આ લોકમાં કર્મોના ફળ ઈચ્છનારા મનુષ્યો દેવતાઓને પૂજે છે; કેમ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થનારા ફળની સિદ્ધિ તત્કાલ થાય છે. ॥૪-૧૨॥ ગુણો અને કર્મોના વિભાગ પ્રમાણે મેં ચાર વર્ણોનું સર્જન કર્યુ છે; તેનો કર્તા હું છું છતાં મને તું અકર્તા અને અવિકારી જાણ. ॥૪-૧૩॥ મને કર્મો સ્પર્શ કરતાં નથી; કેમ કે મને કર્મફળની ઈચ્છા નથી; એ રીતે જે મને જાણે છે, તે કર્મો વડે બંધન પામતો નથી. ॥૪-૧૪॥ આત્માને આ પ્રકારે સમજીને પૂર્વના મોક્ષની ઈચ્છા રાખનારાઓએ પણ કર્મ કરેલાં છે; માટે તારા પૂર્વજો એ તેમના પૂર્વજોનાં કરેલાં જે કર્મો કર્યા તે પૂર્વ કર્મોને તું પણ કર. ॥૪-૧૫॥

## સકામ, નિષ્કામ, અને નિષિદ્ધ કર્મ

કર્મ શું અને અકર્મ શું એનો નિર્ણય કરવામાં વિદ્વાનો પણ મોહને પામ્યા છે. તે કર્મ વિષે હવે હું તને બરાબર સમજાવીશ તેને જાણવાથી તું અશુભથી મુક્ત થઈશ.॥૪-૧૬॥ શાસ્ત્રવિહિત કર્મનું સ્વરૂપ જાણવું જોઈએ, કર્મનું તત્ત્વ જાણવું જોઈએ અને નિષ્કામ કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ કેમ કે કર્મની ગતિ ગહન છે. ॥૪-૧૭॥

## કર્મયોગીને કર્મબંધન નથી

વિહિત અને નિષિદ્ધ કર્મમાં અકર્મને અર્થાત્ કર્મના અભાવને અને અકર્મમાં કર્મને જે જુએ છે, તે મનુષ્ય બુદ્ધિમાન છે; તે યોગયુક્ત છે અને સર્વ કર્મ કરનારો છે. ॥૪-૧૮॥ જેના સર્વ આરંભેલા કર્મો કામનાઓથી ને સંકલ્પોથી રહીત હોય તથા જેના કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળીને નષ્ટ થઈ ગયા હોય, તેને જ્ઞાનીઓ પંડિત કહે છે. ॥૪-૧૯॥ કર્મફળની આસક્તિ છોડીને નિત્ય સંતુષ્ઠ રહેનારો, આશ્રય – આકાંક્ષારહિત મનુષ્ય કર્મમાં પ્રવૃત રહે તોપણ તે કંઈ જ કરતો નથી. ॥૪-૨૦॥ જે તૃષ્ણારહિત છે, મન અને શરીરને વશ રાખનારો છે, જેણે સર્વ સંગ્રહમાત્ર છોડી દીધા છે, તે શરીરનિર્વાહ માટે જ કર્મો કરે છતાં પાપથી જરાય લેપાતો નથી. ॥૪-૨૧॥ અનાયાસે જે મળે તે વડે સંતુષ્ઠ રહેનારો, સુખદુઃખાદિ સંઘર્ષથી મુક્ત, ઈર્ષારહિત તથા સિદ્ધિઅસિદ્ધિમાં સમભાવવાળો મનુષ્ય કર્મ કરીને પણ તેનાથી બંધાતો નથી. ॥૪-૨૨॥ ફળની ઈચ્છા વિનાના, મુક્ત, જ્ઞાનમાં સ્થિર ચિત્તવાળા તથા યજ્ઞ માટે કર્મ કરનારા મનુષ્યનાં સર્વ કર્મ નાશ પામે છે. ॥૪-૨૩॥ હોમવાની ક્રિયા બ્રહ્મ છે, હોમવાનો પદાર્થ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ કર્તાએ હોમેલું તે પણ બ્રહ્મ જ છે, આમ કર્મને લગતી બધી બાબતોમાં જે બ્રહ્મભાવે સ્થિર રહે છે તે બ્રહ્મને જ પ્રાપ્ત કરે છે. ॥૪-૨૪॥

## યજ્ઞના જુદાજુદા પ્રકાર

બીજા કર્મયોગીઓ દેવતાઓના પૂજનરૂપ યજ્ઞની ઉપાસના કરે છે અને કેટલાક તત્ત્વવેતા યોગીઓ બ્રહ્માગ્નિમાં આત્માને જ્ઞાનથી હોમે છે. ॥૪-૨૫॥ કેટલાક મુમુક્ષુ કાન વગેરે ઈન્દ્રિયોને સયંમરૂપી અગ્નિમાં હોમે છે અને કેટલાક શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયોરૂપ અગ્નિમાં હોમે છે. ॥૪-૨૬॥ વળી કેટલાક ઈન્દ્રિયોનાં સર્વ કર્મોને અને પ્રાણનાં કર્મોને જ્ઞાન વડે પ્રજ્વલિત થયેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે. ॥૪-૨૭॥ તેમ જ કેટલાક પ્રયત્નશીલ યોગીઓ દાનયજ્ઞ કરનારા, તપરૂપ યજ્ઞ કરનારા, યોગયજ્ઞ કરનારા અને સ્વાધ્યાય યજ્ઞ કરનારા તથા જ્ઞાનયજ્ઞ કરનારા દૃઢ વ્રતધારી હોય છે. ॥૪-૨૮॥ કેટલાક યોગીઓ અપાનવાયુમાં પ્રાણને તથા પ્રાણમાં અપાનવાયુને હોમે છે. અને કેટલાક પ્રાણ તથા અપાનની ગતિ રોકી પ્રાણાયામમાં સદા તત્પર રહેનારા હોય છે. ॥૪-૨૯॥ કેટલાક યોગીઓ આહારને નિયમમાં કરી પોતાના પ્રાણોને પોતાના પ્રાણોમાં જ હોમે છે. આ બધાય યજ્ઞને જાણનારા જ્ઞાનીઓ યજ્ઞ વડે પાપનો નાશ કરી પાપરહીત થાય છે. ॥૪-૩૦॥ યજ્ઞ કરતાં વધેલા અમૃતરૂપ અન્નનું ભોજન કરનારાઓ સનાતન બ્રહ્મને અવશ્ય પામે છે. હે કુરુશ્રેષ્ઠ! યજ્ઞનું અનુષ્ઠાન ન કરનારને આ લોક મળતો નથી, તો પરલોક તો ક્યાંથી મળે? ॥૪-૩૧॥ આ પ્રમાણે વેદમાં અનેક પ્રકારના યજ્ઞો વિસ્તારથી કહેવામાં આવ્યા છે. તે સર્વ યજ્ઞોને તું ફળની ઈચ્છાને લીધે થતાં કર્મોથી ઉત્પન્ન થનારા જાણ. એ પ્રમાણે જાણવાથી તું વિવેક બુદ્ધિ દ્વારા કર્મનાં બંધનથી અવશ્ય મુક્ત થઈશ. ॥૪-૩૨॥

## જ્ઞાનયોગ ઉત્તમ આધ્યાત્મિક અભ્યાસ છે

હે પરંતપ ! દ્રવ્યાદિથી થનારા યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ વધારે શ્રેષ્ઠ છે; કેમકે હે પાર્થ ! સર્વ સંપૂર્ણ કર્મો નિઃશેષ થઈ ને જ્ઞાનમા સમાઈ જાય છે. ॥૪-૩૩॥ તે જ્ઞાનનો તને તત્ત્વદર્શી જ્ઞાનીઓ ઉપદેશ કરશે. તેમને દંડવત્ પ્રણામ કરી, તેમની સેવા કરી, તેમને પ્રશ્નો પૂછી તે વિષે તું જાણી લે. ॥૪-૩૪॥ હે પાંડવ ! એ જાણીને તું પછી ફરી આ રીતે મોહ નહી પામશે અને તે જ્ઞાન વડે સર્વ ભૂતોને તું પહેલા પોતામાં અને પછી મારામાં સ્થિત જોઈશ. ॥૪-૩૫॥ જો તું સર્વ પાપીઓથી પણ વધારે પાપ કરનારો હોઈશ, તોપણ જ્ઞાનરૂપ નૌકા વડે સર્વ પાપરૂપ સમુદ્રને તરી જઈશ. ॥૪-૩૬॥ હે અર્જુન ! જેમ પ્રજ્વલિત અગ્નિ સર્વ લાકડાંને બાળીને ભસ્મ બનાવી દે છે, તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરી નાખે છે. ॥૪-૩૭॥

## જ્ઞાનયોગની કર્મયોગીને સ્વપ્રાપ્તિ

આ જગતમાં જ્ઞાન સમાન પવિત્ર કશું જ નથી. તે જ્ઞાનના યોગ વડે સિદ્ધ થયેલો પુરુષ કાળે કરીને આપોઆપ જ પોતાનામાં વિરામ પામે છે અથાત્ મોક્ષ પામે છે. ॥૪-૩૮॥ શ્રદ્ધાવાન, ગુરુસેવામાં તત્પર અને જિતેન્દ્રિય પુરુષ આ શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ જ્ઞાન પ્રાપ્ત કરીને તે તરત મોક્ષરૂપ પરમ શાંતિ પામે છે. ॥૪-૩૯॥ પરંતુ આત્મજ્ઞાન રહિત તથા શ્રદ્ધા વિનાનો મનુષ્ય સંશયમય રહી એ જ્ઞાન મેળવી શકતો નથી અને નાશ પામે છે. તેવા મનુષ્ય માટે આ લોક કે પરલોકમા કયાંય સુખ નથી. ॥૪-૪૦॥

## જ્ઞાનયોગ અને કર્મયોગ બંન્ને મોક્ષ માટે જરૂરી

હે ધનંજય ! યોગ દ્વારા જેણે સર્વ કર્મોનો ત્યાગ કર્યો હોય અને જ્ઞાન વડે જેના સંશયો વિરામ પામ્યા હોય, એવા આત્મનિષ્ઠ પુરુષને કર્મોનું બંધન હોતું નથી. ॥૪-૪૧॥ માટે હે ભારત ! અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અને હૃદયમાં રહેલા આ આત્મવિષયક સંશયને પોતાની જ્ઞાનરૂપી તલવાર વડે કાપી નિષ્કામ કર્મયોગનું તું આચરણ કર અને યુદ્ધ માટે ઊભો થા. ॥૪-૪૨॥

ૐ તત્સદિતિ ચતુર્થોડધ્યાયઃ ॥૪॥

## અધ્યાય ૫ – કર્મસંન્યાસયોગ

અર્જુન બોલ્યો : હે શ્રીકૃષ્ણ આપ કર્મના સંન્યાસની અને પાછી કર્મના યોગની પ્રશંસા કરો છો. તો એ બંનેમાંથી ગમે તે એક મારે માટે કલ્યાણકારક હોય તે જ નિશ્ચિત કરીને કહો. ॥૫-૧॥ શ્રીભગવાન બોલ્યાઃ કર્મસંન્યાસ અને કર્મયોગ એ બંને ચોક્કસ કલ્યાણ કરનારાં છે; પણ તે બંનેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ વધારે ઉત્તમ છે. ॥૫-૨॥ હે મહાબાહો ! જે કોઈનો પણ દ્વેષ

કરતો નથી કે કશાની ઈચ્છા રાખતો નથી, તેને સદા સંન્યાસી જાણવો; કેમકે રાગદ્વેષના દ્વંદ્વથી નિવૃત્ત થયેલો મનુષ્ય અનાયાસે સંસારથી મુક્ત થઈ જાય છે. ॥૫-૩॥

## બંન્ને માર્ગ પરમાત્મા તરફ લઇ જાય છે

સંન્યાસ અને કર્મયોગ અર્થાત્ જ્ઞાન અને કર્મ એ બંને અલગ અલગ છે એમ અવિચારીઓ કહે છે, વિદ્વાનો કહેતા નથી; કારણ કે મનુષ્ય બંનેમાંના એકને પણ ઉત્તમ રીતે આચરે તો તે બંનેનું ફળ પ્રાપ્ત કરે છે. ॥૫-૪॥ જ્ઞાનીઓ જે પરમપદને પ્રાપ્ત કરે છે તે જ પરમપદ કર્મયોગીઓ પણ પ્રાપ્ત કરે છે. તેથી જે મનુષ્ય જ્ઞાનયોગ અને કર્મયોગને એકરૂપ અર્થાત્ સરખા માને છે તે જ બરાબર છે. ॥૫-૫॥ પરંતુ હે મહાબાહો! કર્મયોગના અનુષ્ઠાન વિના સંન્યાસયોગ પ્રાપ્ત કરવો અતિ કઠીન છે અને કર્મયોગમાં જોડાયેલો મુનિ તરત જ પરબ્રહ્મને પામે છે. ॥૫-૬॥ જે જિતેન્દ્રિય મનને વશમાં રાખનારો, અને શૂદ્ધ અંતઃકરણવાળો છે, જેનો આત્મા સર્વ પ્રાણીમાત્રના આત્મારૂપ બન્યો છે, એવો યોગયુક્ત મનુષ્ય કર્મ કરવા છતાં પણ તેનાથી લિપ્ત થતો નથી. ॥૫-૭॥

## કર્મયોગી પ્રભુ માટે કામ કરે છે

એવો કર્મયોગયુક્ત તત્ત્વજ્ઞાની મનુષ્ય જુએ, સાંભળે, સ્પર્શ કરે, સૂંઘે, ખાય, ચાલે, ઊંઘે, જાગે, શ્વાસ લે, બોલે, ત્યાગ કરે, કંઈ ગ્રહણ કરે, આંખો ઉઘાડે કે મીચે તો પણ 'ઈન્દ્રિયો પોતપોતાના વિષયોમાં વર્તે છે' એમ સમજી 'હું કાંઈ કરતો નથી' એવું માને છે. ॥૫-૮,૯॥ જે મનુષ્ય ફળની આસક્તિ ત્યજીને બધાં કર્મો પરમાત્માને અર્પણ કરે છે, તે પાણીમાં સ્થિત કમળના પાનની જેમ પાપથી લેપાતો નથી. ॥૫-૧૦॥ કર્મયોગીઓ શરીરથી, મનથી, બુદ્ધિથી અથવા ઈન્દ્રિયોથી, આસક્તિને ત્યજીને કેવળ ઈન્દ્રિયોથી અંતઃકરણની શુદ્ધિ માટે જ સર્વ કર્મો કરે છે. ॥૫-૧૧॥ કર્મયોગી કર્મફળની કામના ત્યજીને અથાત્ પરમેશ્વરને અર્પણ કરીને પરમશાંતિને પામે છે અને યોગરહિત પુરુષ કામના કરવાથી ફળમાં આસક્ત થઈ બંધનમાં પડે છે. ॥૫-૧૨॥

## આત્મજ્ઞાનનો માર્ગ

શરીરને વશ કરનાર પુરુષ મનથી સર્વ કર્મોમાં કર્તાપણાના ભાવનો ત્યાગ કરીને નવ દ્વારોવાળી આ દેહરૂપી નગરીમાં કંઈ પણ કરતો કે કરાવતો ન હોઈ સુખપૂર્વક રહે છે. ॥૫-૧૩॥ ઈશ્વર પ્રાણીઓના કર્તાપણાને ઉત્પન્ન કરતો નથી, કર્મનું કે કર્મના ફળનું સર્જન કરતો નથી; પરંતુ સ્વભાવરૂપ પ્રકૃતિ માતા જ એ પ્રમાણે પ્રવૃત્ત થાય છે. ॥૫-૧૪॥ પરમેશ્વર કોઈનું પાપ કે પુણ્ય સ્વીકારતા નથી; અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે. તેથી પ્રાણીઓ મોહ પામે છે. ॥૫-૧૫॥ પરંતુ જેમનું તે અજ્ઞાન તત્ત્વજ્ઞાનથી નાશ પામ્યું છે, તેમનું તે જ્ઞાન સૂર્યની જેમ પરબ્રહ્મ ને પ્રકાશિત કરે દે છે. ॥૫-૧૬॥ તે (પરમાત્મા) જ્ઞાનમાં જેમનુ મન એકરૂપ છે, જેમની બુદ્ધિ એકરૂપ છે, જેમના દેહની સ્થિતિ તન્મય છે, જેઓ પરમભાવે તેમાં જ સ્થિર છે, તેઓ પાપરહિત થઈ જન્મમરણ ના બંધનથી મુક્તથઈ જાય છે. ॥૫-૧૭॥

## આત્મજ્ઞાનીના બીજા લક્ષણો

તેવા મુક્ત વિદ્યાવિનયયુક્ત જ્ઞાનીઓ (સર્વજનમાં દર્શન કરતાં હોવાથી) બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં તથા ચાંડાલમાં પણ સમાન દૃષ્ટિવાળા હોય છે. ॥૫-૧૮॥ જેમનું મન આવા સમભાવમાં સ્થિત થયું છે, તેમણે અહી જ સંસાર જીતી લીધો છે; કારણકે બ્રહ્મ નિર્દોષ અને સમાન છે. ॥૫-૧૯॥ પ્રિય મેળવીને હર્ષ પામતો નથી અને અપ્રિય મેળવીને ઉદ્વેગ પામતો નથી એવો સ્થિર બુદ્ધિ, સંશય રહિત અને બ્રહ્મને જાણવાવાળો મનુષ્ય પરબ્રહ્મ પરમાત્મામાં હંમેશા સ્થિર રહે છે. ॥૫-૨૦॥ એવા બ્રહ્મરૂપ મનુષ્ય પોતાના અતઃકરણમાં બ્રહ્માનંદ ને પ્રાપ્ત કરીને ઈન્દ્રિયોના વિષયોમા અનાસક્ત થઈ જાય છે અને અવિનાશી પરમસુખ પ્રાપ્ત કરે છે. ॥૫-૨૧॥ ઈન્દ્રિયો તથા વિષયોના સ્પર્શથી ઉત્પન્ન થતા જે ભોગો છે, તે જ દુઃખનુ મૂળ કારણ છે અને તે આદિ-અંત વાળા છે. હે અર્જુન! જ્ઞાનીપુરુષ તેમાં આસક્ત થતાં નથી. ॥૫-૨૨॥ જે મનુષ્ય શરીરનો નાશ થાય તે પહેલાં કામને ક્રોધથી ઉપજતા વેગને સહજતાથી રોકવા સમર્થ છે, તે પુરુષ યોગી છે અને તે જ સુખી છે. ॥૫-૨૩॥ જે યોગી અંતરાત્મામાં જ સુખ, પ્રસન્નતા અને જ્ઞાનના પ્રકાશનો અનુભવ કરે છે, તે બ્રહ્મરૂપ થઇને મોક્ષ પામે છે. ॥૫-૨૪॥ જેમના પાપાદિ દોષ નાશ પામ્યા છે, જેમના સંશયો છેદાઈ ગયા છે, જેમનું મન પોતાના વશમાં છે અને જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં સદા તત્પર છે, એવા બ્રહ્મવેત્તા મનુષ્ય બ્રહ્મને પામે છે. ॥૫-૨૫॥ જેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે, જેઓ કામક્રોધથી મુક્ત થઈ ગયા છે, જેમણે ચિત્તને વશ કર્યુ છે, તેવા સંન્યાસીને સહેલાઈથી બ્રહ્મરૂપની પ્રાપ્તિ થાય છે. ॥૫-૨૬॥

## ત્રીજો માર્ગ-- ભક્તિમય ધ્યાનયોગ

બહારના વિષયોને અતઃકરણમાં ચિંત્વયા વગર, આંખોની દૃષ્ટિને બે ભ્રમરની વચ્ચે સ્થિર કરીને, નાકની અંદર ગતિ કરતા પ્રાણ તથા અપાનને સમાન કરીને, જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ વશમાં કર્યા છે, તેમ જ જેનાં ઈચ્છા, ભય અને ક્રોધ નાશ પામ્યાં છે, એવો મુનિ મોક્ષની સાધનામાં તત્પર રહે છે, તેને સદા મુક્ત જ માનવો. ॥૫-૨૭,૨૮॥ મારો ભક્ત મને બધાં યજ્ઞો અને તપનો ભોક્તા, સંપૂર્ણ લોકોનો મહેશ્વર અને સર્વ પ્રાણીઓના મિત્ર સમજીને શાંતિને પ્રાપ્ત કરે છે. ॥૫-૨૯॥

ૐ તત્સદિતિ પંચમોડધ્યાયઃ ॥૫॥

# અધ્યાય ૬ – આત્મસંયમયોગ

## કર્મયોગી પણ સંન્યાસી છે

શ્રીભગવાન બોલ્યા : જે મનુષ્ય કર્મફળની ઈચ્છા ન કરી, કરવા યોગ્ય કર્મ કરે છે, તે સંન્યાસી છે, યોગી છે; પણ અગ્નિરહિત અને કર્તવ્યકર્મનો ત્યાગ કરી નિષ્ક્રિય થઇને બેસી રહે છે તે સંન્યાસી કે યોગી કહેવાતો નથી. ।।૬-૧।। હે પાંડવ ! જેને 'સંન્યાસ' કહે છે, તેને તું 'યોગ' જાણ; કેમ કે જેણે સંકલ્પો છોડ્યા ન હોય એવો કોઈ મનુષ્ય યોગી થઈ શકતો નથી. ।।૬-૨।।

## યોગ અને યોગીની ઓળખ

નિષ્કામ કર્મયોગજ સમતાયોગની પ્રાપ્તિનુ સાધન છે અને યોગારૂઢ સાધકને માટે સમતાયોગ (અર્થાત્ માનસિક સંતુલન અને આત્મસયંમ) જ ઈશ્વર પ્રાપ્તિ નું સાધન છે, જ્યારે મનુષ્ય ઈન્દ્રિયોના વિષયો અને કર્મફળમાં આસક્ત નથી થતો ત્યારે દરેક ઈચ્છાઓના ત્યાગ કરવાવાળા (સતુંલિત) મનુષ્યને યોગી કહેવાય છે. ।।૬-૩,૪।।

## મન ઉત્તમ મિત્ર અને સૌથી મોટો શત્રુ છે

મનુષ્ય પોતાના મન અને બુદ્ધિ દ્વારા જ પોતે બંધન કે મુક્તિ પામે છે, કેમકે મન જ મનુષ્યનો મિત્ર છે અને મન જ મનુષ્યનો શત્રુ છે જેણે પોતાના મન ઉપર બુદ્ધિથી વિજય મેળવ્યો છે, તેનું મન તેનુ મિત્ર છે, પરંતુ જેની ઈન્દ્રિયો વશમાં નથી તેનુ મન તેના માટે શત્રુની જેમ વર્તે છે. ।।૬-૫,૬।। ઠંડી–ગરમી, સુખ–દુઃખ તથા માન–અપમાનમાં જે મન તથા ઈન્દ્રિયોને જીતીને અત્યંત શાંત તથા સમ રહે છે, તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. ।।૬-૭।। જે જ્ઞાન અને વિજ્ઞાન વડે તૃપ્ત આત્માવાળો છે, જે વિકારરહિત અને જીતેન્દ્રિય છે તથા માટી, પથ્થર તથા સોનાને સમાન ગણે છે તે યોગી 'યોગસિદ્ધ' કહેવાય છે. ।।૬-૮।। સુહૃદ, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષપાત્ર, બંધુ, સજ્જન અને પાપીઓમાં પણ સમબુદ્ધિ રાખવાવાળો મનુષ્ય શ્રેષ્ઠ છે. ।।૬-૯।।

## ધ્યાનના પ્રકાર

યોગીએ એકાંતવાસમાં એકલા રહી ચીત્તને તથા દેહને વશ કરી, આશારહીત અને પરિગ્રહરહિત થઇને અંતઃકરણને સદા યોગાભ્યાસમાં રત રાખવું. ।।૬-૧૦।। અતિ ઊંચું નહિ ને અતિ નીચું નહિ એવું દર્ભ, મૃગચર્મ તથા વ્યાઘ્રાંબરવાળું પોતાનું સ્થિર આસન પવિત્ર સ્થાનમાં સ્થાપી તે આશન પર બેસી, મનને એકાગ્ર કરી, ચિત્ત તથા ઈન્દ્રિયોની ક્રિયાઓને રોકી અંતઃકરણની શુદ્ધિ માટે યોગાભ્યાસ કરવો. ।।૬-૧૧,૧૨।। દેહ, મસ્તક અને ડોકને સમાન તથા અચળ રાખી, સ્થિર થઈ કોઈપણ દિશાઓમાં ન જોતાં, નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ સ્થિર કરી, અતિ શાંત ચિત્તવાળા યોગીએ નિર્ભય થઈ, બ્રહ્મચર્યવ્રતમાં રહી, મનને વશ કરી, મારામાં ચિત્ત પરોવી સમાધિમાં બેસવું. ।।૬-૧૩,૧૪।। એમ પોતાના અંતઃકરણને નિત્ય યોગમાં જોડતો અને મનને વશ કરનારો યોગી મારામાં રહેલી મોક્ષરૂપ પરમ નિષ્ઠાવાળી શાંતિ પ્રાપ્ત કરે છે. ।।૬-૧૫।।

હે અર્જુન ! વધુ ખાનારને કે તદ્દન નહિ ખાનારને, બહુ ઊંઘવાના સ્વભાવવાળાને તેમ જ અતિ જાગનારને યોગ સિદ્ધ થતો નથી. ।।૬-૧૬।। પણ નિયમથી આહારવિહારવાળાને, કર્મોમાં યોગ્ય ઊંઘનાર – જાગનારને યોગ સાધ્ય બની દુઃખહારક થાય છે. ।।૬-૧૭।। જ્યારે વશ થયેલુ ચિત્ત આત્મામાં સ્થિત થાય છે અને સર્વ કામનાઓથી મુક્ત થાય છે, ત્યારે મનુષ્ય યોગારૂઢ કહેવાય છે. ।।૬-૧૮।।

જેમ વાયુરહિત સ્થાનમાં રહેલો દીવો હાલતો નથી. તે ઉપમા આત્મનિષ્ઠ યોગીના વશ થયેલા ચિત્તની કહેવામાં આવી છે. ।।૬-૧૯।। જ્યારે ધ્યાનયોગના અભ્યાસથી ચિત્ત શાંત થઈ જાય છે, ત્યારે સાધક બુદ્ધિથી (ધ્યાનથી શુદ્ધ થયેલા મનથી) પરમાત્માના દર્શન કરી પરમાત્મામાં જ રત રહે છે. ।।૬-૨૦।। યોગી, ઈન્દ્રિયોથી પરે અને બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય પરમ સુખનો અનુભવ કરીને પરમાત્માથી કયારેય દૂર થતો નથી. ।।૬-૨૧।। પરમાત્માને પ્રાપ્ત કરવાથી સાધકને દુનીયાના બીજા કોઈપણ લાભો વામણાં લાગે છે આવી સ્થિતીને પ્રાપ્ત કરનાર યોગી મોટાં મોટાં દુઃખથી પણ વિચલિત (દુઃખી) થતો નથી. ।।૬-૨૨।। દુઃખનાં સંયોગનો વિયોગ એટલે જ યોગ, જેને સમજવો જોઈએ, તેમજ એ ધ્યાનયોગનો અભ્યાસ ઉત્સાહપૂર્વક અને નિશ્ચયપૂર્વક કરવો જોઈએ. ।।૬-૨૩।। સંકલ્પોથી ઉત્પન્ન થયેલી સર્વ કામનાઓને પૂરેપૂરી ત્યજી મન વડે જ ઈદ્રિયોના સમુદાયને સર્વ તરફથી ધૈર્યપૂવક વશ કરેલી બુદ્ધિથી ધીમે ધીમે વિષયોનો નિગ્રહ કરવો અને ચિત્તને આત્મામાં સારી રીતે સ્થિર કરી કંઇ પણ ચિંતન નહિ કરતાં ધીરે ધીરે સ્થિર બુદ્ધિથી પરમાત્મામાં મન લગાવીને શાંતિ પ્રાપ્ત કરે છે. ।। ૬-૨૪,૨૫।। ચંચળ તથા અસ્થિર મન જે જે નિમિત્તથી બહાર ભટકે છે તે તે નિમિત્તથી તેને રોકી આત્મામાં જ સ્થિત કરવું. ।। ૬-૨૬।।

## યોગી કૌણ?

અતિ શાંત મનવાળા, (કામ. ક્રોધ, લોભ આદિ રજોગુણોથી નિવૃત, પાપરહિત અને બ્રહ્મરૂપ થયેલા થોગીને જ શ્રેષ્ઠ બ્રહ્મસુખ પ્રાપ્ત થાય છે. ।।૬-૨૭।। આ રીતે ચિત્તને સદા સમાધિમાં જોડતો યોગી પાપરહિત થઇ સરળતાથી પરબ્રહ્મના સ્પર્શરૂપ અનંત સુખનો અનુભવ કરે છેં. ।। ૬-૨૮।। યોગયુક્ત અંતઃકરણવાળો, સર્વમાં સમદૃષ્ટિવાળો યોગી બધાં ભૂતોમાં પોતાને અને પોતામાં સર્વ પ્રાણીઓને જુએ છે. ।।૬-૨૯।। જે યોગી મને સર્વત્ર જુએ છે અને બધું મારામાં જુએ છે,તેને હું સદા દૃશ્યરૂપ રહું છું. ।।૬-૩૦।। એકત્વપણાનો આશ્રય કરી જે યોગી સર્વ ભૂતોમાં રહેલા મને ભજે છે, તે સર્વ પ્રકારે વર્તે, તોપણ મારામાં રહે છે. ।।૬-૩૧।। હે અર્જુન! જે સર્વત્ર પોતાની પેઠે સુખ અથવા દુઃખને સમાન અનુભવે છે, તે યોગીને મેં શ્રેષ્ઠગણ્યો છે. ।।૬-૩૨।।

## ચંચળ મનને નિયંત્રિત કરવાના બે ઉપાય

અર્જુન કહેઃ હે મધુસૂદન! સમદૃષ્ટિ રાખવારૂપ જે યોગ આપે મને કહ્યો એની સ્થિતિ પામવા મનની ચંચળતાને લીધે હું સરળ માનતો નથી. ।।૬-૩૩।। કેમ કે હે શ્રી કૃષ્ણ! મન અતિ ચંચળ, ક્ષોભ કરનાર, બળવાન અને દૃઢ છે. તેનો નિરોધ કરવો એ વાયુની જેમ હું અતિ કઠિન માનું છુ. ।।૬-૩૪।। શ્રીભગવાન બોલ્યાઃ હે મહાબાહો! ખરેખર, મન ચંચળ અને વશ કરવું કઠિન છે; તોપણ હે કૌંતેય! અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરી શકાય છે. ।।૬-૩૫।।જેણે મન વશ કર્યું નથી , તેને માટે યોગ કઠિન છે, પણ મનને વશ કરનારો અને તે માટે યત્ન કરતો મનુષ્ય તે યોગ પ્રાપ્ત કરી શકે છે, એવું મારું માનવું છે. ।।૬-૩૬।।

## અસફળ યોગીની ગતિ

અર્જુન કહેઃ હે શ્રીકૃષ્ણ! જે યોગમાં શ્રદ્ધાવાળો છે, પરંતુ પૂરો સંયમી ન હોવાથી તેનું મન યોગભ્રષ્ટ થઈ જાય અને એ યોગની સિદ્ધિને પ્રાપ્ત ન કરી શકે તો કઈ ગતિને પ્રાપ્ત કરે છે? ॥૬-૩૭॥ હે મહાબાહો ! શું તે યોગ ભ્રષ્ટ થયેલો આશ્રય વિનાનો સાધક બ્રહ્મજ્ઞાનરૂપ માર્ગમાં મૂઢ થઇને છિન્નભિન્ન થયેલા વાદળોની પેઠે નાશ તો નથી પામતો ને? ॥૬-૩૮॥ હે શ્રીકૃષ્ણ ! મારા આ સંશયનો સંપૂણ નાશ કરવા આપ જ સમર્થ છો, કેમ કે આપ વિના બીજો આ સશંયનો નાશ કરનાર કોઈ મળે તેમ નથી. ॥૬-૩૯॥ શ્રીભગવાન બોલ્યાઃ હે પાર્થ ! આ લોકમાં કે પરલોકમાં તેવા યોગીનો કદી વિનાશ થતો નથી; કારણકે હે વહાલા! કલ્યાણ માર્ગનું આચરણ કરનારો કોઈ મનુષ્ય દુર્ગતિ પામતો નથી. ॥૬-૪૦॥ તે યોગથી ભ્રષ્ટ થયેલો મનુષ્ય પુણ્યકર્મ કરનારાઓના લોકને પામી, ઘણા વર્ષો સુધી ત્યાં નિવાસ કરી પછી પવિત્ર સજ્જનોને ઘેર જન્મે છે. ॥૬-૪૧॥
અથવા બુદ્ધિમાન યોગીઓના કુળમાં જ જન્મે છે. ખરેખર, આ લોકમાં આવી જગ્યાએ જન્મ મળવો અતિ દુર્લભ છે. ॥૬-૪૨॥ હે કુરુનન્દન ! આ જન્મમાં તેને પૂર્વજન્મની યોગસાધનાવાળી બુદ્ધિનો સંયોગ થાય જ છે અને ફરીથી યોગસિદ્ધિને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે. ॥૬-૪૩॥ પૂર્વના યોગના અભ્યાસને લીધે તે અવશ્ય યોગસિદ્ધિ તરફ ખેંચાય છે. આ જીજ્ઞાસુ શબ્દબ્રહ્મને ઓળંગી આગળ નીકળી જાય છે. ॥૬-૪૪॥ ખંતથી યત્ન કરતાં જેના પાપ નાશ પામ્યા છે તે યોગી અનેક જન્મોની સિદ્ધિથી પરમ ગતિ પામે છે. ॥૬-૪૫॥

## સૌથી ઉત્તમ યોગી કૌણ?

આવો યોગી તપસ્વીઓ કરતાં શ્રેષ્ઠ, પરોક્ષ જ્ઞાનીઓથી પણ અધિક, યજ્ઞાદિ કર્મ કરનારાઓથી પણ અધિક ઉત્તમ મનાયો છે. માટે હે અર્જુન તું યોગી થા. ॥૬-૪૬॥ સર્વ યોગીઓમા જે મારા પ્રત્યે શ્રદ્ધાવાળો, મારામાં ચિત્ત સ્થિર રાખી અતઃકરણ વડે મને ભજે છે, તેને હું શ્રેષ્ઠ યોગી માનું છું ॥૬-૪૭॥

ૐ તત્સદિતિ ષષ્ઠોડધ્યાયઃ ॥૬॥

## અધ્યાય ૭ – જ્ઞાનવિજ્ઞાનયોગ

શ્રીભગવાન બોલ્યાઃ હે પાર્થ! મારામાં મન સ્થિર કરી મારો આશ્રય લઈ, યોગ સાધતાં તું સંશયરહિત થઇને મને સમગ્ર રીતે જાણી શકશે તે વિશે સાભંળ. ॥૭-૧॥ હું તને બ્રહ્મ અનુભવ (વિજ્ઞાન) સહિત આ સંપૂર્ણ બ્રહ્મવિદ્યા (જ્ઞાન) કહું છું. તેને જાણ્યા પછી આ લોકમાં બીજું જાણવા યોગ્ય કશું જ બાકી રહેતું નથી. ॥૭-૨॥ હજારો મનુષ્યોમાં કોઇક જ જ્ઞાન સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે અને પ્રયત્ન કરતા સિદ્ધોમાં પણ કોઇ જ મને સત્યસ્વરૂપે જાણી લે છે. ॥૭-૩॥

## પ્રકૃતિ, પુરુષ, અને આત્માની ઓળખ

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એમ આઠ પ્રકારના ભેદવાળી મારી આ પ્રકૃતિ છે. ॥૭-૪॥ આ પ્રકૃતિ અપરા અર્થાત્ જડ છે, પણ હે મહાબાહો! મારી બીજી પરા અર્થાત્ ચેતન (પુરુષ) પ્રકૃતિને જીવરૂપ જાણ, જેના વડે આ જગત ધારણ કરવામાં આવ્યું છે. ॥૭-૫ ॥ સર્વ ભૂતો આ બે પ્રકારની શકિત પ્રકૃતિ અને પુરુષથી ઉત્પન્ન થયાં છે એમ તુ જાણ અને સમગ્ર જગતની ઉત્પતિનું તથા સંહાંરનું કારણ હું છું. (૧૩-૨૬ પણ જોવું) ॥૭-૬॥

## પરમાત્મા બધી વસ્તુઓનો આધાર

હે ધનંજય! મારાથી અધિક ઉત્તમ બીજું કંઇ નથી. દોરામાં મણકાઓના સમૂહની જેમ આ સર્વ બ્રહ્માંડ મારામાં પરોવાયેલું છે. ॥૭-૭॥ હે કૌંતેય! જળમા રસ હું છું, ચંદ્ર અને સૂર્યમાં તેજ હું છું; સર્વ વેદોમાં પ્રણવ અર્થાત્ ૐકાર, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પૌરુષત્વ હું છું. વળી પૃથ્વીમા પાવક ગંધરૂપે અને અગ્નિમાં તેજરૂપે પણ હું છું.સર્વ પ્રાણીઓમાં જીવનરૂપે અને તપસ્વીઓમાં તપરૂપે હું છું. ॥૭-૮,૯॥ હે પાર્થ! સર્વ ભૂતોનુ સનાતન બીજ ઉત્પતિનું કારણ તું મને જાણં બુદ્ધિમાનોની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું. (૯-૧૮, ૧૦-૩૯ પણ જોવું) હે ભરત શ્રેષ્ઠ! કામ અને રાગ વિનાનું બળવાનોનું સાત્વિક બળ હું છું. બધા પ્રાણીઓમાં રહેલો ધર્મ ને અનુકૂળ જે કામ (સંતાન ની ઉત્પતિ માટે) છે તે પણ હું છું. ॥૭-૧૦,૧૧॥ વળી જે સાત્વિક, રાજસિ તથા તામસિક ભાવો અને પદાર્થો છે,તેઓ મારાથી જ ઉત્પન્ન થયેલાં છે. એમ તું જાણ. તેઓ સર્વ મારા આશ્રીત છે પરંતુ હું તેમના પ્રભાવમાં નથી. ॥૭ -૧૨॥ આ સર્વ જગત આ ત્રણ પ્રકારથી મોહિત છે. માટે એઓથી વિલક્ષણ અને વિકારરહિત મને કોઇ જાણી શકતું નથી. ॥૭-૧૩॥

## પ્રભુની શોધ કૌને હોય?

કેમ કે મારી આ ત્રિગુણમયી દૈવી માયા ઓળંગવી અતિ કઠિન છે. જેઓ મારે શરણે આવે છે, તેઓ મારી કૃપાથી આ માયાને ઓળંગે છે. (૧૪-૨૬,૧૫-૧૯,૧૮-૬૬ પણ જોવું) ॥૭-૧૪॥ માયાએ મોહિત કરેલાં અજ્ઞાનવાળા, મૂઢ પાપી અને આસુરી ભાવને આશ્રયે રહેનારા અધમ પુરુષો મારે શરણે આવતા નથી. ॥૭-૧૫॥ હે ભરતશ્રેષ્ઠ! ચાર પ્રકારના ઉત્તમ કર્મ કરનારા મનુષ્યો - દુઃખી, પરમાત્માને જાણવાની ઈચ્છાવાળો જિજ્ઞાસુ, ધનઇચ્છુક અને જ્ઞાની મને ભજે છે. ॥૭-૧૬॥ સદા મારા ધ્યાનમાં એકાગ્ર ચિત્તવાળો અને મારા પ્રત્યે એકનિષ્ઠ ભક્તિવાળો જ્ઞાની શ્રેષ્ઠ છે; કેમ કે જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે મને અત્યંત પ્રિય છે. ॥૭-૧૭॥ એ બધા ભક્તો શ્રેષ્ઠ છે, પરંતુ જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે, એવો મારો મત છે;કેમ કે તે એકાગ્ર ચિત્તવાળો થઈ, સર્વમાં ગતિરૂપ મને જ આશ્રયકરી સ્થિર રહે છે. (૯-૨૯ પણ જાવું) ॥૭-૧૮॥ ઘણા જન્મોને અંતે આ બધું 'વાસુદેવ જ છે' એવું સમજી તે જ્ઞાનવાળો જ્ઞાની મને પામે છે. તે મહાત્મા અતિ દુર્લભ છે. ॥૭-૧૯॥ જે કામનાઓ વડે હરાયેલા

જ્ઞાનવાળા અને પોતાની પ્રકૃતિને વશ થયેલા મનુષ્યો તે તે નિયમનો આશ્રય કરી બીજા દેવતાઓને શરણે જાય છે, એટલેકે તેઓને જ ભજે છે. ।।૭-૨૦।।

## ભકિતના કોઇપણ ઇચ્છિત રૂપની મૂર્તિમાં પ્રભુનું દર્શન સંભવ

જે જે મનુષ્ય જે જે દેવ સ્વરૂપને શ્રદ્ધા પૂર્વક પૂજા – ભક્તિ કરવા ઈચ્છે છે, તે તે ભક્તની તે સ્વરૂપ વિષે હું શ્રદ્ધાને દૃઢ કરું છું. મેં સ્થિર કરેલી તે શ્રદ્ધાથી યુક્ત થઈ, તે તે દેવનું આરાધન કરે છે અને તે દેવતા દ્વારા મેં જ નિર્માણ કરેલા ઈચ્છિત ભોગો પામે છે. ।।૭-૨૧,૨૨।। પરંતુ અલ્પ બુદ્ધિવાળાનું તે ફળ વિનાશી હોય છે. દેવોને પુજનારા દેવોને પામે છે પણ મારા ભક્તો મને જ પામે છે. ।।૭-૨૩।। અજ્ઞાની મનુષ્ય 'હું' પરબ્રહ્મ પરમાત્માના – મન, બુદ્ધિ તથા વાણીથી પરે, પરમ અવિનાશી – દિવ્ય સ્વરૂપને નથી જાણતા અને તેથી એવું સમજી લે છે કે હું રૂપ વગરનો નિરાકાર છું અને રૂપ ધારણ કરુ છું. ।।૭-૨૪।। યોગમાયાથી ઢંકાયેલો હું સર્વને પ્રત્યક્ષ નથી. તેથી મારી માયાથી મોહિત મૂઢ અજન્મા અને અવિનાશી એવા મને જાણતા નથી. ।।૭-૨૫।।

હે અર્જુન ! ભૂતકાળમાં થઈ ગયેલા તથા ભવિષ્ય કાળમાં થનારા સર્વ ભૂતોને હું જાણું છું, પરંતુ મને કોઈ જાણતું નથી. ।।૭-૨૬।। હે ભરતવંશી પરંતપ ! ઈચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થતાં રાગદ્વેષાદિ દ્વંદ્વના મોહવડે સર્વ પ્રાણીઓ સૃષ્ટિમાં અત્યંત મોહ પામે છે. પરંતુ જે પુણ્યકર્મવાળા મનુષ્યોનું પાપ નાશ પામ્યું હોય છે, તેઓ રાગદ્વેષાદિ દ્વંદ્વ ના મોહથી છૂટી દૃઢવ્રતવાળા થઈ મને ભજે છે. ।।૭-૨૮।। જેઓ મારો આશ્રય કરી જન્મ અને મરણથી છૂટવા યત્ન કરે છે, તેઓ તે બ્રહ્મને, અધ્યાત્મને તથા સમગ્ર કર્મને સંપૂર્ણપણે જાણે છે. ।।૭-૨૯।। જેઓ અધિભૂત, અધિદૈવ, અને અધિયજ્ઞ સહિત મને જાણે છે, તે મારામાં સમત્વ ચિત્તવાળા પુરુષો મરણકાળે પણ મને જાણે છે - મારામાં લીન થાય છે. ।।૭-૩૦।।

ૐ તત્સદિતિ સપ્તમોડધ્યાયઃ ।।૭।।

અધ્યાય ૮ – અક્ષરબ્રહ્મયોગ

અર્જુન કહેઃ હે પુરષોત્તમ! તે બ્રહ્મ શું છેં? અધ્યાત્મ શું છેં? કર્મ શું છે? અધિભૂત શું છે? અને અધિદૈવ શું કહેવાય છે? તે મને સમજાવો. આધિયજ્ઞ કોણ છે અને તે આ દેહમાં કયા પ્રકારે રહે છે? હે મધુસૂદન! એકાગ્ર ચિત્તવાળાઓ મરણકાળે આપને કેવી રીતે જાણેછે? ।।૮-૧,૨।।

## બ્રહ્મ, આત્મા, જીવાત્મા અને કર્મની ઓળખ

શ્રી ભગવાન બોલ્યાઃ પરમાત્મા બ્રહ્મ કહેવાય છે તેનો સ્વભાવ ચૈતન્ય અધ્યાત્મ કહેવાય છે;અને પ્રાણી માત્રને ઉત્પન્ન કરનારી બ્રહ્મની ક્રિયાશક્તિ એ કર્મ કહેવાય છે. ।।૮-૩।। નાશવંત પ્રદાર્થ આધિભૂત છે, હિરણ્યગર્ભ પુરુષ અર્થાત્ અક્ષરબ્રહ્મ અધિદૈવ છે. દેવધારીઓમાં શ્રેષ્ઠ! હું વાસુદેવ આ દેહમાં અંર્તયામી અધિયજ્ઞ છું. ।૮-૪।।

## પુનર્જન્મનો સિદ્ધાન્ત અને કર્મ

મરણ વખતે મારુ સ્મરણ કરતાં કરતાં જે મનુષ્ય શરીર છોડી જાય છે. તે મારા સ્વરૂપને પામે છે, એમાં કોઇ શંસય નથી. ।ટ-૫।। હે કૌંતેય! મનુષ્ય અંતકાળે જે જે વસ્તુ ને યાદ કરતા શરીર છોડે છે, તે તેને પામે છે; કેમ કે સદા તે પદાર્થની ભાવનાવાળો તે હોય છે. (છા.ઉ. ૧૪-૩-૦૯ પણ જોવું) ।।૮-૬।।

## પ્રભુપ્રાપ્તિનો સહેલો માર્ગ

માટે સર્વ કાળે તું મારું સ્મરણ કર અને યુદ્ધ (કર્તવ્ય કર્મ) કર. મારામાં મન-બુદ્ધિ રાખવાથી તું અવશ્ય મને જ પામીશ.(૧૨-૮ પણ જોવું) ।।૮-૭।। હે પાર્થ! અભ્યાસયોગથી યુક્ત અને અન્યત્ર નહિ જનારાં ચિત્ત વડે સદા મારું ચિતંન કરતાં મનુષ્ય પરમ દિવ્ય પરબ્રહ્મને પામે છે. ।।૮-૮।। સર્વજ્ઞ, પુરાણ, સર્વના નિયંતા, સૂક્ષ્માતિસૂક્ષ્મ, સર્વના ધારક – પોષક, અચિંત્ય રૂપવાળા, સૂર્ય જેવા તેજસ્વી વર્ણવાળા અને અજ્ઞાનરૂપ અંધકારથી દૂર એવા દિવ્ય પુરુષ પરમેશ્વરનું, જે વારંવાર સ્મરણ કરે છે તે મરણ સમયે ભક્તિ તથા યોગબળથી યુક્ત, અચળ મન વડે બે ભૃકૃટિની વચ્ચે પ્રાણને સારીરીતે સ્થાપી પરમ દિવ્ય પુરુષ પરબ્રહ્મને પામે છે.(કઠો.ઉ. ૨-૨૦, યજુ.વે.૩૧-૧૮, ગીતા ૪-૨૯, ૫-૨૭, ૬-૧૩ પણ જોવું) ।।૮-૯,૧૦।। વેદવેત્તાઓ જેને અક્ષર કહે છે, સ્પૃહા રહિત મુનિઓ જેમાં પ્રવેશ કરે છે અને જેને ઈચ્છનારા બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે અક્ષરબ્રહ્મને હું તને ટૂંકમાં કહીશ. (કઠો.ઉ. ૨-૧૫ પણ જોવું) ।।૮-૧૧।।

## મૃત્યુકાળમા પ્રભુ-ઘ્યાનથી મોક્ષ-પ્રાપ્તિ

ઈંદ્રિયરૂપી સર્વ દરવાજાને નિયમમાં રાખી, મનને હૃદયમાં રાખી, પોતાના પ્રાણને મસ્તકમાં ધારણ કરી, યોગધારણામાં રહેલો જે પુરુષ ।ૐ" એવા એકાક્ષર બ્રહ્મનો જપ કરતો અને મારું સ્મરણ કરતો દેહ ત્યજી જાય છે , તે પરમ ગતિ પામે છે. ।।૮-૧૨,૧૩।। હે અર્જુન! જે બીજામાં ચિત્ત નહિ રાખતો નિત્ય નિરંતરં મારું સ્મરણ કરે છે, તે નિત્ય સમાહિત ચિત્તવાળા યોગીને હું સુલભ છું. ।ટ-૧૪।। પરમ મુક્તિને સિદ્ધ મહાત્માઓ પામી દુઃખનાં સ્થાનરૂપ અને નાશવંત પુનર્જન્મને પામતા નથી ।।૮-૧૫।। હે અર્જુન! બ્રહ્મલોક પર્યન્ત જે સર્વ લોક છે તે સર્વ લોકને પામવાથી પણ મનુષ્ય ફરી જન્મ પામે છે; પરંતુ હે કૌન્તેય! મને પામીને ફરી જન્મ પામતો નથી. (૯-૨૫ પણ જોવું) ।।૮-૧૬।।

## સૃષ્ટિમાં બધુંજ આવર્તીત છે

જે સહસ્ત્ર યુગ (અર્થાત્ ૪.૩૨ કરોડ વર્ષ) સુધીનો બ્રહ્માનો જે દિવસ છે અને સહસ્ત્ર યુગ સુધીની જે રાત્રિ છે; તેને જેઓ જાણે છે, તેઓ દિવસ-રાત્રિના પરિણામને જાણનારા છે. ॥૮-૧૭॥ બ્રહ્માના દિવસનો આરંભ થતાં બ્રહ્માની સુષુપ્ત અવસ્થામાંથી સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે અને બ્રહ્માની રાત્રિનો આરંભ થતાં તે જ અવ્યકત નામની અવસ્થામાં લય પામે છે. ॥૮-૧૮॥ હે પાર્થ! તે જ સર્વ ભૂતોનો સમૂહ ઉત્પન્ન થઇ બ્રહ્માની રાત્રિ આવતાં પરવશ થઈ લય પામે છે અને બ્રહ્માનો દિવસ આવતાં ફરી ઉત્પન્ન થાય છે. ॥૮-૧૯॥ પરંતુ આ અવ્યક્તથી શ્રેષ્ઠ બીજો અવ્યક્ત સનાતન અક્ષર બ્રહ્મરૂપ ભાવ છે,તે સર્વ ભૂતો નાશ પામવા છતાં નાશ પામતાં નથી. જે અવ્યક્ત 'અક્ષર' કહેવાય છે એને જ પરમ ગતિ કહે છે; જેને પામીને જ્ઞાનીઓ સંસારમાં પુનર્જન્મ પામતાં નથી, તે મારું પરમ ધામ છે. ॥૮-૨૦,૨૧॥ હે પાર્થ! જેની અંદર આ સર્વ ભૂતો રહ્યા છે અને જેના વડે આ સર્વ સૃષ્ટિ વ્યાપ્ત છે, તે પરમ પુરુષ તો અનન્ય ભકિત્ત વડે પ્રાપ્ત કરવા યોગ્ય છે. (૯-૪, ૧૧-૧૫ પણ જોવું) ॥૮-૨૨॥

## સંસારથી દૂર જવાના બે પ્રમુખ માર્ગ

હે ભરતશ્રેષ્ઠ! જે સમયમાં મુત્યુ પામેલાં યોગીઓ પાછા આવતા નથી તથા જે સમયમાં મરેલાં પાછા જન્મે છે તે કાળ વિશે હું કહું છું.॥૮-૨૩॥ એ બે જાતના માર્ગમાં જયોતિર્મય અગ્નિ, પ્રકાશ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના (જ્ઞાન) છ મહીનાવાળા માર્ગથી જાય છે તે બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે. (અને પુનઃ સંસારમાં પાછા આવતા નથી) (છા.ઉ. ૪-૧૫-૫, ૪-૧૦-૧, બૃ.ઉ. ૬-૨-૧૫, પ્ર.ઉ. ૧-૧૦, અને ઈસા.ઉ. ૧૮ પણ જોવું)॥૮-૨૪॥ ધૂમાડો, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના (અજ્ઞાન) છ મહિનાવાળા માર્ગ થી જનારા યોગી સ્વર્ગસુખ ભોગવી પાછા જન્મે છે.(છા.ઉ. ૫-૧૦-૩ થી ૫,બ્ર.સૂ. ૩-૧-૮, અને ગીતા ૯-૨૧ પણ જોવું) ॥૮-૨૫॥ કેમ કે જગતની આ શુકલ (જ્ઞાન) અને કૃષ્ણ (અજ્ઞાન) ગતિઓ નિત્ય છે; એકમાં ગયેલો પાછો આવતો નથી અને બીજામાં ગયેલો ફરી સંસારમાં જન્મે છે. ॥૮-૨૬॥

## આત્મજ્ઞાનથી મુકિત

હે પાર્થ બંને માર્ગોને જાણનાર યોગી મોહ પામતો નથી. માટે હે અર્જન! તું સર્વકાળે યોગયુકત થા. ॥૮-૨૭॥ આ ગતિઓ વિષે જાણ્યા પછી સર્વ યોગીઓ વેદોમાં, યજ્ઞોમાં, તપમાં તથા દાનોમાં જે પુણ્યનું ફળ શાસ્ત્રમાં કહ્યું છે, તે સર્વને પાર કરી જાય છે અને સનાતન પરમ પદ ને પામે છે. ॥૮-૨૮॥

ૐ તત્સદિતિ અષ્ટમોઽધ્યાયઃ ॥૮॥

અધ્યાય ૯ – રાજવિદ્યારાજગુહ્યયોગ

## બ્રહ્મનું તત્ત્વજ્ઞાન ઘણું જ રહસ્યમય છે

શ્રી ભગવાન બોલ્યાઃ અસૂયા વગરના એવા તને હું આ ગૂઢમાં ગૂઢ વિજ્ઞાનયુકત્ત જ્ઞાન કહું છું. તેને જાણીને તું અશુભથી મુકત્ત થઇશ. ॥૯-૧॥ આ જ્ઞાન બધી વિદ્યાઓનો અને જ્ઞાનનો રાજા, બધી ગૂઢતાનો રાજા, સૌથી ઉત્તમ, શ્રેષ્ઠ ધર્મમય, સુખદ, પ્રત્યક્ષ અનુભવ કરી શકાય એવું, મેળવવામાં સરળ અને અક્ષય છે. ॥૯-૨॥ હે પરંતપ! આ ધર્મમાં જે મનુષ્યો શ્રદ્ધા રાખતા નથી તે મને ન પામતાં મૃત્યુંરૂપ સંસારના માર્ગમાં ભટકયા કરે છે.॥૯-૩॥ આ સર્વ જગત પરબ્રહ્મ પરમાત્મા એવા મારી આદી પ્રકૃતી અર્થાત્ અક્ષરબ્રહ્મનો વિસ્તાર છે. સર્વ ભૂતો મારાંમાં સ્થિત છે,પણ હું તેઓમાં સ્થિત નથી. ॥૯-૪॥ વળી સર્વ ભૂતો મારામાં રહેલાં નથી એમ પણ કહેવાય. મારુ ઐશ્વર્યયુકત યોગબળ તું જો! ભૂતોને ઉત્પન્ન કરનારો તથા ભૂતો ધારણ કરનારો મારો આત્મા ભૂતોમાં સ્થિત નથી. ॥૯-૫॥ જેમ સર્વત્ર ગતિ કરનારો મહાન વાયુ આકાશમાં નિત્ય રહેલો છે, તેમ સર્વ ભૂતો મારામાં સ્થિત છે એમ તું જાણ. ॥૯-૬॥

## સૃષ્ટિ-રચના અને પ્રલયનો સિદ્ધાંત

હે કૌંતેય ! પ્રલયકાળે સર્વ ભૂતો સૃષ્ટિના અંતે મારી પ્રકૃતિમાં લય પામે છે. તેમને હું સૃષ્ટિના આરંભથી ફરી ઉત્પન્ન કરું છું. ॥૯-૭॥ મારી માયામય પ્રકૃતિનો આશ્રય લઈને પ્રકૃતિને વશ હોવાથી પરવશ એવા ભક્તોના સમૂહને હું વારંવાર સર્જુ છું ॥૯-૮॥ હે ધનંજય! વળી તે કર્મોમાં હું આસક્તિરહિત અને ઉદાસીન રહેતો હોવાથી તે કર્મો મને બાંધતા નથી. ॥૯-૯॥ હે કૌન્તેય મારી અધ્યક્ષતાને લીધે મારી પ્રકૃતિ, જડ-ચેતન સહિત સર્વ જગતને ઉત્પન્ન કરે છે. એથી જગતનો ક્રમ ચાલ્યા કરે છે. ॥૯-૧૦॥

## જ્ઞાની અને અજ્ઞાનીઓના માર્ગ

મારા પરમ ભાવને ન જાણનારા અવિવેકી મનુષ્યો જયારે હું મનુષ્ય દેહ ધારણ કરું છું ત્યારે મારી અવજ્ઞા કરે છે. આવા મિથ્યા આશાવાળા, મિથ્યા કર્મવાળા, મિથ્યા જ્ઞાનવાળા અને વિપરીત બુદ્ધિના મનુષ્યો મારી રાક્ષસી, આસુરી અને મોહ પમાડનારી પ્રકૃતિનો આશ્રય કરનારા હોય છે. ॥૯-૧૧,૧૨॥ પરંતુ હે પાર્થ ! મહાત્મા પુરુષો તો દૈવી પ્રકૃતિનો આશ્રય લઈ મને સર્વ ભૂતોના આદિ કારણ રૂપ અને અવિનાશી રૂપે જાણીને અનન્ય મનથી મને ભજે છે. ॥૯-૧૩॥ મને પામવા માટે યત્ન કરતા તેઓ દૃઢ વ્રત ધારણ કરીને સર્વદા મારું કીર્તન કરતાં અને મને નમન કરતા સદા સાવધાન મનવાળા રહી મારી ઉપાસના કરે છે. ॥૯-૧૪॥ઘણા સાધકો જ્ઞાનયજ્ઞથી મારું પૂજન કરી મારી ઉપાસના કરે છે. હું સર્વત્ર રહેલો છું, એવા કેટલાક મનુષ્યો એકત્વપણાથી (અદ્વેતભાવ) તો કેટલાક ભેદભાવથી (દ્વેતભાવ) અને કેટલાક જાતજાતના પ્રકારે મારી ઉપાસના કરે છે. ॥૯-૧૫॥

## બધુંજ પરમાત્માનો વિસ્તાર છે

હું સોમયાગાદિ છું, હું વૈશ્વદેવ યજ્ઞ છું, પિતૃઓને અર્પણ કરાતું અન્ન હું છું, હું ઔષધ છું, હું મંત્ર છું, હું હોમવામાં આવતું ઘી છું, હું અગ્નિ છું અને હોમવાની ક્રિયા પણ હું જ છું. (૪-૨૪ પણ જોવુ) આ જગતનો પિતા, માતા, ધાતા અને પિતામહ પણ હું છું, વેદ વડે જાણવા યોગ્ય, પવિત્ર,ૐકાર, ઋગ્વેદ, સામવેદ અને યર્જુવેદ પણ હું છું. સર્વની કર્મફળરૂપ ગતિ, પોષણકર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, મિત્ર, ઉત્પાદક, સંહારક, સ્થિતિ, આધાર તથા અવિનાશી બીજ પણ હું છું (૭-૧૦ અને ૧૦-૩૯ પણ જોવું). ।।૯-૧૬,૧૭,૧૮।। હે અર્જુન! આ સંસારના હિત માટે હું જ સૂર્યરૂપે તપુ છું, જળ એકત્ર કરુ છું તથા વૃષ્ટિકર્તા હું છું, અમૃત તથા મૃત્યુ, સત્ ને અસત્ હું જ છુ (૧૩-૧૨ પણ જોવુ). ।।૯-૧૯।।

## અનન્ય પ્રેમ-ભક્તિથી મોક્ષ-પ્રાપ્તિ

ત્રણ વેદ જાણનારા તથા (ભક્તિરૂપી) સોમરસ પીનારા પાપરહિત મનુષ્યો મને પૂજી સ્વર્ગપ્રપ્તિની ઈચ્છા કરે છે. તેઓ પુણ્યના ફળરૂપ ઈંદ્રલોકને પામી સ્વર્ગમાં જઈ દેવતાઓના દિવ્ય દેહો મેળવી ભોગો પ્રાપ્ત કરે છે. ।।૯-૨૦।। તે જીવો સ્વર્ગલોક ભોગવી પુણ્યનો ક્ષય થાય છે ત્યારે ફરી મનુષ્યલોક પામે છે; એમ વેદધર્મનો આશ્રય કરનારા અને દિવ્ય ભોગોને ઈચ્છતા મનુષ્યો સંસારમાં આવ – જા કરે છે (૮-૨૫ પણ જોવુ). ।।૯-૨૧।। જે અનન્ય ભાવે મારું ચિંતન કરતાં મને ઉપાસે છે, તે નિષ્કામ ભક્તો નિત્ય મારામાં તત્પર રહે છે. તથા તેમના યોગક્ષેમનો ભાર હું ઉઠાવું છું. ।।૯-૨૨।। હે કૌન્તેય ! જે ભક્તો શ્રદ્ધાપૂર્વક બીજા દેવતાઓની ઉપાસના કરે છે, તેઓ પણ અવિધિ પૂર્વક તો મનેજ પૂજે છે. ।।૯-૨૩।।

ખરેખર સર્વ યજ્ઞોનો ભોક્તા અને ફળ આપનાર પરમાત્મા હું જ છું. આમ જેઓ મને તત્ત્વથી જાણતા નથી; તેઓ બીજાને ઉપાસી જન્મ – મૃત્યુના ચક્રમાં પડે છેં. ।।૯-૨૪।। દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું પૂજન કરનારા પિતૃઓને પામે છે, ભૂત–પ્રેતનું પૂજન કરનારા ભૂતોને પામે છે અને મને પૂજનારા મને જ પામે છે (અને તેમનો પુનર્જન્મ થતો નથી) (૮-૧૬ પણ જોવુ). ।।૯-૨૫।। જે મને ભક્તિ પૂર્વક પત્ર, પુષ્પ, ફળ,પાણી વગેરે અર્પણ કરે છે, તે શુદ્ધ ચિત્તવાળાના ભક્તિપૂર્વક અર્પણ કરેલા પદાર્થો હુ ગ્રહણ કરું છું. (ભા.પુ. ૧૦-૮૧-૧૪ પણ જાવુ) ।।૯-૨૬।। હે કૌન્તેય ! તું જે કરે છે, જે ખાય છે, જે હોમે છે, જે દાન કરે છે, જે તપ કરે છે, તે સર્વ મને અર્પણ કર (૧૨-૧૦ અને ૧૮-૪૬ પણ જોવુ).।।૯-૨૭।। એ રીતે પ્રભુને અર્પણ કરવાથી તું શુભાશુભ ફળવાળાં કર્મબધનોથી મુક્ત્ત થશે અને સંન્યાસયોગવાળો બની સપૂર્ણ મુક્ત્ત થઈ મને પાપ્ત કરશે ।।૯-૨૮।।

## કોઈ અક્ષમ્ય પાપી નથી

હું સર્વ ભૂતોમાં સમભાવમાં છું. મને કોઈ દ્વેષ કરવા યોગ્ય નથી કે પ્રિય નથી; તો પણ જેઓ મને ભક્તિથી ભજે છે, તેઓ મારામાં છે અને હુ તેઓમાં સ્થિત છુ (૭-૧૮ પણ જોવુ). ।।૯-૨૯।। અત્યંત દૂરાચારી અનન્યભાવથી જો મને ભજો તો તેને શ્રેષ્ઠ જ માનવો,કારણ કે તે મારાંમાં ઉત્તમ નિશ્ચયવાળો થયો છે.।।૯-૩૦।। તે જલ્દી ધર્માત્મા થાય છે અને નિત્ય શાંતિ મેળવે છે. હે કૌન્તેય! તું અવશ્થ સમજી લે કે મારો
ભક્ત્ત કદી નાશ પામતો નથી' ।।૯-૩૧।।

## ભક્તિમાર્ગ બીજા માર્ગો કરતાં સરળ

કેમ કે પાર્થ ગમે તેવા પાપકર્મી હોય અથવા સ્ત્રીઓ,વૈશ્યો કે શૂદ્રો હોય, પણ તેઓ શ્રદ્ધાથી મારો આશ્રય કરે તો તે પરમગતિ પ્રાપ્ત કરે છે.।।૯-૩૨।। તો પછી પુણ્યશાળી બ્રાહ્મણો,ભક્ત્તો તથા રાજર્ષિ પરમ ગતિ પામે એમાં વિસ્મય શું? ક્ષણભંગુર અને સુખરહિત આ લોકોને પામેલો તું મને જ ભજ.।।૯-૩૩।। તું મારામાં ચિત્ત રાખ,મારો ભકત થા અને મને પૂજનારો થા અને મને નમસ્કાર કર. એ પ્રકારે મારામાં અતંકરણને જોડી મારા પરાયણ થયેલો તું નિઃશંક મને જ પામીશ.।।૯-૩૪।।

ૐ તત્સદિતિ નવમોડધ્યાયઃ ।।૯।।

# ૧૦. વિભુતિયોગ

## પરમાત્મા બધી વસ્તુનું મૂળ છે

શ્રીભગવાન બોલ્યા હે અર્જુન મારા પરમ વચનને તુ ફરી સાભળ જેને હું તારા જેવા અતિશય પ્રેમ રાખનારના હિત માટે કહીશ (૧૦.૦૧). મારી ઉત્પત્તિને દેવતા, મહર્ષિ વગેરે કોઈ પણ જાણતા નથી, કારણ કે હુ બધા દેવતાઓ તથા મહર્ષિઓનુ પણ આદિ કારણ છુ. (૧૦.૦૨).જે મને અજન્મા અનાદિ અને સર્વ લોકોના મહાન ઇશ્વર જાણે છે, તે મનુષ્યોમાં જ્ઞાની છે અને બધા પાપોમાંથી છુટી જાય છે.(૧૦.૦૩). બુધ્ધિ, જ્ઞાન, મોહરહિત, ક્ષમા, સત્ય,ઈન્દ્રિયનિગ્રહ,મનનો નિગ્રહ, સુખ,દુઃખ, ઉત્પત્તિ, નાશ (પ્રલય), ભય, અભય, અહિંસા, સમભાવ (સમતા), સંતોષ, તપ, દાન, યશ, અપયશ વિગેરે પ્રાણિઓના જુદા જુદા પ્રકારના ભાવો મારામાંથી જ પ્રકટ થાય છે. (૧૦.૦૪-૫). સાત મહર્ષિ ,એના પહેલાંના ચાર સનકાદિ અને ચૌદ મનુએ બધા મારા સંકલ્પથી ઉત્પન્ન થયેલા છે, જેમની સંસારમાં આ સારી (સઘળી) પ્રજા છે. (૧૦.૦૬). જે મનુષ્ય મ ારી આ વિભૂતિ અને યોગમાયાને તત્વથી જાણે છે, તે અવિચળ ભકિતયોગથી યુકત થઈ જાય છે, એમાં કંઈ પણ સંશય નથી. (૧૦.૦૭). હું જ સર્વની ઉત્પત્તિનું કારણ છુ અને મારાથી જ જગતનો વિકાસ થાય છે. એવું જાણી બુધ્ધિમાન ભકતો શ્રધ્ધાપૂર્વક મને પરમેશ્વરને જ ભજે છે. (૧૦.૦૮). મારામાં જ ચિત્તને સ્થિર રાખનાર અને મારી શરણમાં આવનાર ભકતો પરસ્પર મારા ગુણ, પ્રભાવનું કથન કરતાં કરતાં નિરંતર સંતોષી રહીને રમ્યા કરે છે. (૧૦.૦૯)

## પ્રભુ ભકતોને જ્ઞાન આપે છે

નિરંતર મારા ધ્યાનમાં રહી પ્રેમપૂર્વક મારું ભજન કરનાર ભકતોને હું બ્રહ્મજ્ઞાન તથા વિવેક આપુ છું, જેનાથી તેઓ મને પામે છે. (૧૦.૧૦). એમના ઉપર કૃપા કરી એમના અંતઃકરણમાં રહેનાર, હું એમના અજ્ઞાનજનિત અંધકારને તત્વજ્ઞાન રૂપી દીપક દ્વારા નષ્ટ કરી દઉં છું. (૧૦.૧૧) અર્જુન બોલ્યા- આપ પરબ્રહ્મ, પરમધામ અને પરમ પવિત્ર છો, આપ સનાતન દિવ્ય પુરુષ આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી છો, એવું દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસ વિગેરે સમસ્ત ઋષિજન તથા આપ પોતે પણ મને કહો છો. (૧૦.૧૨-૧૩).

### બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ કોઇ જાણતું નથી

હે કેશવ, મને આપ જે કંઇ કહી રહ્યાં છો એ સર્વને હું સત્ય માનું છું. હે ભગવાન, આપનું વાસ્તવિક સ્વરૂપ ન તો દેવતા જાણે છે અને ન તો દાનવ. (૪.૦૬ પણ જોવો) (૧૦.૧૪).હે પ્રાણિઓને ઉત્પન્ન કરનાર, હે ભૂતેશ, હે દેવોના દેવ, જગતના સ્વામી, પુરુષોત્તમ, આપ પોતે જ આપને જાણો છો. (૧૦.૧૫). માટે આપની જે દિવ્ય વિભૂતિઓ -- જેનાથી આપ આ સકળ લોકોમાં વ્યાપી રહેલા છો -- સંપુર્ણ રીતે વર્ણન કરવામાં આપ જ સમર્થ છો. (૧૦.૧૬). હે યોગેશ્વર, હું આપને નિરંતર ચિંતન કરતો કેવી રીતે જાણી શકું અને હે ભ ગવન , કયા કયા ભાવો દ્વારા હું આપનું ચિંતન કરું ? (૧૦.૧૭). હે જનાર્દન, તમો તમારી યોગશકિત અને વિભૂતિઓને ફરીથી વિસ્તાર પૂર્વક કહો, કારણ કે તમારા અમૃત જેવાં વચનોને સાંભળીને તૃપ્તિ થતી નથી. (૧૦.૧૮).

### સંપુર્ણ સૃષ્ટિ પરબ્રહ્મનો વિસ્તાર છે

શ્રી ભગવાન બોલ્યા - હે કુરુશ્રેષ્ટ, હવે હું મારી મુખ્ય દિવ્ય વિભૂતિઓને તારા માટે સંક્ષેપમાં કહીશ, કેમ કે મારા વિસ્તારનો તો અંતજ નથી (૧૦.૧૯). હે અર્જુન, હું સર્વ પ્રાણિઓના અન્તઃકરણમાં (હૃદયમાં) રહેલો આત્મા છું તથા સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ હું જ છું. (૧૦.૨૦). હું અદિતિના (બાર) પુત્રો માં વિષ્ણુ અને જ્યોતિઓમાં પ્રકાશમાન સૂર્ય છું, વાયુ દેવતાઓ માં મરીચિ અને નક્ષત્રોંમાં ચંદ્ર છું. (૧૦.૨૧). હું વે દોમાં સામવેદ છું, દેવોમાં ઈન્દ્ર છું, ઈન્દ્રિઓમાં મન છું અને પ્રાણિઓની ચેતના છું. (૧૦.૨૨). હું રુદ્રોમાં શંકર છું.યક્ષ તથા રાક્ષસોમાં ધનપતિ કુબેર છું. વસુઓમાં અગ્નિ અને પર્વતોમાં સુમેરુ પર્વત છું. (૧૦.૨૩). હે પાર્થ, મને પુરોહિતોંમાં એના મુખ્ય બૃહસ્પતિ જાણ, હું સેનાપતિઓમાં સ્કંદ અને જળાશયોમાં સમુદ્ર છું. (૧૦.૨૪). હું મહર્ષિઓમાં ભૃગુ અને શબ્દોમાં ઓંકાર છું. હું યજ્ઞોમાં જપયજ્ઞ અને સ્થિર રહેનારમાં હિમાલય પર્વત છું. (૧૦.૨૫).

### દૈવી વિભુતિઓનું સંક્ષિપ્ત વર્ણન

હું સર્વ વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, દેવર્ષિઓમાં નારદ, ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલ મુનિ છું. (૧૦.૨૬). હું અશ્વોમાં (ઘોડાઓમાં) અમૃતની સાથે સમુદ્રમાંથી પ્રકટ થયેલા ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, હાથીઓમાં ઐરાવત અને મનુષ્યોમાં રાજા, શસ્ત્રોમાં વજ,ગાયોમાં કામધેનુ,સંતાનની ઉત્પત્તિ માટે કામદેવ અને સર્પોમાં વાસુકિ છું. (૧૦.૨૭-૨૮). હું નાગોમાં શેષનાગ, જળનાં દેવતાઓમાં વરુણ, પિતૃઓમાં અર્યમા અને શાસન કરનારમાં યમરાજ, દિતિના વંશોમાં પ્રહ્લાદ, ગણના કરનારમાં સમય, પશુઓમાં સિંહ અને પક્ષીઓમાં હું ગરુડ છું. (૧૦.૨૯-૩૦). હું પવિત્ર કરનારમાં વાયુ છું અને શત્રધારીઓમાં રામ છું, જળચરોમાં મગર અને નદીઓમાં પવિત્ર ગંગા નદી છું.(૧૦.૩૧). હે અર્જુન, સારી સૃષ્ટિમાં આદિ, મધ્ય અને અંત પણ મારામાંથી જ થાય છે, હું વિદ્દયાઓમાં અધ્યાત્મ વિદ્દયા અને વિવાદ કરનારનો તર્ક છું.(૧૦.૩૨). હું અક્ષરોમાં અકાર અને સમાસોમાં દ્વન્દ્વ સમાસ છું. અક્ષયકાળ અર્થાત અકાળ પુરુષ તથા વિરાટ સ્વરૂપથી સર્વનું પાલન-પોષણ કરનાર પણ હું છું. (૧૦.૩૩). હું સર્વનો નાશ કરનાર મૃત્યુ અને ભવિષ્યમાં થનારની ઉત્પત્તિનું કારણ છું. સંસારની સાત શ્રેષ્ઠ દેવીઓ - જે કીર્તિ,શ્રી,વાણી, સ્મૃતિ, મેઘા, ધૃતિ, અને ક્ષમાની અધિષ્ઠાત્રી છે, તે પણ હું જ છું. (૧૦.૩૪) હું સામવેદમાં ગવાતા મંત્રોમાં બૃહત્સામ, વૈદિક છંદોમાં ગાયત્રી છંદ, મહિનાઓમાં માગસર અને ઋતુઓમાં વસંત ઋતુ છું. (૧૦.૩૫).

હું છળ કરનારાઓમાં જુગાર, તેજસ્વીઓમાં તેજ, તથા વિજય, નિશ્ચય અને સાત્વિક મનુષ્યોમાં સાત્વિક ભાવ હું જ છું. (૧૦.૩૬). હું વૃષ્ણિવંશીઓમાં કૃષ્ણ, પાંડવોમાં અર્જુન, મુનિઓમાં વ્યાસ અને કવિઓમાં શુક્રાચાર્ય છું. (૧૦.૩૭). હું દમન કરનારમાં દંડનીતિ અને વિજય ઈચ્છનારાઓમાં નીતિ છું. હું ગુપ્તનીય ભાવોમાં મૌન છું. જ્ઞાનીઓનું તત્વજ્ઞાન છું. (૧૦.૩૮). હે અર્જુન, સર્વ પ્રાણીઓનું ઉત્પતિનું બીજ હું જ છું,કારણ કે ચર અને અચર કોઈનું અસ્તિત્વ મારા વગર નથી (અર્થાત બધુજ મારું સ્વરૂપ છે). (૭.૧૦,૯.૧૮ પણ જુઓ). (૧૦.૩૯).

### સૃષ્ટિ પરબ્રહ્મનો લઘુતમ અંશ માત્ર

હે અર્જુન, મારી દિવ્ય વિભૂતિઓનો અંત જ નથી, મે તને મારી વિભૂતિઓના વિસ્તારનું વર્ણન સંક્ષેપમાં કહ્યું છે.(૧૦.૪૦). જે જે વિભ ૂતિયુકત (ઐશ્વર્યવાળી), કાન્તિયુકત (શોભાવાળી) અને શકિતયુકત વસ્તુ છે, તેને તું મારા તેજનું એક અંશથી જ ઉત્પન્ન થઈ જાણ. (૧૦.૪૧). હે અર્જુન, તને બહું જાણવાની શી જરૂર છે? હું મારા તેજ અર્થાત યોગમાયાના એક અંશમાત્રમાંથી જ સર્વ જગતને ધારણ કરીને સ્થિર રહું છું. (૧૦.૪૨).

ૐ તત્સદિતિ દશમોધ્યાયઃ॥૧૦॥

## ૧૧ વિરાટરૂપદર્શનયોગ

### પ્રભુદર્શન ભકતનો પરમ ધ્યેય

અર્જુન બોલ્યા- આપને મારા પર કૃપા કરીને જે પરમ ગોપનીય અધ્યાત્મતત્વ કહ્યુ, જેનાથી મારો ભ્રમ નષ્ટ થયો છે. (૧૧.૦૧). હે કમલનયન કૃષ્ણ, મેં આપની પાસેથી પ્રાણિઓની ઉત્પતિ અને પ્રલય તથા આપનો અવિનાશી માહાત્મયને વિસ્તારપૂર્વક સાંભળ્યાં. (૧૧.૦૨). હે પરમેશ્વર, આપ પોતાને જેવા કહો છો, તે ઠીક છે, પરંતુ હે પુરોષોત્તમ, હું તમારું ઇશ્વરીય રૂપને મારી આંખોથી જોવા ઇચ્છું છું.(૧૧.૦૩). હે પ્રભો, જો આપને લાગે કે મારાથી આપનું વિરાટરૂપ જોવાનું સંભવ છે, તો હે યોગેશ્વર, આપ પોતાના દિવ્ય વિરાટરૂપનું દર્શન કરાવો. (૧૧.૦૪). શ્રી ભગવાન બોલ્યા- હે પાર્થ, હવે તું મારા અનેક જાતના અને અનેક રંગ તથા આકૃતિવાળા સેંકડો-હજારો દિવ્યરૂપોને જો. (૧૧.૦૫). હે ભારત, મારામાં અદિત્યો, વસુઓ, રુદ્રો તથા અશ્વિનીકુમારો અને મરુદગણોને જો તથા બીજાં ઘણાં-બધાં પહેલાં ન જોયેલા આશ્ચર્યમય રૂપને જો. (૧૧.૦૬). હે, અર્જુન, હવે મારા શરીરમાં એક જ જગ્યા પર સ્થિર રહેલા ચર અને અચર સાથે સારા જગતને તથા જે પણ જોવા ઇચ્છતો હોય, તેને પણ જોઇ લે. (૧૧.૦૭). પરંતુ તું તારી આ આંખોથી મને નહિ જોઇ શકે, એટલે મારી યોગશકિતને જોવા માટે હું તને દિવ્ય દ્રષ્ટિ પ્રદાન કરું છું.(૧૧.૦૮).

## શ્રીકૃષ્ણે અર્જુનને વિરાટ વિશ્વરૂપનું દર્શન કરાવ્યું

સંજય બોલ્યા- હે રાજન, મહાયોગેશ્વર હરિએ એવું કહિને અર્જુનને ઐશ્વર્યયુકત પરમ દિવ્યરૂપનું દર્શન કરાવ્યું. (૧૧.૦૯). અર્જુને ભગવાન શ્રી કૃષ્ણના અનેક મુખ અને નેત્રોવાળા અદભુત દ્રશ્યોવાળા, અનેક દિવ્ય આભૂષણોવાળા, ઘણાં બધા દિવ્ય શસ્ત્રોને હાથમાં લીધેલા, દિવ્ય માળા અને વસ્ત્રોને ધારણ કરેલા, દિવ્ય ગંધનું લેપવાળું, સર્વ પ્રકારના આશ્ચર્યોથી યુકત, અનંત વિરાટ સ્વરૂપનું દર્શન કર્યુ. (૧૧.૧૦-૧૧). આકાશમાં હજારો સૂર્યોના એક સાથે ઉદય થવાની સાથે જે પ્રકાશ ઉત્પન થાય તે પણ વિશ્વરૂપ પરમાત્માના પ્રકાશના જેટલો ભાગ્યે જ હોય.(૧૧.૧૨). એ વખતે પાંડુપુત્ર અર્જુને દેવોના દેવ શ્રીકૃષ્ણ ભગવાનના દિવ્ય શરીરમાં- અનેક પ્રકારના વિભાગોમાં વિભકત પરંતુ એક જ જગ્યામાં એકત્રિત- સંપૂર્ણ જગતને જોયું.(૧૩.૧૬,૧૮.૨૦ ને જુઓ) (૧૧.૧૩).

## પ્રભુ -દર્શન માટે બધા યોગ્ય નથી, નથી બધા દીક્ષિત

(ભગવાનનું વિરાટ સ્વરૂપ જોઇને) અર્જુન બહુજ ચકિત થયો અને આશ્ચર્યથી એનું શરીર પુલકિત થઈ ગયું. અર્જુને હાથ જોડી વિરાટરૂપ દેવને (શ્રધ્ધા અને ભકિત સાથે) માથું નમાવી પ્રણામ કરીને કહયું. (૧૧.૧૪). અર્જુન બોલ્યા-હે દેવ, હું આપના શરીરમાં દેવતાઓને, પ્રાણીઓના અનેક સમુદાયોને, કમલ પર બેઠેલા બ્રહ્માજી, મહાદેવજી સમસ્ત ઋષિગણ અને દિવ્ય સર્પોને જોઇ રહયો છું. (૧૧.૧૫). હે વિશ્વેશ્વર, આપને હું અનેક હાથો, પેટો, મુખો અને નેત્રોવાળા તથા સર્વ બાજુએ અનન્ત રૂપવાળા જોઉ છું. હે વિશ્વરૂપ,હું આપનો ન તો અંત,ન તો મધ્ય અને ન તો આદિને જોવું છું. (૧૧.૧૬). હું આપનો મુકુટ, ગદા અને ચક્ર ધારણ કરેલા બધી બાજુથી પ્રકાશમાન તેજના પૂંજ જેવા, પ્રજ્વલિત અગ્નિ અને સૂર્ય જેવા જ્યોતિવાળા તથા નેત્રોથી જોવામાં અત્યંત મુશ્કેલ અને અપરિમિત રૂપને જોઈ રહયો છું. (૧૧.૧૭). આપ જ જાણવા યોગ્ય અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા છો, આપ જ આવિશ્વના પરમ આશ્રય છો. સનાતન ધર્મના રક્ષક છો, આપ જ અવિનાશી સનાતન પુરુષ છો,એવો મારો મત છે.(૧૧.૧૮). હું આપને આદિ, મધ્ય અને અંત વિનાના તથા અનંત પ્રભાવશાળી અને અનંત ભુજાવાળા તથા ચંદ્રમા અને સૂર્યના જેવા નેત્રોવાળા અને પ્રજ્વલિત અગ્નિરૂપી મુખોવાળા તથા પોતાના તેજથી વિશ્વને તપાવો છો તે જોઇ રહ્યો છું. (૧૧.૧૯). હે મહાત્મન્ , સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચેનું આ સંપૂર્ણ આકાશ તથા સર્વ દિશાઓ કેવલ (એકમાત્ર) આપનાથી જ વ્યાપેલાં છે. આપનું આ અલૌકિક અને ભયંકર રૂપને જોઈને ત્રણે લોક થથરી રહ્યા છે. (૧૧.૨૦). સર્વ દેવતાઓના સમૂહો આપનામાં પ્રવેશ કરી રહ્યા છે, અને કેટલાક ભયભીત થઈ હાથ જોડીને તમારા નામ અને ગુણોના ગાન ગાઇ રહ્યા છે. મહર્ષિઓ અને સિદ્ધોના સમુદાયો "કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ" કહીને ઉત્તમ સ્તોત્રો ગાઇ આપની સ્તુતિ કરી રહ્યા છે. (૧૧.૨૧). રુદ્ર, આદિત્ય, વસુ, સાધ્ય, વિશ્વેદેવ, અશ્વિનીકુમાર, મરુત, પિતૃ, ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધગણ- એ સર્વ ચકિત થઈને આપને જોઈ રહ્યા છે. (૧૧.૨૨). હે મહાબાહો, આપના ઘણાં મુખો તથા નેત્રોવાળા, ઘણા હાથો, જંઘા તથા ઘણા પગોવાળા, ઘણા પેટોવાળા તથા ઘણીજ ભયંકર દાઢોવાળા મહાન રુપને જોઈને સર્વ પ્રાણી વ્યાકુળ થઈ રહ્યા છે, તથા હું પણ વ્યાકુળ થઈ રહ્યો છું. (૧૧.૨૩).

## વિરાટ વિશ્વરુપ દર્શનથી અર્જુનને ભય

હે વિષ્ણુ, આકાશને સ્પર્શ કરતા દેદીપ્યમાન, અનેક રંગોથી ફેલાયેલું મુખ અને પ્રકાશમાન વિશાળ નેત્રોવાળા તમને જોઈને હું ભયભીત થઈ રહ્યો છું તથા ધીરજ અને શાંતિ નથી પામતો.(૧૧.૨૪). આપની વિકરાળ દાઢોવાળો, પ્રલયની અગ્નિ જેવો પ્રજ્વલિત મુખોને જોઇને મને ન તો દિશાઓનું જ્ઞાન રહ્યું છે અને ન તો શાંતિ મળી રહી છે. એટલે હે દેવેશ, હે જગતના પાલનહાર, આપ પ્રસન્ન થાઓ.(૧૧.૨૫). રાજાઓનો સમુદાય- ભીષ્મ , દ્રોણ, કર્ણ અને આપણા પક્ષના મુખ્ય યોદ્ધાગણ- સાથે ધૃતરાષ્ટ્રના બધા જ પુત્ર ઘણા વેગથી આપના વિકરાળ દાઢોવાળા ભયાનક મુખોમાં પ્રવેશ કરી રહ્યા છે. એમાનાં કેટલાક તો ભુક્કો થયેલાં માંથા સાથે , આપના દાંતોની વચ્ચે ભીસાયેલા દેખાય રહ્યાં છે.(૧૧.૨૬-૨૭). જેમ નદીઓના ઘણાં બધા જળપ્રવાહો સ્વાભાવિક રીતે સમુદ્રની તરફ જાય છે, તેમ જ સંસારના શૂરવીર પણ આપના પ્રજ્વલિત મુખોમાં પ્રવેશ કરી રહ્યાં છે. (૧૧.૨૮). જેમ પતંગિયાં પોતાના નાશ માટે પ્રજ્વલિત અગ્નિમાં ઘણા વેગથી દોડીને પ્રવેશ કરે છે, તેમ જ એ બધા લોક પણ પોતાના નાશ માટે તમારા મુખોમાં ઘણા જ વેગથી દોડીને પ્રવેશ કરી રહ્યાં છે.(૧૧.૨૯). આપ સર્વ લોકોને પ્રજ્વલિત મુખો દ્વારા ગ્રાસ કરતા બધી બાજુથી ચાટી રહ્યાં છો, અને હે વિષ્ણુ આપનો ઉગ્ર પ્રકાશ એના તેજથી આખા જગતને પરિપૂર્ણ કરીને તપાવી રહ્યો છે. (૧૧.૩૦). મને એ બતાવો કે ઉગ્રરૂપવાળા આપ કોણ છો? હે દેવોમાં શ્રેષ્ઠ, આપને મારા નમસ્કાર, આપ મારાથી પ્રસન્ન થાઓ. આદિ પુરુષ, હું આપને તત્વથી જાણવા માગું છું, કારણ કે હું આપની પ્રવૃત્તિને નથી સમજી શકતો. (૧૧. ૩૧).

## આપણે બધા દૈવી નિમિત્ત માત્ર

શ્રીભગવાન બોલ્યા- હું સંપૂર્ણ લોકોનો નાશ કરનાર મહાકાળ છું અને આ સમયે સર્વ લોકોનો સંહાર કરવા માટે અહીં આવ્યો છું. તમારી પ્રતિપક્ષમાં જે યોદ્ધા લોકો ઊભા છે, એ સર્વ તું યુદ્ધ ન કરે તો પણ જીવતા નથી રહેવાના.(૧૧.૩૨). તેથી- તું યુદ્ધ માટે તૈયાર

થઈ જા અને યશ મેળવ, શત્રુઓને જીતી સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ. આ બધા યોદ્ધાઓ પહેલેથી જ મારા વડે હણાયેલા છેં. હે અર્જુન, તું કેવળ નિમિત્ત જ બન.(૧૧.૩૩).દ્રોણ, ભીષ્મ,જયદ્રથ, કર્ણ તથા બીજા ઘણા બધા પણ મારા વડે હણાયેલાં વીર યોદ્ધાઓને તું માર. ભય રાખીશ મા, ચોક્કસ તું યુદ્ધમાં જીતીશ, એટલા માટે યુદ્ધ કર.(૧૧.૩૪).

### અર્જુન દ્વારા વિશ્વરુપની વંદના

સંજય બોલ્યા-ભગવાન કૃષ્ણના વચનને સાંભળીને મુકુટધારી અને અત્યંત ભયભીત અર્જુન હાથ જોડી ધ્રજતા ધ્રજતા નમસ્કાર કરીને ગદ્ગદ વાણીથી શ્રીકૃષ્ણને કહ્યું. (૧૧.૩૫). અર્જુન બોલ્યા- હે અંતર્યામી ભગવાન, આ બધુ યોગ્ય જ છે. કે આપનાં (નામ, ગુણ, લીલા વગેરેનુ ) કીર્તનથી જગત હર્ષિત થઈ પ્રેમમય બની રહ્યું છેં. ભયભીત રાક્ષસ લોક બધી બાજુ ભાગી રહ્યાં છે તથા સિદ્ધગણ તમોને નમસ્કાર કરી રહ્યાં છે.(૧૧.૩૬). હે મહાત્મા, તે તમોને-જે બ્રહ્માજીથી પણ મોટા અને આદીકર્તા છે-કેમ નમસ્કાર ન કરેં? કારણ કે હે અનન્ત, હે દેવેશ હે જગતના પાલનકર્તા, જે સત્ય, અસત્ય અને એ બેથી પણ પર પરબ્રહ્મ છે, તે આપ જ છો.(૧૧.૩૭). આપ જ આદિદેવ અને સનાતન પુરુષ છો. આપ જ જગતનો આધાર, બધાને જાણનાર, જાણવા યોગ્ય તથા પરમ ધામ છો. હે અનન્તરૂપ, આ બધો સંસાર (વિશ્વ) આપનાથી વ્યાપ્ત છે.(૧૧.૩૮). આપજ વાયુ, યમરાજ, અગ્નિ, વરુણ, ચંદ્રમા,પ્રજાપતિ બ્રહ્મા અને બ્રહ્માના પિતા છો. આપને મારા હજાર વાર નમસ્કાર, નમસ્કાર અને ફરી પાછા વારંવાર નમસ્કાર હો.(૧૧.૩૯). હે અનંત સામર્થ્યવાળા ભ ગવાન, આપને આગળથી અને પાછળથી પણ નમસ્કાર. હે સર્વાત્મન્, આપને બધી બાજુથી નમસ્કાર. આપ અનંત પરાક્રમી અને શકિતશાળી છો. સર્વમાં વ્યાપ્ત રહેલાં છો એટલે બધુ જ તથા સર્વ જગત જ આપ છો. (૧૧.૪૦). હે ભગવાન, તમારા મહિમાને ન જાણવાને કારણ, તમોને મિત્ર માનીને, પ્રેમથી અથવા લાપરવાથી મેં “હે કૃષ્ણ, યાદવ, હે સખા,” વગેરે કહ્યું છે. (૧૧.૪૧). અને હે અચ્યુત, આપ જે મારા વડે વિનોદમાં, રમતાં, સૂતાં બેસતાં અને ખાતી વખતે-એકલા અથવા બીજાની સામે પણ અપમાનિત કર્યા છે, એ બધા માટે હે અપરિમિત ભગવાન્, હું

તમારી ક્ષમા માગું છું. (૧૧.૪૨). આપ આ ચરાચર (ચેતન અને જડ) જગતના પિતા અને સર્વશ્રેષ્ઠ પૂજ્યનીય ગુરુ છો. હે અતિશય પ્રભાવ વાળા, ત્રણે લોકમાં તમારા જેવા બીજા કોઈ પણ નથી, પછી ચઢિયાતો તો કયાંથી હોઈ શકે?(૧૧.૪૩). માટે હે ભ ગવન્ હું તમારા ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને તમોને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના કરુ છું. હે દેવ, જેમ પિતા પુત્રને, મિત્ર એના મિત્રને અને પતિ પત્નીને એના અપરાધને ક્ષમા કરે છે, તેવી રીતે તમો પણ મારા અપરાધને ક્ષમા કરો. (૧૧.૪૪). મેં પહેલાં ન જોયેલું જાણેલું તમારુ આ રુપને જોઈને હર્ષ પામું છું તથા ભયથી મારું મન અત્યંત વ્યાકુળ પણ થઈ રહ્યું છેં. તેથી હે દેવેશ, હે જગતના આશ્રય, તમો પ્રસન્ન થાવ અને મને તમારું(ચતુર્ભુજ) દેવરૂપ દર્શાવો. (૧૧.૪૫).

### પ્રભુના સાકાર રુપનું દર્શન સંભવ છે

હું તમોને મુકુટધારી તથા ગદા અને ચક્ર હાથમાં ધારણ કરેલા જોવા ઈચ્છું છું. એટલા માટે હે વિરાટરુપ, હે હજાર હાથવાળા, તમારુ તે જ ચતુર્ભુજ રુપમાં પ્રગટ થાઓ. (૧૧.૪૬). શ્રી ભગવાન બોલ્યા- હે અર્જુન, તારા પર પ્રસન્ન થઈને મેં-મારી યોગમાયાના બળથી -મારુ આ પરમ, તેજોમય, વિરાટ, અનંત અને મુળરુપ તને બતાવ્યું છેં, જેને તારા પહેલા કોઈએ નથી જોયું.(૧૧.૪૭). હે કુરુપ્રવીર, તારા સિવાય આ મનુષ્યલોકમાં બીજા કોઈનાથી • ન તો વેદ વાંચવાથી, ન તો યજ્ઞથી, ન તો દાનથી, ન તો ઉગ્રતપથી અને ન તો વૈદિક ક્રિયાઓથી • હું આ રુપમાં જોઈ શકાઉ છું.(૧૧.૪૮). મારા આ વિકરાળ રૂપને જોઈને તને વ્યાકુળતા અને અતિ મૂઢતા ન થવી જોઈએ. નિર્ભય અને પ્રસન્ન ચિત્તે હવે તું મને (શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલું) ચતુર્ભુજરુપે જો.(૧૧.૪૯). સંજય બોલ્યા-
ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને એવું કહીને એણે એમનું ચતુર્ભુજ રુપ બતાવ્યું અને સદર મનુષ્યરુપ ધારણ કરી મહાત્મા કૃષ્ણે ભયભીત થયેલાં અર્જુનને આશ્વાસન આપ્યું.(૧૧.૫૦). અર્જુન બોલ્યા-હે જનાર્દન, આપનું આ સુંદર મનુષ્યરુપને જોઈને હવે હું શાંતચિત્ત થઈ મારી સ્વભાવિક સ્થિતિને પામી ગયો છું.(૧૧.૫૧).

### ભકિત દ્વારા પ્રભુ દર્શન

શ્રી ભગવાન બોલ્યા-મારું જે ચતુર્ભુજ રુપને તેં જોયું છે, એનાં દર્શન બહુ જ દુર્લભ છે. દેવતાઓ પણ હંમેશા આ રુપનાં દર્શનની ઝંખના કર્યા કરે છેં.(૧૧.૫૨). આ ચતુર્ભુજ રુપમાં-જેવો તેં મને જોયો છે-તે હું ન તો વેદ વાંચવાથી, ન તો તપથી,ન તો દાનથી અને ન યજ્ઞ કરવાથી જોઈ શકાઉ છું.(કઠો.ઉ.૨.૨૭માં જોવો)(૧૧.૫૩). પરંતુ હે પરન્તપ અર્જુન,માત્ર અનન્ય ભકિત દ્વારા જ હું આ ચતુર્ભુજ રુપમાં જોઈ શકાઉ, તત્વથી જાણી શકાઉ તથા પ્રાપ્ત પણ કરી શકાઉ છું. (૧૧.૫૪) હે અર્જુન, જે મનુષ્ય કેવળ મારા માટે જ એના સર્વ કર્તવ્ય-કર્મો કરે છે, મારા પર જ ) ભરોસો રાખે છે, મારો ભકત છે તથા જે આસકિત વિનાનો અને વેરરહિત છે, તે મને પ્રાપ્ત કરે છે. (૮.૨૨ પણજોવ) (૧૧.૫૫).

ૐ તત્સદિતિ એકદશોડધ્યાયઃ॥૧૧॥

## ૧૨. ભકિતયોગ

અર્જુન બોલ્યા-જે ભકત નિરંતર યુકત રહીને પહેલાં કહ્યા પ્રમાણે આપને ભજે છે. (આપનાં આ કૃષ્ણ સ્વરુપ સગુણ સાકાર રુપને) તથા જે ભકત મન અને વાણીથી પર (અવ્યકત) અક્ષરબ્રહ્મને નિરાકાર માની એની ઉપાસના કરે છે, આ બન્નેમાં ઉત્તમ યોગી કોણ છે?(૧૨.૦૧).

### સાકારની ઉપાસના કરે કે નિરાકાર બ્રહ્મની?

શ્રી ભગવાન બોલ્યા-જે ભકતજનો મારામાં મનને એકાગ્ર કરી નિરંતર થઈને પરમ શ્રદ્ધા અને ભકિતમાં ધ્યાન કરી મારા પરબ્રહ્મ પરમેશ્વરના (કૃષ્ણસ્વરુપ) સગુણરુપની ઉપાસના કરે છે તે મારા મત પ્રમાણે શ્રેષ્ઠ છે.(૧૨.૦૨). પરંતુ જે મનુષ્ય અક્ષર, અનિર્વચનીય,

અવ્યકત, સર્વવ્યાપક, અચિંત્ય, અપરિવર્તનશીલ, અચળ અને સનાતન બ્રહ્મની ઉપાસના ઈન્દ્રિયોને સારી રીતે વશમાં રાખી, બધામાં સમભાવ રાખી ભૂતમાત્રના હિતમાં રત રહેનારા છે, તે પણ મને જ પ્રાપ્ત કરે છે. (૧૨.૦૩-૦૪).

### સાકારની ઉપાસનાના કારણ

પરંતુ એ અવ્યકતમાં જે મનુષ્યનું ચિત્ત આસકત થયેલું છે તેને (સાધનામાં) કષ્ટ વધારે રહે છે, કારણ કે દેહધારીઓ દ્વારા અવ્યકતની ગતિ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે.(૧૨.૦૫). પરંતુ હે અર્જુન, જે ભકત મને જ એનું પરમ લક્ષ્ય માની બધા કર્મોને મને અર્પણ કરીને અનન્ય ભકિતથી મારા સાકાર રૂપનું ધ્યાન કરે છે, એવા ભકતોનાં-જેમના ચિત્ત મારા સગુણ સ્વરુપમાં રહે છે-હું ઝડપથી મૃત્યુરુપી સંસારમાંથી ઉદ્ધાર કરી દઉ છું. (૧૨.૦૬-૦૭).

### ઈશ્વર પ્રાપ્તિના ચાર માર્ગ

તું મારામાં જ તારું મન પરોવ અને બુધ્ધિથી મારું જ ચિંતન કર, એ પછી તું નિસંદેહ મારામાં જ નિવાસ કરીશ, એમાં કાંઈ સંશય નથી.(૧૨.૦૮). હે ધનંજય, અને તું તારા મનને મારામાં સ્થિર કરવામાં અસમર્થ હોય, તો તું (પૂજા,પાઠ,શ્રવણ,કીર્તન વગેરે) અભ્યાસ યોગ વડે મને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર.(૧૨.૦૯). અને તું અભ્યાસ કરવામાં અસમર્થ હોય, તો મારા માટે તારા કર્તવ્ય કર્મોનું પાલન કર,કર્મોને મારા માટે કરવાથી તું મારી પ્રાપ્તિરૂપી સિધ્ધિ પામીશ.(૯.૨૭,૧૮.૪૬ પણ જોવો)(૧૨.૧૦). અને તું આ પણ ન કરી શકે, તો મારો આશ્રય લઈ, મન પર વિજય પ્રાપ્ત કરી, સર્વ કર્મોના ફળની આશકિતનો ત્યાગ કર.(૧૨.૧૧)

### કર્મોયોગનો સરળ અને ઉત્તમ માર્ગ

મર્મ જાણ્યા વિના અભ્યાસ કરતાં શાસ્ત્રોનું જ્ઞાન શ્રેષ્ઠ છે,જ્ઞાન કરતાં પરમાત્માના સ્વરુપનું ધ્યાન શ્રેષ્ઠ છે, અને સર્વ કર્મોના ફળની આશકિતનો ત્યાગ ધ્યાનથી પણ શ્રેષ્ઠ છે, કારણ કે ત્યાગથી તરત જ પરમ શાન્તિની પ્રાપ્તિ થાય છે. (૧૨.૧૨)

### ભકતના લક્ષણ

જે મનુષ્ય સર્વ પ્રાણીઓ પ્રત્યે દ્વેષરહિત છે, સર્વનો પ્રેમી છે, મમતા અને અહંકાર વિનાનો છે. સુખ અને દુઃખમાં સમ, ક્ષમાશીલ અને સંતુષ્ટ છે, જે મનું મન અને ઈન્દ્રિયોને વશમાં કરી મારામાં દૃઢ નિશ્ચય રાખી અને મન અને બુધ્ધિને મને અર્પણ કરી સદા મારું જ ધ્યાન કરે છે, એવા ભકત મને પ્રિયછે. (૧૨.૧૩-૧૪). જેનાથી કોઈ વ્યકિત ઉદ્વેગ નથી પામતો તથા જે સ્વયં કોઈથી ઉદ્વેગ નથી પામતો, જે સુખ, દુઃખ, ભય અને ઉદ્વેગથી મુકત છે, તે મને પ્રિય છે. (૧૨.૧૫). જે આકાંક્ષા વિનાનો, શુદ્ધ,કુશળ પક્ષપાત વિનાનો, સુખી અને સર્વ કર્મોમાં અનાસકત છે, એવો ભકત મને પ્રિય છે.(૧૨.૧૬). જે ન તો કોઈ સાથે દ્વેષ કરે છે, ન સુખમાં હર્ષિત થાય છે અને ન તો દુઃખમાં શોક કરે છે, જે કામના રહિત છે તથા શુભ અને અશુભ બંન્ને કર્મોના ફળનો ત્યાગ કરે છે, તેવો ભકિતયુકત મનુષ્ય મને પ્રિય છે. (૧૨.૧૭). જે શત્રુ અને મિત્ર માન અને અપમાન, ઠંડી અને ગરમી તથા સુખ અને દુઃખમાં સમ છે, જે આસકિત રહિત છે, જેને નિંદા અને સ્તુતિ બંને બરાબર છે, જે ઓછું બોલે છે, જે કાંઈ થાય તેમા સંતુષ્ટ છે, જે ને સ્થાનમાં આસકિત નથી તથા જેની બુધ્ધિ સ્થિર છે, એવો ભકત મને પ્રિય છે.(૧૨.૧૮-૧૯).

### વ્યકિત નિષ્ઠાથી દૈવી ગુણ મેળવવા પ્રયત્ન કરે

જે શ્રદ્ધાવાન ભકત મને જ એનું પરમ લક્ષ્ય માનીને ઉપરોકત ધર્મમય અમૃતનું જીવન જીવે છે, તે તો મને બહુંજ પ્રિય છે.(૧૨.૨૦).

ॐ તત્સદિતિ દ્વાદશોઽધ્યાયઃ॥૧૨॥

## ૧૩.ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ

### સૃષ્ટિ-સિદ્ધાંત

શ્રીભગવાન બોલ્યા-હે કુંન્તીનંદન અર્જુન, આ શરીરને ક્ષેત્ર કહે છે અને જે આ ક્ષેત્રને જાણે છે, એને જ્ઞાની લોક ક્ષેત્રજ્ઞ કહે છે.(૧૩.૦૧) . હે ભરતવંશી અર્જુન, મને તું સર્વ ક્ષેત્રોંના ક્ષેત્રજ્ઞ જાણ. મારા મત પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન એ જ તત્વજ્ઞાન છે.(૧૩.૦૨) ક્ષેત્ર શું છે, કેવું છે, તેનું સ્ત્રોત કયાં છે, એની વિભૂતિઓ શું છે, તથા ક્ષેત્રજ્ઞ શું છે, એની શકિત શી છે, એ સર્વ સંક્ષેપમાં સાંભળ. (૧૩.૦૩). ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના વિષે ઋષિઓ દ્વારા ઘણા પ્રકારે કહેવાયું છે તથા નાના પ્રકારના વેદમંત્રો બ્રહ્મસૂત્રનાં યુકિતપૂર્વક પદો દ્વારા પણ વિસ્તાર પૂર્વક કહેવાયા છે. (૧૩.૦૪). અવ્યકત, એટલે આદિ પ્રકૃતિ, મહત્તત્વ, અહંકાર તત્વ,પાંચ મહાભૂતો, દશ ઈન્દ્રિયોં,મન, પાંચ જ્ઞાનેન્દ્રિયના પાંચ વિષય, ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સ્થૂલ શરીર, ચેતના તથા ધૈર્ય- આ પ્રકારની વિભૂતિઓ સહિત ક્ષેત્રનું વર્ણન સંક્ષેપમાં કહેવાયું છે. (૭.૦૪ પણ જોવો) (૧૩.૦૫-૦૬).

### નિર્વાણ-સાધન માટે ચતુર્વિધિ આર્ષ સત્ય

પોતાનામાં માન અને દેખાડાનો અભાવ, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરુની સેવા, બહાર-અંદરની શુદ્ધિ,સ્થિરતા,મન વશમાં, ઈન્દ્રિયોંના વિષયો પર વૈરાગ્ય, અહંકારનો અભાવ તથા જન્મ, વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુંમાં દુઃખરુપ દોષોને વારંવાર જોવાં.(૧૩.૦૭-૦૮). આસકિતરહિત થાવ, પુત્ર,સ્ત્રી, ઘર વગેરેમાં મમતાનો અભાવ, પ્રિય અને અપ્રિયની પ્રાપ્તિમાં સમ રહેવું, મારામાં અનન્ય યોગના દ્વારા અટલ ભકિત હોવી, એકાંતમાં રહેવું, સંસારી મનુષ્યોના સમાજની અરુચિ, અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સંલગ્ન (જોડાયેલું) રહેવું, અને તત્વજ્ઞાન દ્વારા સર્વત્ર પરમાત્માને જ જોવા- આ બધુ જ્ઞાન (પ્રાપ્તિના સાધન) છે અને જે આની વિપરીત છે, તે અજ્ઞાન કહેવાયું છે. (૧૩.૦૯-૧૧).

### દ્રષ્ટાંત કથા દ્વારા જ પ્રભુનું વર્ણન સંભવ

હું તને જાણવા યોગ્ય વસ્તુ એટલે કે પરમાત્માની ઓળખ માટે ઠીક રીતે કહીશ, જેને જાણીને મનુષ્ય મુકિત પ્રાપ્ત કરે છે. તે અનાદિ પરબ્રહ્મ પરમાત્મા ન તો સત્(અક્ષર અથવા અવિનાશી) છે, ન તો અસત્(ક્ષર અથવા નાશવાન) છે.(એ બંન્નેથી પર અક્ષરાતીત છે) (૯.૧૯,૧૧.૩૭,૧૫.૧૮ પણ જોવો)(૧૩.૧૨). એના હાથ અને પગ સર્વ જગ્યાએ છે,એની આંખ, માથું,મોંઢું(મુખ)અને કાન પણ સર્વ જગ્યાએ છે, કારણ કે તે સર્વવ્યાપી છે.(૧૩.૧૩). તે ઈન્દ્રિયો વિના પણ (સૂક્ષ્મ ઈન્દ્રિયોથી) બધા વિષયોનો અનુભવ કરે છે. સંપૂર્ણ સંસારનું પાલન-પોષણ કરે છતાં પણ આસકિત રહિત છે, તથા પ્રકૃતિના ગુણો રહિત (જીવરુપ ધારણ કરી) છતાં ગુણોને ભોગવનાર છે. (૧૩.૧૪). સર્વ ચર અને અચર ભુતોની બહાર અને અદંર પણ એ જ છે. સૂક્ષ્મ હોવાથી એ મનુષ્યની ઈન્દ્રિયો દ્વારા જોઈ અથવા જાણી શકાતો નથી અને એ સર્વવ્યાપી હોવાથી અત્યન્ત દૂર અને નજીક પણ છે.(૧૩.૧૫). એ એકજ હોવા છતાં પણ પ્રાણીરૂપમાં અનેક દેખાય છે. એ જ્ઞાનનો વિષય છે તથા સર્વ ભૂતોને ઉત્પન્ન કરનાર, પાલન-પોષણ કરનાર અને સંહાર કરનાર પણ એ જ છે.(૧૧.૧૩,૧૮.૨૦ જોવો)(૧૩.૧૬). એ જ્યોતિઓનું સ્ત્રોત છે, અંધકારથી તે પર છે, એજ જ્ઞાન છે, જ્ઞાનનો વિષય છે અને તે તારતમ્ય(સત્ત્વ) વિધ્યા દ્વારા જાણી શકાય છે. એ (ઈશ્વરરૂપથી) સર્વના અંતઃકરણમાં રહે છે.(૧૫.૦૬,૧૫.૧૨ પણ જોવો)(૧૩.૧૭). આ પ્રકાર (મારા દ્વારા) સૃષ્ટિ, તત્વજ્ઞાન અને જાણવા યોગ્ય પરમાત્મા વિષે સંક્ષેપમાં કહ્યું છે. આ તત્વને જાણીને મારા ભકત મારા સ્વરુપને પ્રાપ્ત કરે છે.(૧૩.૧૮).

### પુરુષ, પ્રકૃતિ, આત્મા અને પરમાત્માનું વર્ણન

પુરુષ અને પ્રકૃતિ, એ બંન્નેને તું અનાદિ જાણ. સર્વ વિભૂતિયો અને ગુણ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે. શરીર અને ઈન્દ્રિયોની ઉત્પતિ પણ પ્રકૃતિમાંથી થાય છે અને સુખ-દુઃખનો અનુભવ પુરુષ(ચેતના શકિત) દ્વારા થાય છે.(૧૩.૧૯-૨૦). પ્રકૃતિની સાથે મળીને પુરુષ પ્રકૃતિના ગુણોને ભોગવે છે. પ્રકૃતિના ગુણોના સંયોગને કારણ જ પુરુષ (જીવ બનીને) સારી-નરસી યોનિઓમાં જન્મ લે છે.(૧૩.૨૧). એ પરમ પુરુષ (આત્મા) જ (જીવરૂપ થઈ) આ શરીરમાં સાક્ષી, સંમતિ આપનાર, પાલન કર્તા, ભોકતા, મહેશ્વર, પરમાત્મા વગેરે કહેવાય છે. (૧૩.૨૨). એ રીતે પુરુષને અને ગુણોની સાથે પ્રકૃતિને જે મનુષ્ય યથાર્થરુપ (ખરુખોટુ) જાણી લે છે, તે સર્વ કર્તવ્ય કર્મ કરે છતાં પણ પુનર્જન્મ નથી પામતો. (૧૩.૨૩). કોઈ સાધક ધ્યાનના અભ્યાસથી, કોઈ સાંખ્યયોગથી(જ્ઞાન), તથા કોઈ કર્મયોગથી(શુદ્ધ કરેલા) મન અને બુધ્ધિથી પોતાનું અંતઃકરણમાં પરમાત્માનાં દર્શન કરે છે.(૧૩.૨૪).

### વિશ્વાસ જ મોક્ષનો માર્ગ

પરંતુ કેટલાક લોક પરમાત્માને આ રીતે (ધ્યાનયોગ, સાંખ્યયોગ, કર્મયોગ વગેરેથી) નથી જાણતા. તે કેવળ શાસ્ત્ર અને મહાપુરુષોની વાણીને અનુસરી ઉપાસના કરે છે. તે પણ મૃત્યુરુપી સંસાર સાગરને શ્રદ્ધારૂપી નૌકા દ્વારા નિઃસંદેહ પાર કરી જાય છે.(૧૩.૨૫) હે ભરતશ્રેષ્ટ અર્જુન, ચર અને અચર જેટલા પણ પ્રાણી પેદા થાય છે, તે સર્વ તું પ્રકૃતિ અને પુરુષ (ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ) ના સંયોગથી જ ઉત્પન્ન થયા જાણ.(૭.૦૬ પણ જોવ)(૧૩.૨૬). જે મનુષ્ય અવિનાશી પરમેશ્વરને જ નશ્વર પ્રાણીઓમાં સમાન ભાવથી રહેલા જુએ છે, તે જ વાસ્તવમાં ઈશ્વરના દર્શન કરે છે.(૧૩.૨૭). કેમ કે સર્વમાં રહેલાં એક જ પરમેશ્વર જોનાર મનુષ્ય પોતાના વડે પોતાની(એટલે કોઈની પણ) હિંસા નથી કરતો, માટે એ પરમ ગતિને પામે છે.(૧૩.૨૮).જે મનુષ્ય સર્વ કર્મોને પ્રકૃતિના ગુણો દ્વારા જ થતાં જુએ છે અને પોતે પોતાને (આત્માને પણ) અકર્તા માને છે, વાસ્તવમાં તે જ જ્ઞાનીછે.(૩.૨૭,૫.૦૯,૧૪.૧૯ ને જોવો)(૧૩.૨૯). જે ક્ષણે સાધક સર્વ પ્રાણીઓને તથા એના અલગ-અલગ વિચારોને એક માત્ર પરબ્રહ્મ પરમાત્માથી જ ઉત્પન્ન થયેલાં સમજે છે, તે જ ક્ષણે પરબ્રહ્મ પરમાત્માને પામી જાય છે (૧૩.૩૦).

### બ્રહ્મના લક્ષણ

હે અર્જુન, અવિનાશી પરમાત્મા- અનાદિ અને વિકાર વિનાના હોવાથી-શરીરમાં રહીને પણ કંઈ નથી કરતાં અને ન તો દેહથી લોપાય છે. (૧૩.૩૧). જેમ સર્વ વ્યાપી આકાશ અત્યંત સૂક્ષ્મ હોવાને લીધે કોઈ પણ વિકારથી દૂષિત નથી થતું, તેમ જ(સર્વ વ્યાપી) આત્મા સર્વના દેહની અંદર રહીને પણ (દેહના)વિકારોથી દૂષિત નથી થતો.(૧૩.૩૨). હે અર્જુન, જેમ એક જ સૂર્ય સારા જગતને પ્રકાશ આપે છે, તેમ જ એક પરમાત્મા સંપૂર્ણ બ્રહ્માંડને ચેતના પ્રદાન કરે છે.(૧૩.૩૩). આ પ્રકાર તત્વજ્ઞાન દ્વારા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને તથા જીવ કે પ્રકૃતિના વિકારોથી મુકત થવાના ઉપાયને જાણી લે છે, તે પરબ્રહ્મ પરમાત્માને પામે છે.(૧૩.૩૪).

ॐ તત્સદિતિ ત્રયોદશોડધ્યાયઃ ॥૧૩॥

## ૧૪. ગુણત્રયવિભાગયોગ

શ્રી ભગવાન બોલ્યા-સર્વ જ્ઞાનોમાં ઉત્તમ આ પરમ જ્ઞાનને હું ફરીથી કહીશ, જેને જાણીને સાધકોએ આ સંસારમાંથી મુકત થઈ પરમ સિદ્ધિ પ્રાપ્ત કરીછે. (૧૪.૦૧). આ જ્ઞાનનો આશ્રય લઈ મારા સ્વરૂપને પામેલા મનુષ્ય સૃષ્ટિના આરંભે પુનર્જન્મ નથી લેતા તથા પ્રલયકાળે પણ વ્યાકુળ નથી થતા.(૧૪.૦૨).

### પુરુષ-પ્રકૃતિના સંયોગથી સર્વ પ્રાણીઓની ઉત્પતિ

હે અર્જુન, મારી મહદ્-બ્રહ્મસ્વરૂપ પ્રકૃતિ સર્વ પ્રાણીઓની યોનિ છે, જેમાં હું ચેતના રુપ બીજ(જડ અને ચેતનના સંયોગથી)મૂકી સમસ્ત ભુતોની ઉત્પતિ કરુ છું. (૯.૧૦ પણ જોવો) (૧૪.૦૩). હે કુન્તીપુત્ર, બધી યોનિમાં જેટલા શરીર પેદા થાય છે, પ્રકૃતિ એ બધાની માતા છે અને હું ચેતના આપનાર પિતા છેં.(૧૪.૦૪). હે અર્જુન, પ્રકૃતિથી ઉત્પન્ન ત્રણે ગુણરૂપીદોરી-સત્ત્વ, રજસ્ અને તમસ્- અવિનાશી જીવને દેહની સાથે બાંધી દે છે.(૧૪.૦૫). હે પાપરહિત અર્જુન, આમાં સત્ત્વગુણ નિર્મળ હોવાને કારણ વિકારરહિત અને જ્ઞાન દેનાર છે, એ જીવને સુખ અને જ્ઞાનની આસકિતથી બાંધે છે.(૧૪.૦૬). હે અર્જુન, રજોગુણને રાગ સ્વરૂપ સમજો, જેનાથી વિષય-ભોગની

પ્યાસ (તૃષ્ણા) અને આસકિત ઉત્પન્ન થાય છે. એ જીવાત્માને કર્મફલની આસકિતથી બાંધે છે. (૧૪.૦૭). અને હે ભારત, બધા જીવોને ભ્રમમાં રાખનાર તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થયા જાણ, તમોગુણ લાપરવાહી, આળસ અને નિદ્રા દ્વારા જીવને બાંધે છે. (૧૪.૦૮). હે અર્જુન, સત્ત્વગુણ સુખમાં અને રજોગુણ કર્મમાં આસકત કરાવે છે તથા તમોગુણ જ્ઞાનને ઢાંકી જીવને લાપરવાહ બનાવી દે છે. (૧૪.૦૯).

### પ્રકૃતિના ત્રણ ગુણોનાં લક્ષણ

હે અર્જુન, કોઈ વાર રજોગુણ અને તમોગુણને દબાવી સત્ત્વગુણ, કોઈ વાર સત્ત્વગુણ અને તમોગુણને દબાવી રજોગુણ તથા કોઈ વાર સત્ત્વગુણ અને રજોગુણને દબાવી તમોગુણ વૃદ્ધિ પામે છે. (૧૪.૧૦). જ્યારે જ્ઞાનનો પ્રકાશ આ દેહના સર્વ ચ્રારો (એટલે બધી ઈન્દ્રિઓ)ને પ્રકાશિત કરે છે(એટલે જ્યારે જીવાત્માના અંતઃકરણમાં જ્ઞાનના પ્રકાશનો ઉદય થાય છે), ત્યારે સત્ત્વગુણ વધ્યો છે એમ જાણવું. (૧૪.૧૧). હે ભરત શ્રેષ્ઠ, રજોગુણ વધે ત્યારે લોભ, સક્રિયતા, સકામ કર્મ, બેચેની,લાલસા વગેરે ઉત્પન્ન થાય છે.(૧૪.૧૨). હે કુરુનંદન, તમોગુણ વધે ત્યારે અજ્ઞાન, નિષ્ક્રિયતા, લાપરવાહી, ભ્રમ વગેરે ઉત્પન્ન થાય છે. (૧૪.૧૩).

### ત્રિગુણ જ આત્માનો પુનર્જન્મનો વાહક છે

જ્યારે સત્ત્વગુણ વધ્યો હોય, તે વખતે જો મનુષ્ય મરે, તો જીવ ઉત્તમ કર્મ કરનારાઓના નિર્મળ લોક એટલે સ્વર્ગમાં જાય છે.(૧૪.૧૪) .જ્યારે રજોગુણ વધ્યો હોય, તે સમયે જો મનુષ્ય મરે, તો તે કર્મોમાં આસકિતવાળા મનુષ્યોમાં જન્મે છે. તમોગુણ વધ્યો હોય ત્યારે મરનાર મનષ્ય પશુ વગેરે મૂઢયોનિમાં જન્મે છે.(૧૪.૧૫). સાત્વિક કર્મનું ફળ શુભ અને નિર્મળ કર્મનું, રાજસિક કર્મનું ફળ દુઃખ અને તામસિક કર્મનું ફળ અજ્ઞાન કહ્યું છે. (૧૪.૧૬). સત્ત્વગુણથી જ્ઞાન, રજોગુણથી લોભ તથા તમોગુણથી લાપરવાહી, ભ્રમ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે. (૧૪.૧૭). સત્ત્વગુણમાં સ્થિત વ્યકિત ઉત્તમ લોકોને પામે છે, રાજસ વ્યકિત મનુષ્યયોનિમાં આવે છે અને તમોગુણ હીણ (નીચ) પ્રવૃત્તિઓમાં સ્થિત તામસ મનુષ્ય નીચ યોનિઓમાં જન્મે છે.(૧૪.૧૮).

### ગુણાતીત હોય તેને મોક્ષ

જ્યારે વિવેકી (જ્ઞાની) મનુષ્ય ત્રણે ગુણો સિવાય બીજો કોઈ કર્તા નથી એમ સમજે છે તથા ગુણોથી પર હું પરમાત્માના તત્વથી જાણે છે, તે સમયે તે મારા સ્વરૂપ એટલે સારૂપ્ય મુકિત પામે છે. (૩.૨૭,૫.૦૯,૧૩.૨૯ પણ જોવ)(૧૪.૧૯). જ્યારે મનુષ્ય દેહની ઉત્પતિનું કારણ તથા દેહથી ઉત્પન્ન થતાં ત્રણે ગુણોથી પર થઈ જાય છે, ત્યારે તે મુકિત પ્રાપ્ત કરી જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુના દુઃખોથી વિમુકત થઈ જાય છે. (૧૪.૨૦).

### ગુણાતીત થવાની પ્રક્રિયા

અર્જુન બોલ્યા- હે પ્રભો, આ ત્રણે ગુણોથી અતીત(પર) મનુષ્યના લક્ષણ કેવા હોય છે? એનુ આચરણ કેવું હોય છે? અને મનુષ્ય આ ત્રણે ગુણોથી પર કેવી રીતે થઈ શકે છે? (૧૪.૨૧). શ્રી ભગવાન બોલ્યા- હે અર્જુન, મનુષ્ય ત્રણે ગુણોના કાર્યજ્ઞાન, સક્રિયતા (પ્રવૃત્તિ) અને ભ્રમ (મોહ) પ્રાપ્ત થતા દુઃખ નથી માનતો અને તેનાથી મુકત થઈને તેની ઈચ્છા પણ નથી કરતો, જે સાક્ષીની સમાન રહીને ગુણો દ્વારા વિચલિત નથી થતો તથા ગુણ જ પોતે પોતાના કાર્ય કરી રહ્યા છે. એમ સમજીને પરમાત્મામાં સ્થિર ભાવથી સ્થિત રહે છે. (૧૪.૨૨-૨૩). જે નિરંતર આત્મભાવમાં રહે છે તથા સુખ-દુઃખમાં સમાન રહે છે, જેને માટે માટી, પથ્થર અને સોનું એક સરખું છે. જે ધીર (જ્ઞાની) છે, તે પ્રિય-અપ્રિય, નિંદા-સ્તુતિ, માન-અપમાન તથા શત્રુ-મિત્રમાં સમાન ભાવ રાખે છે અને તે સંપૂર્ણ કર્મોમાં કર્તાપણાના ભાવથી રહિત છે. તે ગુણાતીત કહેવાય છે.(૧૪.૨૪-૨૫).

### અનન્ય ભકિત દ્વારા ગુણ-બંધનો ને કાપવાનો સંભવ

જે મનુષ્ય અનન્ય ભકિતથી નિરંતર મારી ઉપાસના કરે છે, તે પ્રકૃતિના ત્રણે ગુણોને પાર કરીને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ ને યોગ્ય થઈ જાય છે. (૭.૧૪,૧૫.૧૯ પણ જોવ) (૧૪.૨૬). કેમ કે હું (પરબ્રહ્મ) જ અવિનાશી અક્ષરબ્રહ્મ,શાશ્વત ધર્મ તથા પરમ આનંદનું મૂળ છું.(૧૪.૨૭).

ૐ તત્સદિતિ ચતુર્દશોડધ્યાયઃ॥૧૪॥

## ૧૫. પુરુષોત્તમયોગ

### સૃષ્ટિ વૃક્ષની જેમ માયાથી ઉત્પન્ન થાય છે

શ્રી ભગવાન બોલ્યા-આ સંસારને એક સનાતન પીપળનું વૃક્ષ કહેવાયં છે, જે નું મૂળ પરમાત્મા છે. અનંત બ્રહ્માંડ જેની શાખાઓ છે તથા વેદ મંત્ર એના પાંદડાં છે. આ સંસારરૂપી વૃક્ષને જે મનુષ્ય મૂળ સહિત (તત્વથી)જાણી લે છે, તે વેદોના જાણકાર છે.(૧૦.૦૮ પણ જોવો) (૧૫.૦૧). આ વૃક્ષની શાખાઓ બધી તરફ ફેલાયેલી છે, પ્રકૃતિના ગુણરૂપી જળથી એની વૃદ્ધિ થાય છે,વિષયભોગ એની કૂપળો છે, આ વૃક્ષના (અહંકાર અને ઈચ્છારૂપી) મૂળિયાં પૃથ્વીલોકમાં કર્મબંધન બનીને વ્યાપ્ત છે.(૧૫.૦૨).

### મોહ-વૃક્ષને કાપવું અને પ્રભુ-શરણથી મોક્ષ-પ્રાપ્તિ કેવી રીતે?

આ માયારૂપી સંસાર વૃક્ષના સ્વરુપનું આદિ તથા અંતની કંઈ ખબર નથી.(એટલે) મનુષ્ય એના (અહંકાર અને ઈચ્છારૂપી) મૂળને જ્ઞાન અને વૈરાગરૂપી શસ્ત્ર દ્વારા કાપીને એવું વિચારે- કે હું એ પરમ પુરુષની શરણે છું, જેનાથી આ સારી સનાતન વિભૂતિઓ વ્યાપ્ત છે. એ પરમ તત્વની શોધ કરે, જેને પ્રાપ્ત કરી મનુષ્ય ફરી આ સંસારમાં પાછા ન આવે.(૧૫.૦૩-૦૪). જે માન અને મોહ વગેરેથી નિવૃત થઈ ચૂકયાં છે, જેમણે આસકિતરૂપી દોષને જીતી લીધો છે, જે પરમાત્માના સ્વરૂપમાં નિત્ય સ્થિત છે અને જેમની કામનાઓ પૂર્ણરૂપે

સમાપ્ત થઈ ગઈ છે તથા જે સુખ-દુઃખરૂપી દ્વંદથી મુકત થયા છે- એવા જ્ઞાનીજન એ અવિનાશી પરમ ધામને પામે છે. (૧૫.૦૫). એ સ્વયં પ્રકાશિત પરમપદને ન સૂર્ય પ્રકાશિત કરી શકે છે, ન ચંદ્રમા અને ન તો અગ્નિ. એ જ મારું પરમધામ છે, જેને પ્રાપ્ત કરી મનુષ્ય આ સંસારમાં પુનર્જન્મ નથી લેતો. (૧૩.૧૭,૧૫.૧૨ પણ જોવો) (૧૫.૦૬).

### જીવાત્મા ભોગી છે

જીવલોકમાં સનાતન જીવભૂત, એટલે જીવાત્મા મારી જ શકિતનો એક અંશ છે, જે પ્રકૃતિમાં રહેલી મન સહિત છ ઈન્દ્રિયોને ચેતના પ્રદાન કરે છે. (૧૫.૦૭) જેમ હવા ફૂલમાંથી ગંધને કઈ એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય છે, તેમ જ જીવાત્મા મૃત્યુ પછી છ ઈન્દ્રિયોને એક શરીરમાંથી બીજા શરીરમાં લઈ જાય છે.(૨.૧૩ પણ જોવ) (૧૫.૦૮). આ જીવ કર્ણ (કાન) ,ચક્ષુ(આંખ), ત્વચા(ચામડી), રસના (જીભ), ઘ્રાણ(નાક) અને મનની દ્વારા વિષયોને સેવે છે. અજ્ઞાનીજન જીવને-એક શરીરથી બીજા શરીરમાં જતો અથવા શરીરમાં સ્થિત ગુણોથી જોડાયેલો વિષયોને ભોગવતો નથી જોઈ શકતો, એને કેવળ જ્ઞાનચક્ષુવાળા જોઈ શકે છે.(૧૫.૦૯-૧૦). પ્રયત્ન કરનાર યોગીજન એના અંતઃકરણમાં સ્થિત જીવાત્માને જોઈ (ઓળખી) શકે છે, અશુદ્ધ અંતઃકરણવાળા અવિવેકી મનુષ્ય યત્ન (પ્રયાસ) કરતાં છતાં પણ આત્માને જોઈ (જાણી) શકતા નથી.(૧૫.૧૧).

### બ્રહ્મ સર્વ વસ્તુઓનો સાર છે

જે તેજ સૂર્યમાં રહેલું છે તે સારા સંસારને પ્રકાશિત કરે છે તથા જે તેજ ચંદ્રમામાં અને અગ્નિમાં છે તેને તું મારું જ તેજ જાણ.(૧૩.૧૭,૧૫.૦૬ પણ જોવો) (૧૫.૧૨). હું જ પૃથ્વીમાં પ્રવેશ કરીને મારી શકિતથી સર્વ ભૂતોને ધારણ કરુ છું અને રસ દેનાર ચંદ્રમાં બનીને સર્વ વનસ્પતિઓને રસ પ્રદાન કરુ છું. (૧૫.૧૩) હું જ સર્વ પ્રાણીઓના શરીરમાં સ્થિત વૈશ્વાનર અગ્નિ છું, જે પ્રાણ અને અપાન વાયુથી યુકત થઈ ચાર પ્રકારના અન્નને પચાવું છું.(૧૫.૧૪). તથા હું જ સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં સ્થિત (રહેલો) છું. સ્મૃતિ, જ્ઞાન તથા શંકા સમાધાન (વિવેક અથવા સમાધિ દ્વારા) પણ મારાથી જ થાય છે. સર્વ વેદોની દ્વારા જાણવા યોગ્ય વસ્તુ, વેદાન્તના કર્તા અને વેદને જાણનાર પણ હું જ છું. (૬.૩૯ પણ જોવો) (૧૫.૧૫).

### ક્ષર, અક્ષર અને અક્ષરાતીત શું છે?

લોકોમાં (પરબ્રહ્મના) ક્ષર (નાશવંત) પુરુષ અને અક્ષર (અવિનાશી) પુરુષ નામના બે દિવ્ય સ્વરૂપ છે. સર્વ જગત ક્ષર પુરુષનો વિસ્તાર છે અને અક્ષર પુરુષ ( અથવા આત્મા) અવિનાશી કહેવાય છે.(૧૫.૧૬). પરંતુ આ બે ની ઉપર એક ત્રીજો ઉત્તમ દિવ્ય પુરુષ છે, જે પરબ્રહ્મ એટલે કે પરમાત્મા કહેવાય છે. એ ત્રણે લોકોમાં પ્રવેશી ઈશ્વરરુપથી સૌનું પાલન-પોષણ કરે છે. (૧૫.૧૭). કારણ હું પરબ્રહ્મ પરમાત્મા, ક્ષર પુરુષ (અથવા નારાયણ) અને અક્ષર પુરુષ (અથવા બ્રહ્મ) બેઉથી ઉત્તમ (અથવા પરે) છું, તેથી લોક અને વેદમાં પુરુષોત્તમ કહેવાઉ છું (૧૫.૧૮). હે અર્જુન, મને પુરુષોત્તમને આ પ્રકાર તત્ત્વતઃ જાણનાર જ્ઞાની (પરા ભાવથી) નિરંતર મને પરમેશ્વરને જ ભજે (અથવા ભકિત અને પ્રેમ કરે) છે.(૭.૧૪,૧૪.૨૬.૧૮.૬૬ પણ જોવો) (૧૫.૧૯). હે નિષ્પાપ અર્જુન આ પ્રકાર મારા દ્વારા કહેવાઈ ગયું છે. આ ગુહ્યતમ શાસ્ત્રોને તત્ત્વતઃ જાણીને મનુષ્ય જ્ઞાનવાન અને કૃતાર્થ થઈ જાય છે. (૧૫.૨૦).

ૐ તત્સદિતિ પન્ચદશોડધ્યાયઃ ॥૧૫॥

## ૧૬. દૈવાસુરસંપદ્વિભાગયોગ

### મોક્ષ માટે અર્જિત (કમાયેલું) પ્રમુખ દૈવી ગુણોની સૂચી (યાદી)

શ્રી ભગવાન બોલ્યા- હે અર્જુન, અભય, અતંઃકરણની શુદ્ધિ,જ્ઞાનયોગમાં દ્રઢ સ્થિતિ, દાન, ઈન્દ્રિઓનું દમન, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરલતા, અંહિસા, સત્ય,ક્રોધનો અભાવ, ત્યાગ, શાંતિ, કોઈની નિંદા ન કરવી, દયા, વિષયોથી ન લલચાવું, કોમળતા, અકર્તવ્યામાં લજ્જા, ચપળતાનો અભાવ, તેજ , ક્ષમા,ધૈર્ય, શરીરની શુધ્ધિ, કોઈની સાથે વેર ન કરવૂં, ગર્વનો અભાવ વગેરે દૈવી સંપત્તિ મેળવનાર મનુષ્યના (છવ્વીસ) લક્ષણો છે. (૧૬.૦૧-૦૩)

### આધ્યાત્મિક યાત્રાની પહેલા ત્યાજ્ય (ત્યજવા) આસુરી ગુણોની યાદી

હે પાર્થ, દંભ,ઘમંડ, અભિમાન, ક્રોધ, કઠોર વાણી અને અજ્ઞાન- આ બધા આસુરી સંપત્તિ લઈને જન્મેલા મનુષ્યોંના લક્ષણ છે. (૧૬.૦૪) દૈવી સંપત્તિ મોક્ષ માટે અને આસુરી સંપત્તિ બંધન માટે છે. હે પાંડવ, તું શોક ન કર, કારણ કે તું દૈવી સંપત્તિ લઈને જન્મ્યો છે. (૧૬.૦૫).

### ફકત બે પ્રકારના માનવ- જ્ઞાની અને અજ્ઞાની

હે પાર્થ, આ લોકમાં બે જ જાતિના મનુષ્ય છે.-દૈવી અને આસુરી. દૈવી પ્રકૃતિવાળાનું વર્ણન મેં વિસ્તાર પૂર્વક કર્યુ, હવે તું આસુરી પ્રકૃતિવાળાની બાબતમાં સાંભળ.(૧૬.૦૬). આસુરી સ્વભાવવાળા મનુષ્ય "શું કરવું જોઈએ તથા શું નહીં કરવું જોઈએ" આ બંન્નેને નથી જાણતો. એમનામાં ન તો બહાર -અંદરની શુદ્ધિ છે, ન સદાચાર અને ન તો સત્યભાષણ હોય.(૧૬.૦૭). તેઓ કહે છે કે સંસાર અસત્ય, આશ્રય વિનાનું, ઈશ્વર વગરનું અને કોઈ પણ ક્રમ વગર આપમેળે માત્ર સ્ત્રી-પુરુષની કામના સંયોગથી જ ઉત્પન્ન થયેલું છે. આના સિવાય બીજું કોઈ પણ કારણ નથી. (૧૬.૦૮). આવા નાસ્તિક (મિથ્યા) દષ્ટિકોણથી જેની બુધ્ધિ નષ્ટ થઈ ગઈ છે, એવા મંદ બુધ્ધિવાળા, ઘોર કામો કરવાવાળા, અપકારી મનુષ્યનો જન્મ જગતનો નાશ કરવા માટે જ થાય છે.(૧૬.૦૯). તેઓ દંભ, માન અને મદથી ભરેલાં, કોઈ પણ રીતે પૂરી ન થનારી કામનાઓનો આશરો લઈને, અજ્ઞાનને લીધે મિથ્યા સિધ્ધાંતોને પકડીને તથા અપવિત્ર આચરણ ધારણ કરી સંસારમાં રહે છે.(૧૬.૧૦).જીવનભર અપાર ચિંતાઓનો આશરો અને વિષયભોગને જ પરમ લક્ષ્ય માનનાર એ લોક એવું સમજે છે કે આ વિષયભોગ જ સર્વસ્વ છે. (૧૬.૧૧). આશાની સેંકડો બેડીઓથી બંધાયેલા, કામ અને ક્રોધના વશમાં રહી, વિષયભોગ માટે અન્યાય પૂર્વક ધન સંચયની ઈચ્છા કરે છે.(૧૬.૧૨). (એ એવું વિચારે છે કે) મેં આજે આ મેળવ્યું છે અને હવે આ

મનોરથ પૂરા કરીશ, મારી પાસે આટલું ધન છે તથા આનાથી પણ અધિક ધન ભવિષ્યમાં હશે.(૧૬.૧૩). આ શત્રુને મેં માર્યો છે અને બીજા શત્રુઓને પણ હું મારીશ. હું સર્વ સમર્થ (ઈશ્વર) અને ઐશ્વર્યને ભોગવનાર છું. હું સિધ્ધ,બળવાન અને સુખી છું.(૧૬.૧૪).હું બહુ જ ધનવાન અને સારા(ઉચ્ચ) પરિવારવાળો છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન દઈશ અને મોજ કરીશ. આ પ્રકારના અજ્ઞાનથી મોહિત રહે છે. (૧૬.૧૫). અનેક પ્રકારે ભ્રમિત ચિત્તવાળો, મોહ જાળથી ફસાયેલો, વિષયભોગોમાં અત્યંત આસકત, આ લોકો ઘોર અપવિત્ર નરકમાં પડે છે.(૧૬.૧૬). પોતે જ પોતાને શ્રેષ્ઠ માનનાર, ઘમંડી, ધન અને માનના મદમાં ચૂર રહેનાર મનુષ્ય અવિધિપૂર્વક કેવળ નામમાત્રના દેખાવ પૂરતો યજ્ઞ કરે છે.(૧૬.૧૭). અહંકાર, બળ, ઘમંડ, કામના અને ક્રોધના વશમાં, બીજાની નિંદા કરનાર એ લોકો પોતાના તથા બીજાના શરીરમાં રહેલાં મુજ પરમાત્માનો દ્વેષ કરે છે.(૧૬.૧૮).

### અજ્ઞાનનું ફળ છે દુઃખ

આવો દ્વેષ કરવાવાળા, ક્રૂર અને અપવિત્ર નરાધમોને હું સંસારમાં વારંવાર આસુરી યોનિમાં જ નાખું છું. (૧૬.૧૯). હે અર્જુન, તે મૂઢ મનુષ્ય મને ન પામવાથી જન્મોજન્મ આસુરી યોનિને પામે છે, પાછા ઘોર નરકમાં જાય છે. (૧૬.૨0).

### કામ-ક્રોધ-લોભ નરકના ત્રણ દ્વાર

કામ, ક્રોધ અને લોભ, આ જીવને નરકની તરફ લઈ જનાર ત્રણ દ્વાર છે, એટલા માટે આ ત્રણેનો ત્યાગ કરવો (શીખવો) જોઈએ. (૧૬.૨૧). હે અર્જુન, નરકના આ ત્રણ દ્વારોથી મુકત વ્યકિત પોતાના કલ્યાણ માટે આચરણ કરે છે. તેથી તે પરમગતિ અથવા મને પામે છે. (૧૬.૨૨).

### શાસ્ત્રીય વિધાનનું પાલન અનિવાર્ય

જે મનુષ્ય શાસ્ત્રવિધિને છોડી પોતાની ઈરછાથી મનમાન્યું આચરણ કરે છે, એને ન પુર્ણત્વની સિધ્ધિ મળે છે, ન પરમધામ અને ન તો સુખ. (૧૬.૨૩). મનુષ્યના કર્તવ્ય અને અકર્તવ્યના નિર્ણયમાં શાસ્ત્ર જ પ્રમાણ છે. એટલે તારે શાસ્ત્રોકત વિધાનને અનુસાર જ પોતાનું કર્તવ્ય કર્મ કરવું જોઈએ. (૧૬.૨૪).

ૐ તત્સદિતિ ષોડશોડધ્યાયઃ ॥૧૬॥

## ૧૭. શ્રદ્ધાત્રયવિભાગયોગ

અર્જુન બોલ્યા- હે કૃષ્ણ, જે વ્યકિત શાસ્ત્ર- વિધિ છોડીને કેવળ શ્રધ્ધા પૂર્વક જ પૂજા વગેરે કરે છે, તેમની (શ્રધ્ધા) કેવી છે? શું તે સાત્ત્વિક છે અથવા રાજસિક કે તામસિક છે?(૧૭.૦૧).

### આસ્થા (શ્રધ્ધા) ના ત્રણ પ્રકાર

શ્રી ભગવાન બોલ્યા- મનુષ્યોની સ્વભાવિક શ્રધ્ધા ત્રણ પ્રકારની- સાત્ત્વિક, રાજસિક અને તામસિક હોય છે, એને સાંભળ (૧૭.૦૨). હે અર્જુન, બધા મનુષ્યોની શ્રધ્ધા તેમના સ્વભાવ (તથા સંસ્કાર) અનુરૂપ હોય છે. મનુષ્ય પોતાના સ્વભાવથી ઓળખાય (જાણી શકાય) છે. મનુષ્ય જેવું ઈચ્છે તેવો જ બની શકે છે.(જો તે શ્રધ્ધાપૂર્વક પોતાની ઈચ્છિત ધ્યેયનું ચિંતન કર્યા કરે તો)(૧૭.૦૩). સાત્ત્વિક વ્યકિત દેવી-દેવતાઓ ને પૂજે છે, રાજસી મનુષ્ય યક્ષ અને રાક્ષસોને તથા તામસી વ્યકિત ભૂતો અને પ્રેતોને પૂજે છે. (૧૭.૦૪). જે લોકો શાસ્ત્રવિધિ વિનાનું ઘોર તપ કરે છે, જે દંભ અને અભિમાનથી ભરેલા છે, જે કામના અને આસકિતથી પ્રેરિત છે, જે શરીરમાં સ્થિત પંચભૂતોને અને બધાના અંતઃકરણમાં રહેનાર મુજ પરમાત્માને પણ કષ્ટ દેનાર અવિવેકી લોકો છે. એવાને તું આસુરી સ્વભાવવાળા જાણ.(૧૭.૦૫-૦૬).

### ભોજનના ત્રણ પ્રકાર

બધાના પ્રિય ભોજન પણ ત્રણ પ્રકારના હોય છે અને તેમ જ યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારના હોય છે. તેમના ભેદ તું મારી પાસેથી સાંભળ. (૧૭.૦૭).આયુષ્ય,બુધ્ધિ, બળ, સ્વાસ્થ, સુખ અને પ્રસન્નતા વધારનારા, રસયુકત, ચીકણા અને સ્થિર રહેનાર તથા શરીરને શકિત દેનાર આહાર સાત્ત્વિક વ્યકિતને પ્રિય હોય છે. (૧૭.૦૮). દુઃખ, ચિંતા અને રોગોને ઉત્પન્ન કરનાર, બહુ જ કડવા, ખાટા,ખારા, ગરમ, તીખા, લૂખા અને દાહ કરનાર

આહાર રાજસિક વ્યકિતને પ્રિય હોય છે.(૧૭.૦૯).અધકચરું(કાચુંપાકું), રસવિનાનુ, દુર્ગંધવાળું, વાસી, એઠું અને (માંસ,મદિરા વગેરે) અપવિત્ર આહાર તામસિક મનુષ્યને પ્રિય હોય છે.(૧૭.૧૦).

### યજ્ઞના ત્રણ પ્રકાર

" યજ્ઞ કરવો એ આપણું કર્તવ્ય છે."- એમ વિચારી વગર ફળની આશા કરનાર દ્વારા વિધિપૂર્વક કરેલા યજ્ઞ સાત્વિક છે.(૧૭.૧૧). હે અર્જુન જે યજ્ઞ ફળની ઈચ્છાથી અથવા દેખાવ માટે કરે છે, એને તું રાજસિક સમજ.(૧૭.૧૨). શાસ્ત્રવિધિ, અન્નદાન, મંત્ર, દક્ષિણા અને શ્રધ્ધા વગર કરેલા યજ્ઞને તામસિક યજ્ઞ કહે છે. (૧૭.૧૩).

### વિચાર,વાણી અને કર્મના તપ

દેવી-દેવતા, બ્રાહ્મણ, ગુરુ અને જ્ઞાનીજનોનું પૂજન, પવિત્રતા, સદાચાર, બ્રહ્મચર્ય અને અહિંસા, આને શારીરિક તપ કહેવાય છે. (૧૭.૧૪). વાણી તે સારી છે, જે બીજાનાં મનમાં અશાંતિ પેદા ન કરે, જે સત્ય, મધુર અને હિતકારક હોય તથા જેનો ઉપયોગ શાસ્ત્રોને શીખવામાં હોય, એવી સારી વાણીને વાણીનું તપ કહેવાય છે. (૧૭.૧૫). મનની પ્રસન્નતા, સરળતા, ચિત્તની સ્થિરતા, મનનું નિયંત્રણ અને શુધ્ધ વિચાર, એને માનસિક તપ કહેવાય છે.(૧૭.૧૬).

### તપના ત્રણ પ્રકાર

ફળ વગરની ઈચ્છાથી, પરમ શ્રધ્ધાપુર્વક કરેલાં ઉપરના ત્રણે પ્રકાર-મન, વાણી અને શરીરના તપને સાત્વિક તપ કહે છે.(૧૭.૧૭). જે તપ બીજાથી સત્કાર, માન અને પૂજા કરાવવા માટે અથવા કેવળ દેખાવ માટે જ કર્યું હોય, એવા અનિશ્ચિત અને ક્ષણિક ફળવાળા તપને રાજસિક કહ્યું છે. (૧૭.૧૮). જે તપ મૂઢતા પૂર્વક હઠથી પોતાના શરીરને પીડા આપી અથવા બીજાને ક્ષતિ(હાની) કરવા માટે કરે છે, એને તામસિક તપ કહેવાય છે.(૧૭.૧૯). "દાન આપવું એ અનુસાર આપણું કર્તવ્ય છે"- એવા ભાવથી જે દાન દેશ, કાળ અને પાત્રને અનુસાર બદલો મેળવવાની આશા વગર આપે છે, એ દાન સાત્વિક કહેવાય છે. (૧૭.૨૦) જે દાન ફળની આશા, બદલો મળશે અથવા શ્રદ્ધા વગર આપે છે, તે દાન રાજસિક કહેવાય છે.(૧૭.૨૧). જે દાન દેશ,કાળ અને પાત્રનો વિચાર કર્યા વગર અથવા પાત્રનું અનાદર તથા તિરસ્કાર કરીને આપે છે, તે દાન તામસિક કહેવાય છે.(૧૭.૨૨).

### બ્રહ્મના ત્રણ નામ

બ્રહ્મના- જેના દ્વારા સૃષ્ટિના આરંભમાં વેદો, બ્રાહ્મણો અને યજ્ઞોની રચના થઈ છે- ઓમ, તત્ અને સત્ ત્રણ નામ કહેવાયા છે.(૧૭.૨૩). એટલા માટે, પરબ્રહ્મ પરમાત્માને જાણનાર દ્વારા (શાસ્ત્રવિધિથી) કરેલાં યજ્ઞ, દાન, તપ વગેરે વૈદિક ક્રિયાઓની પ્રારંભ (શરુઆત) હમેશાં પરમાત્માના ઓમકાર નામથી જ ઉચ્ચારણ કરે છે. (૧૭.૨૪) . ફળની ઈચ્છા ન રાખનાર મુમુક્ષુઓ દ્વારા નાના પ્રકારના યજ્ઞ, તપ અને દાન વગેરે ક્રિયાઓ તત્ શબ્દના ઉચ્ચારણ કરીને કરે છે.(૧૭.૨૫). હે પાર્થ, 'સત્' શબ્દનો પ્રયોગ પરમાત્માના અસ્તિત્વ, સારા ભાવ તથા શુભ કર્મ માટે પણ કરવામાં આવે છે.(૧૭.૨૬). યજ્ઞ,તપ અને દાનમાં શ્રદ્ધા તથા પરમાત્મા માટે કરવામાં આવતા (નિષ્કામ) કર્મને પણ સત્ કહે છે.(૧૭.૨૭). હે પાર્થ, યજ્ઞ, દાન તપ વગેરે જે પણ કર્મ શ્રદ્ધા વગર કરે છે, તેને 'અસત્' કહેવાય છે. જેનું ન આ લોકમાં અને ન તો પરલોકમાં કોઈ પ્રયોજન (હેતુ) છે. (૧૭.૨૮).

ૐ તત્સદિતિ સપ્તદશોડધ્યાયઃ ॥૧૭॥

## ૧૮.મોક્ષસંન્યાસયોગ

અર્જુન બોલ્યા- હે મહાબાહો, હે અંતર્યામી, હે વાસુદેવ, હું સંન્યાસ અને ત્યાગ તથા તેમના ભેદને સારી રીતે જાણવા માગું છું.(૧૮.૦૧)

### સંન્યાસ અને ત્યાગની પરિભાષા

શ્રીભગવાન બોલ્યા- સકામ કર્મોના પરિત્યાગને જ્ઞાનીજન "સંન્યાસ" કહે છે, તથા વિવેકી મનુષ્ય સર્વ કર્મોના ફળનો ત્યાગને "ત્યાગ" કહે છે. (૫.૦૧,૫.૦૫,૬.૦૧ ને જોવા) (૧૮.૦૨). કેટલાક મહાત્મા લોક કહે છે કે સર્વ કર્મ દોષમય હોવાને કારણે ત્યાગવા યોગ્ય છે અને બીજા લોકોનું કહેવું છે કે યજ્ઞ, દાન અને તપને ત્યાગવા ન જોઈએ. (૧૮.૦૩). હે અર્જુન, ત્યાગવા વિશે હવે તું મારો નિર્ણય સાંભળ. હે પુરુષશ્રેષ્ઠ, ત્યાગ પણ ત્રણ પ્રકારના કહેવાયા છે.(૧૮.૦૪). યજ્ઞ, દાન અને તપનો ત્યાગ નહી કરવો જોઈએ, અવશ્ય કરવાં જોઈએ, કેમ કે યજ્ઞ, દાન અને તપ એ સાધકોના અંતઃકરણને પવિત્ર કરે છે.(૧૮.૦૫). હે પાર્થ, આ કર્મોને પણ ફળની આસકિત ત્યાગ કરીને કરવા જોઈએ, એવો મારો નિશ્ચિત ઉત્તમ મત છે.(૧૮.૦૬).

### ત્યાગના ત્રણ પ્રકાર

હે અર્જુન, કર્તવ્યકર્મનો ત્યાગ ઉચિત નથી, ભ્રમવશ (મોહવશ) થઈ એનો ત્યાગ કરવો એને તામસિક ત્યાગ કહેવાય છે.(૧૮.૦૭) ."બધા કર્મ દુઃખરૂપ છે"- એમ સમજીને કોઈ શારીરિક કષ્ટ અથવા પીડાના ભયથી પોતાનું કર્તવ્યકર્મને ત્યાગે, તો તે એવા રાજસિક ત્યાગ કરીને ત્યાગનું ફળ નથી મળતું. (૧૮.૦૮)."કર્મ કરવું એ કર્તવ્ય છે " એવું સમજીને, હે અર્જુન જે નિયત કર્મ- ફળની આસકિત ત્યાગીને- કરેલા છે, તેને સાત્વિક ત્યાગ મનાય છે. (૧૮.૦૯).જે મનુષ્ય અશુભ કર્મનો દ્વેષ નથી કરતો તથા શુભ કર્મમાં આસકત નથી થતો, તે સતોગુણથી સંપન્ન, સંશય વિનાનો, બુદ્ધિમાન અને ત્યાગી ગણાય છે.(૧૮.૧૦). મનુષ્ય માટે સંપૂણ રીતે બધા કર્મોનો ત્યાગ કરવો સંભવ નથી, એટલે જે બધા કર્મોના ફળમાં આસકિતનો ત્યાગ કરે છે, તે જ ત્યાગી કહેવાય છે.(૧૮.૧૧). કર્મોના ત્રણ પ્રકારના ફળ- સારા, ખરાબ અને મિશ્ર- મર્યા પછી કર્મફળમાં આસકિતનો ત્યાગ ન કરનારને મળે છે, પરંતુ ત્યાગીને કદી મળતું નથી . (૧૮.૧૨)

### કર્મના પાંચ કારણ

હે મહાબાહો, સાંખ્ય સિદ્ધાન્તને અનુસાર બધા કર્મોની સિદ્ધિને માટે આ પાંચ કારણ- સ્થૂલ શરીર, પ્રકૃતિના ગુણરૂપી કર્તા, પાંચ પ્રાણ, ઈન્દ્રિયો તથા ઈન્દ્રિયોના અધિષ્ઠાતા (મુખ્ય) દેવગણ- બતાવ્યા છે, તેને તું મારી પાસેથી સારી રીતે જાણી લે. (૧૮.૧૩-૧૪). મનુષ્ય પોતાની મન, વાણી અને શરીર દ્વારા જે કંઈ પણ ઉચિત અથવા અનુચિત કર્મ કરે છે, એનાં આ પાંચ કારણ છે.(૧૮.૧૫). એટલે જે કેવળ પોતે પોતાને (અથવા પોતાના શરીર અથવા આત્માને જ કર્તા માની લે છે, તે અજ્ઞાની મનુષ્ય અશુદ્ધ બુદ્ધિને લીધે સમજતો નથી. (૧૮.૧૬). જેમનુષ્યના અંતઃકરણમાં "હું કરું છું " નો ભાવ નથી તથા જેની બુદ્ધિ (કર્મ ફળની આકિતથી) લેપાથી નથી, તે આ બધા પ્રાણીઓને મારીને વાસ્તવમાં કોઈને મારતો નથી અને નથી પાપથી બંધાતો.(૧૮.૧૭). કર્મનું જ્ઞાન, જ્ઞાનનો વિષય (જ્ઞેય) અને જ્ઞાતા(જાણવાની વસ્તું, જ્ઞાન અને જાણનાર)- આ ત્રણ કર્મની પ્રેરણા છે. તથા કરણ (ઈન્દ્રિયાં), ક્રિયા અને કર્તા (પ્રકૃતિના ત્રણ ગુણો)- આ ત્રણ કર્મના અંગ છે.(૧૮.૧૮).

### જ્ઞાનના ત્રણ પ્રકાર

સાંખ્યશાસ્ત્ર પ્રમાણે જ્ઞાન, કર્મ અને કર્તા પણ ગુણોના ભેદથી ત્રણ પ્રકારના કહેવાયા છે. એને પણ તું મારી પાસેથી સારી રીતે જાણ. (૧૮.૧૯). જે જ્ઞાનથી મનુષ્ય વિભકત રૂપમાં રહેલાં સર્વ પ્રાણીઓમાં એક જ અવિભકત અને અવિનાશી પરમાત્માંને સમભાવથી રહેલાં જુએ છે, એ જ્ઞાનીને તું સાત્વિક જાણ.(૧૧.૧૩,૧૩.૧૬ પણ જોવો) (૧૮.૨૦). જે જ્ઞાનથી મનુષ્ય જુદા પ્રાણીાોના અસ્તિત્વમાં

(હોવું) અનેકતાનો અનુભવ કરે છે. એ જ્ઞાનને તું રાજસિક જાણ. (૧૮.૨૧). અને જે મૂર્ખતાપુર્ણ, તુચ્છ અને બેકાર જ્ઞાનથી મનુષ્ય શરીર જ બધુ છે માનીને એમાં આસકત થઇ જાય છે. તે જ્ઞાન તામસિક છે. (૧૮.૨૨).

### કર્મના ત્રણ પ્રકાર

જે કર્મ (શાસ્ત્રવિધિથી) નિયત અને કર્મ ફળની ઇરછા અને આસકિતથી રહિત છે તથા રાગ-દ્વેષ વગર કર્યુ હોય, તેને (કર્મ) સાત્વિક કહેવાય છે. (૧૮.૨૩). જે કર્મ ફળની કામનાવાળા, અહંકારી મનુષ્ય દ્વારા બહુજ પરિશ્રમથી કર્યુ હોય, તેને રાજસિક કહેવાય છે. (૧૮.૨૪). જે કર્મ પરિણામ, પોતાની હાની, બીજાને પીડા અને પોતાના સામર્થ્યનો ન વિચારી કેવળ મોહને (અજ્ઞાનને) લીધે કરે છે, તે કર્મ તામસિક કહેવાય છે. (૧૮.૨૫).

### કર્તાના ત્રણ પ્રકાર

જે કર્તા આસકિત અને અહંકારથી રહિત તથા ધૈર્ય અને ઉત્સાહથી યુકત તેમ જ કાર્યની સફળતા અને અસફળતામાં નિર્વિકાર (હર્ષ શોક વગરનો) રહે છે. તે કર્તા સાત્વિક કહેવાય છે. (૧૮.૨૮).

### બુદ્ધિના ત્રણ પ્રકાર

હે અર્જુન, હવે તું મારી પાસે ગુણોને અનુસાર બુદ્ધિ અને સંકલ્પના પણ ત્રણ ભેદ સંપૂર્ણપણે જુદા જુદા સાંભળ. (૧૮.૨૯). જે બુદ્ધિ પ્રવૃત્તિ અને નિવૃત્તિને, કર્તવ્ય અને અકર્તવ્યને, ભય અને અભયને તથા મુકિત અને બંધનને યથાર્થપણે જાણે છે, તે બુદ્ધિ સાત્વિક છે. (૧૮.૩૦). હે પાર્થ, જે બુદ્ધિથી મનુષ્ય ધર્મ અને અધર્મને તથા કર્તવ્ય અને અકર્તવ્યને સારી રીતે નથી જાણતો, તે બુદ્ધિ રાજસિક છે. (૧૮.૩૧). હે અર્જુન, જે બુદ્ધિ અજ્ઞાનને કારણ અધર્મને જ ધર્મ માની લે છે, એવી રીતે બધી વસ્તુને ઊલટી સમજે છે, તે બુદ્ધિ તામસિક છે. (૧૮.૩૨).

### સંકલ્પના ત્રણ પ્રકાર અને માનવ જીવનના ચાર લક્ષ્ય

જે સંકલ્પ દ્વારા કેવળ પરમાત્માને જ જાણવાનો ધ્યેયથી મનુષ્ય મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને ધારણ કરે છે, તે સંકલ્પ સાત્વિક છે. (૧૮.૩૩). હે પૃથાનંદન, ફળની ઇચ્છાવાળા મનુષ્ય જે સંકલ્પ દ્વારા ધર્મ, અર્થ અને કામને અત્યંત આસકિત પૂર્વક ધારણ કરે છે. તે સંકલ્પ રાજસિક છે. (૧૮.૩૪). હે પાર્થ, બુદ્ધિહીન મનુષ્ય જે ધારણશકિત દ્વારા નિદ્રા, ભય, ચિંતા, દુઃખ અને લાપરવાહીને નથી છોડતો, તે સંકલ્પ તામસિક કહેવાય છે. (૧૮.૩૫)

.

### આનંદના ત્રણ પ્રકાર

હે ભરતશ્રેષ્ઠ, હવે તું ત્રણ પ્રકારનાં સુખને પણ મારી પાસેથી સાંભળ. મનુષ્યને આધ્યાત્મિક સાધનાથી મળેલા સુખથી બધા દુઃખોનો અંત આવે છે. (૧૮.૩૬). એવા આત્મબુદ્ધિરુપી પ્રસાદથી ઉત્પન્ન સુખને-શરૂઆતમાં ઝેર (વિષ) જેવું, પરંતુ પરિણામમાં અમૃત જેવું હોય છે. તેને સાત્વિક સુખ કહે છે. (૧૮.૩૭). ઇન્દ્રિયોના ભોગથી ઉત્પન્ન સુખને-જે ભોગના સમયે તો અમૃત જેવું લાગે છે, પરંતુ જેનું પરિણામ વિષ જેવું હોય છે, તેને રાજસિક સુખ કહયું છે. (૫.૨૨ ને જોવો) (૧૮.૩૮). નિદ્રા, આળસ અને લાપરવાહીથી ઉત્પન્ન થયેલ સુખને, જે ભોગકાળમાં તથા પરિણામમાં પણ મનુષ્યને ભ્રમિત કરનારું છે, તેને તામસિક સુખ કહેવાયું છે. (૧૮.૩૯). પૃથ્વી પર અથવા સ્વર્ગના દેવતાઓમાં કોઇ પણ પ્રાણી પ્રકૃતિના આ ત્રણ ગુણોથી મુકત થઇ ન રહી શકે. (૧૮.૪૦).

### વ્યકિતની યોગ્યતાને અનુસાર શ્રમના વિભાજન

હે અર્જુન, ચાર વર્ણો-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રમાં કર્મના વિભાજન પણ મનુષ્યો ના ગુણથી ઉત્પન્ન થયેલા સ્વભાવના અનુસાર જ કરવામાં આવ્યા છે. (૪.૧૩ પણ જોવો) (૧૮.૪૧). શમ, દમ, તપ, શૌચ, સહિષ્ણુતા, સત્યાવાદિતા, જ્ઞાન, વિવેક અને આસ્તિક ભ ાવ- આ બ્રાહ્મણના સ્વભાવિક કર્મો છે. (૧૮.૪૨). શૌર્ય, તેજ, દૃઢ સંકલ્પ, દક્ષતા, યુદ્ધથી ન ભાગવું , દાન આપવું અને શાસન કરવું- આ બધા ક્ષત્રિયના સ્વભાવિક કર્મો છે. (૧૮.૪૩ ). ખેતી, ગૌપાલન તથા વ્યાપાર- આ બધા વૈશ્યના સ્વભાવિક કર્મો છે તથા શુદ્રનું સ્વભાવિક કર્મ સેવા કરવાનું છે. (૧૮.૪૪).

### કર્તવ્ય, સાધના, અને ભકિતથી મોક્ષની પ્રાપ્તિ

મનુષ્ય પોતપોતાનાં સ્વભાવિક કર્મ કરતા પરમ સિદ્ધિને કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે, તેને તું મારી પાસેથી સાંભળ. (૧૮.૪૫). જે પરબ્રહ્મ પરમાત્માંથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ થઇ છે અને જેનાથી આ આખું જગત વ્યાપેલું છે. એને પોતાના કર્મ દ્વારા પૂજન કરીને મનુષ્ય સિદ્ધિને પામે છે. (૯.૨૭, ૧૨.૧૦ પણ જોવો). (૧૮.૪૬). પોતાનું ગુણરહિત સહજ અને સ્વભાવિક કાર્ય આત્મવિકાસ માટે બીજા સારા અસ્વભાવિક કાર્યથી શ્રેયસ્કર (કલ્યાણકારી) છે, કારણ કે (નિષ્કામ ભાવથી) પોતાનુ સ્વભાવિક કાર્ય કરવાથી મનુષ્યને પાપ નથી લાગતું. (૩.૩૫ ને જોવો) (૧૮.૪૭). હે અર્જુન, પોતાનું દોષયુકત સહજ સ્વભાવિક કર્મને પણ ત્યાગ ન કરવું જોઇએઃ કારણ કે જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાય છે, તેમ જ સર્વે કર્મો કોઇને કોઇ દોષથી યુકત છે. (૧૮.૪૮). આસકિત રહિત, ઇરછા રહિત અને જીતેન્દ્રિય મનુષ્ય સંન્યાસ (એટલેકે સકામ કર્મોનો પરિત્યાગ) દ્વારા (કર્મના બંધનથી મુકત થઇ) પરમ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. (૧૮.૪૯). હે કૌન્તેય, નૈષ્કર્મ્ય- સિદ્ધિને પામીને સાધક કેવી રીતે તત્વજ્ઞાનની પરા (ઉત્તમ) નિષ્ઠા (શ્રદ્ધા) રાખી- પરમપુરુષને પામે છે, એને પણ મારી પાસેથી સંક્ષેપમાં સાંભળ. (૧૮.૫૦). વિશુદ્ધ બુદ્ધિથી યુકત, મનના દઢ સંકલ્પ દ્વારા આત્મસંયમ કરી, શબ્દાદિ વિષયોનો ત્યાગ કરી, રાગ- દ્વેષથી રહિત થઇ, એકાંતમાં રહીને, હલકું, સાત્વિક અને નિયમિત ભોજન કરીને, પોતાની વાણી, કર્મેન્દ્રિયો અને મનને સંયમિત કરી, પરમાત્માના ધ્યાનમાં સદૈવ (કાયમ) રહી, દઢ વૈરાગ્ય ધારણ કરી, અહંકાર, બળ, ઘમંડ, કામ, ક્રોધ અને

પરિગ્રહનો ત્યાગ કરી, મમત્વ વિનાનો અને શાંત મનુષ્ય પરબ્રહ્મ પરમાત્માને પામવાને યોગ્ય બને છે. (૧૮.૫૧-૫૩). આવી રીતે બ્રહ્મભાવને પામેલા, પ્રસન્ન ચિત્તવાળા સાધક ન તો કોઇ માટે શોક કરે છે, ન કોઇ વસ્તુની ઇચ્છા કરે છે. એવો બધાય પ્રાણીઓમાં સમભાવવાળા સાધક મારી પરાભકિતને પ્રપ્ત કરે છે. (૧૮.૫૪). શ્રદ્ધા અને ભકિત (અથવા પરાભકિત) દ્વારા જો "હું" તત્વને જાણી શકુ છું કે હું કોણ છું અને કયાં છું. મને તત્વથી જાણીને પછી તરતજ મનુષ્ય મારામાં પ્રવેશ કરે છે (મારુ સ્વરુપ થઇ જાઇ છે) (૫.૧૯ પણ જોવો) (૧૮.૫૫). મારો આશ્રય લેનાર (કર્મયોગી ભકત) સદાય સર્વ કર્મ કરતો છતાં પણ મારી કૃપાથી શાશ્વત અવિનાશી પદને પામે છે. (૧૮.૫૬). સઘળાં કર્મોને શ્રદ્ધા અને ભકિતપૂર્વક મને અર્પણ કર, મને તારું પરમ લક્ષ્ય માની મારા પર જ ભરોસો રાખ તથા નિષ્કામ કર્મયોગનો આશ્ર્ય લઇ નિરંતર મારામાં જ ચિત્ત પરોવ. (૧૮.૫૭). મારામાં ચિત્ત પરોવવાથી તું મારી કૃપાથી બધી મુશ્કેલીઓને પાર કરી જઇશ અને જો તું અહંકારને વશ થઇ મારા આ ઉપદેશને નહીં સાંભળે, તો તો તારું પતન થશે. (૧૮.૫૮).

### કર્મ- બંધન અને સ્વતંત્ર ઈચ્છા-શકિત

જો અહંકારવશ તું એવુ જો વિચારે કે 'હું યુદ્ધ નહીં કરીશ', તો તારો એવો વિચાર મિથ્યા છે, કારણ કે તારો સ્વભાવ તને બળજબરીથી યુદ્ધમાં જોડશે.(૧૮.૫૯). હે અર્જુન, તું પોતાના સ્વભાવિક કર્મ (ને સંસ્કારરૂપી બંધનો) થી બંધાયેલો છે, એટલે મોહને વશ થઈ જે કામ તું નથી કરવા માંગતો, તેને પણ તું પરવશ થઈને કરીશ.(૧૮.૬૦) . હે અર્જુન, ઈશ્વર (અથવા શ્રીકૃષ્ણ જ ) બધાં પ્રાણીઓના અંતઃકરણમાં રહીને પોતાની માયાથી પ્રાણીઓને યંત્ર ઉપર આરૂઢ કઠપૂતળીની જેમ નચાવે છે. (૧૮.૬૧). હે ભારત, તું પરાભકિત ભાવથી એ ઈશ્વરની જ શરણમાં જા, એની કૃપાથી તું પરમ શાંતિ અને શાશ્વત પરમધામને પામીશ. (૧૮.૬૨). મેં તને ગુહ્યથી પણ ગુહ્ય જ્ઞાન કહ્યું છે, હવે એના પર સારી રીતે થી વિચાર કરીને પછી તારી ઈચ્છા હોય, તેમ કર. (૧૮.૬૩).

### સમર્પણ, પ્રભુ-પ્રાપ્તિનો પરમ માર્ગ

મારા આ સર્વ ગુહ્યોમાં ગુહ્ય પરમ ઉપદેશને તું ફરી એક વાર સાંભળ, તું મને અત્યંત પ્રિય છે, એટલે હું તારા હિતની વાત કરીશ.(૧૮.૬૪).તું મારામાં તારું મન લગાડ, મારો ભકત બન, મારી પૂજા કર, મને નમસ્કાર કર. એવું કરવાથી તું મને અવશ્ય પામશે. હું તને આ સત્ય વચન આપું છું, કારણ કે તું મારો પ્રિય મિત્ર છે.(૧૮.૬૫). સંપૂર્ણ ધર્મોનો (અથવા પુણ્ય કાર્યોના પણ) પરિત્યાગ કરીને તું એક મારી જ શરણમાં આવી જા. શોક ન કર, હું તને સર્વ પાપો (અથવા કર્મના બંધનો) થી મુકત કરીશ.(૧૮.૬૬).

### પરમાત્માની પરમ સેવા તથા સર્વોત્મ દાન

(ગીતાનું) આ અતિ ગુહ્ય જ્ઞાનને તપરહિત અને ભકિતરહીત વ્યકિતઓને, અથવા જે એને સાંભળવા ન ઈચ્છતા હોય, અથવા જેને મારામાં શ્રદ્ધા ન હોય, એવા લોકોને કદી ન કહેવું.(૧૮.૬૭). જે વ્યકિત આ પરમ ગુહ્ય જ્ઞાનને મારા ભકતજનોમાં પ્રચાર અને પ્રસાર કરશે, તે મારી આ ઉત્તમ પરાભકિત કરીને નિઃસંદેહ મને પામશે. એનાથી વધારે પ્રિય મારુ કાર્ય કરનાર કોઈ મનુષ્ય થશે નહી, અને એનાથી વધારે પ્રિય આ પૃથ્વી પર કોઈ બીજો થશે નહી. (૧૮.૬૮-૬૯).

### ગીતાનો મહિમા

જે વ્યકિત આપણા બેનો આ ધર્મમય સંવાદનું અધ્યયન કરશે, એના દ્વારા પણ હું જ્ઞાનયજ્ઞથી પૂજિત થઈશ - આ મારું વચન છે.(૧૮.૭૦). તથા જે શ્રદ્ધા પૂર્વક - વગર આલોચન કરે (દ્વેષરહિત) - આને સાંભળશે, તે પણ સંપૂણ પાપોથી મુકત થઈ પુણ્યવાન લોગના શુભ લોકોને પામશે. (૧૮.૭૧). હે પાર્થ, શું તે એકાગ્રચિત્ત થઈ આને સાંભળ્યું? અને હે ધનંજય, શું તારો અજ્ઞાનને લીધે ભ્રમ (મોહ) પૂર્ણરૂપે નાશ પામ્યો? (૧૮.૭૨).

અર્જુન બોલ્યા - હે અચ્યુત, આપની કૃપાથી મારો ભ્રમ દૂર (નાશ) થઈ ગયો છે, અને મને જ્ઞાન થઈ ગયું છે. હવે હું સંશયરહિત થઈ ગયો છું અને હું આપની આજ્ઞાનું પાલન કરીશ. (૧૮.૭૩). સંજય બોલ્યા - આ પ્રમાણે મેં ભગવાન શ્રીકૃષ્ણ અને મહાત્મા અર્જુનનો આ અદ્દ્ભુત અને રોમાંચકારી સંવાદ સાંભળ્યો.(૧૮.૭૪). વ્યાસજીની કૃપાથી (દિવ્ય દૃષ્ટિ મેળવી) મેં આ પરમ ગુહ્ય જ્ઞાનને (અર્જુનને કહેતા) સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન પાસેથી સાંભળ્યું છે. (૧૮.૭૫). હે રાજન્, ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના આ પવિત્ર (એટલે કે કલ્યાણકારી) અને અદ્દ્ભુત સંવાદને વારંવાર યાદ કરીને હું વારંવાર હરખાઉ છું. (૧૮.૭૬). હે રાજન્ શ્રીહરિના અત્યંત અદ્દ્ભુત રૂપને પણ સંભારી સંભારીને મને અત્યંત આશ્ચર્ય થાય છે અને હું વારંવાર હરખાઉ છું. (૧૮.૭૭).

### સંતુલન જીવન માટે આત્મજ્ઞાન અને કર્મયોગ બંન્નેની જરૂરિયાત

સંજય બોલ્યા - જ્યાં પણ, જે દેશ અથવા ઘરમાં, (ધર્મ અથવા શાસ્ત્રધારી) યોગેશ્વર શ્રીકૃષ્ણ તથા (ધર્મ રક્ષા અને કર્મ રૂપી) શસ્ત્રધારી અર્જુન બંન્ને હશે, ત્યાં શ્રી, વિજ્ય, વિભૂતિ અને નીતિ વગેરે કાયમ બિરાજમાન રહેશે. એવો મારો અટળ વિશ્વાસ છે. (૧૮.૭૮).

ૐ તત્સદિતિ શ્રીમદ્દ્ભગવદ્દગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્દ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે મોક્ષસંન્યાસયોગો નામ અષ્ટાદશોડધ્યાયઃ ॥૧૮॥

હરિ ૐ તત્સત્ હરિ ૐ તત્સત્ હરિ ૐ તત્સત્
શ્રીકૃષ્ણાર્પણ અસ્તુ શુભં ભૂયાત
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
આ ગ્રંથ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત છે
પ્રભુ વાંચનારને સારાઈ, સમૃદ્ધિ અને શાંતિ પ્રદાન કરે